વાલ્લભ વિચારધારા

(સંક્ષિપ્ત પરિચય)

-ડૉ. જયેન્દ્ર સોની



સર્વસારનો સાર એ કે-

- સમગ્ર બ્રહ્માંડમાં 'તત્ત્વ' 'એક માત્ર જ અને અદ્વિતિય' છે.
- તે તત્ત્વનું નામ 'બ્રહ્મ' છે, જે સર્વત્ર વ્યાપ્ત છે.
- બ્રહ્મ-પરમાત્મા-ભગવાન, એક જ 'તત્ત્વ'ના નામ છે.
- શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મને જ 'પુરુષોત્તમ' અથવા 'કૃષ્ણ' નામથી ઓળખાવે છે.
- બ્રહ્મ 'સચ્ચિદાનંદ' છે. તેમાં સત્-ચિત્-આનંદ તત્ત્વો છે.
- બ્રહ્મ પોતે જ સૃષ્ટિમાં જડ-ચેતન પદાર્થો રૂપે પ્રગટ થયા છે.
- સત્ તત્ત્વમાંથી જડ પદાર્થો, સત્+ચિત્ તત્ત્વોમાંથી સમગ્ર પ્રાણી સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે.
- જીવ-જીવાત્મા-આત્મા એક જ તત્ત્વના નામ છે.
- જીવ ભગવાનનો અંશ છે. ભગવાન અંશી છે.
- જગત ભગવાનનું જ આધિભૌતિક સ્વરુપ છે, તેથી સત્ય છે.
- જડ-જીવમાં બ્રહ્મનું આનુંદ તત્ત્વ તિરોહિત (અપ્રગટ) છે.
- અવિદ્યાના કારણે જીવમાં અહંતા-મમતા, હું અને મારું એવી માન્યતા-ભ્રમણા ઉત્પન્ન થાય છે. તે માન્યતાને જ 'સંસાર' કહે છે. જે મિથ્યા છે.

(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)

વાલ્લભ વિચારધારા

સંક્ષિપ્ત પરિચય



'શાસ્ત્રં અવગત્ય, મનોવાગ્દેહૈઃ કૃષ્ણસેવ્યઃ'

આલેખક

ડૉ. જયેન્દ્ર સોની

પ્રકાશક

શ્રીવલ્લભ પ્રકાશન
વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮, મો. +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

વાલ્લભ વિચારધારા

(સંક્ષિપ્ત પરિચય)

© શ્રીવલ્લભ પ્રકાશન

આલેખક : **ડૉ. જયેન્દ્ર સોની**
એમ.એ., એડ. ડીપ્લોમા-વ.વેદાંત, પીએચ.ડી.

પ્રકાશક : **શ્રીવલ્લભ પ્રકાશન**
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

પ્રકાશન સહયોગ : ૫૦/-



પ્રાપ્તિસ્થાન : 'વલ્લભાશ્રય'
૧૦, બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮,
મો. : ૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

મુદ્રક : **ખુશી મલ્ટી પ્રિન્ટ્સ,**
એ/૬૦૮, જોયસ હબટાઉન,
એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર ચાર રસ્તા,
અમદાવાદ. ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫૫

નોંધ : આ પુસ્તિકા માત્ર એકવાર વાંચી જવા માટે નથી. તે મનનપૂર્વક વાંચવાથી જ શબ્દોના સંદર્ભ સમજાશે, અને તો જ તે શ્રી મહાપ્રભુજીના ગ્રંથો વાંચવા ઉપયોગી બનશે.

ઋણ-સ્વીકાર

પ.પૂ.ભગવદીયા
માતા કલા બા



જેમણે પોતાની કૂખે જન્મ આપી,
ગળથુથીમાં જ વૈષ્ણવી સંસ્કારોનું સિંચન કરી,
પોતાના સંઘર્ષમય જીવનમાં પોતે
શ્રીમદાચાર્ય ચરણોના
દિવ્ય સિદ્ધાંતોનું આચરણ કરી,
મારો પુષ્ટિભક્તિમાર્ગ એવમ્
તેના પ્રવર્તક શ્રી વલ્લભ–શ્રી વિઠ્ઠલના
ચરણ કમલોમાં દૃઢાશ્રય કરાવ્યો,
તેમના ચરણોમાં નતમસ્તકે
આ વાંગ્મય પુષ્પ અર્પણ.



હરિત્કૌસ્તુભ વ્યાપ્ત વક્ષોજદેશં
મહાવૈજન્તીલસદ્ ભૂષણાઙ્ગમ્ ।
કિરીટં ગદાચક્રશંખાન્ધરન્તં
ભજે સ્વામિની વલ્લભં દ્વારકેશં ।।

આચાર્ય ચરણદ્વન્દ્વં ભક્તિ જ્ઞાનાબ્જભાસ્કરમ્ ।
નમસ્યામિ મનઃ કર્મ વાગ્ભિરન્ત સ્તમોઽપહમ્ ।।

પ્રાક્કથન

સામાન્ય લોકોને વેદ-વેદાંત, ઉપનિષદ, તત્ત્વજ્ઞાન વગેરે ખુબ ભારે વિષય લાગતાં હોય છે. એક એવી ભ્રાંતિ મનમાં હોય છે કે આવા વિષયો ખુબ જ અઘરાં હોય છે. જેઓ શાસ્ત્રી વગેરે કક્ષાના અતિ વિદ્વાન હોય તે જ તેનો અભ્યાસ કરી શકે-સમજી શકે, આમલોકોને તેના અર્થ ન સમજાય. માટે સામાન્યતઃ તેઓ તેને વાંચવાનો પ્રયત્ન જ નથી કરતાં હોતાં.

મોટા ભાગના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની પણ એવી જ મનોદશા હોય છે. પરંપરાગત રીતે, ઘણું કરીને મા-બાપે જ કોઈક વલ્લભકુલ પાસે અલ્પવયમાં જ બ્રહ્મસંબંધની દીક્ષા લેવડાવી હોય, જે સમજણાં થતાં કદાચ યાદ પણ ન હોય. અનુકૂળતાએ, ગામમાં કોઈ હવેલી હોય તો ત્યાં દર્શન કરી આવવા અને યથાશક્તિ ભેટની રસીદ ફડાવી પ્રસાદ પ્રાપ્ત કરી લેવો, તેને જ વૈષ્ણવ હોવાની સાર્થકતા માની લેવાતી હોય છે. ભગવદ્ કૃપાથી જો આર્થિક સમૃદ્ધિ હોય તો મંદિરમાં કોઈ મનોરથ કરાવી ધન્યતા અનુભવાય છે. ક્યારેક ‘મુખ્ય મનોરથી’ તરીકે પ્રસિદ્ધિ પણ મળે તે આડલાભ થતો હોય છે. કદાચ ઘરમાં પણ જો વડિલ ગૃહસેવા કરતાં હોય તો તેમાં પણ સાક્ષીભાવ રાખી, અથવા જો હૃદયનો ભાવ હોય તો શારીરિક કે આર્થિક યોગદાન આપતાં હોય છે, અથવા વડિલો પ્રત્યે પૂજ્યભાવને કારણે તેમને સહન કરી લેવાની સૌજન્યતા દાખવતાં જોવા મળે છે. સામાન્યપણે આવું ચિત્ર કહેવાતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું દશ્યમાન થાય છે, જે હકિકત આપણા સૌના ઘરની છે.

કદાચ પુષ્ટિમાર્ગમાં થોડી વધુ રુચિ હશે અને સમયની અનુકૂળતા હશે તો આપણે ધોળ-પદ ગાતાં કે સ્તોત્રપાઠ કરતાં હોઈશું. ભાવ-ભાવનાના પુસ્તકો વાંચતા હોઈશું કે સત્સંગના રુપમાં સાંપ્રદાયિક પત્રિકાઓ, વાર્તા સાહિત્ય કે શિક્ષાપત્ર ઈત્યાદિ ગ્રંથોનું શ્રવણ-વાંચન કરતાં હોઈશું અને તેનું મનને રુચે કે સમજાય તેમ અર્થઘટન કરતાં હોઈશું.

પરંતુ શું આપણે ક્યારેય વિચાર્યું છે કે આ બધી ક્રિયા-કર્તવ્યોનો હેતુ શું ? તાત્પર્ય શું ? અને જો તે વિશે આપણે જ અનભિજ્ઞ હોઈએ તો આપણા સંતાનોને આપણે તે કેવી રીતે સમજાવી શકીએ ?

શું નથી લાગતું કે આ એક મહત્વનો પ્રશ્ન છે ? પરંતુ એ દિશામાં આપણું ક્યારેય લક્ષ નથી ગયું. ‘આગે સે ચલી આતી હૈ’ એવી સ્થિતિને આપણે સ્વીકારી લીધી છે અને આપણી રુઢીગત પરંપરા આપણે આગળ વધારીએ છીએ.

જો આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ, વલ્લભીય વૈષ્ણવ છીએ, તો આપણા સૌના એકમાત્ર ગુરુ શ્રી વલ્લભાચાર્યજી છે. વર્તમાનમાં સમગ્ર વલ્લભકુલમાં તેઓ બિરાજે છે. આપણા દીક્ષાદાતા ગુરુ જે વલ્લભવંશજ છે, તેઓ શ્રી મદાચાર્ય ચરણની કાનીથી જ આપણને ‘બ્રહ્મસંબંધ’ કરાવે છે. તેથી આપણો તેમના પ્રત્યેનો ભાવ શ્રી વલ્લભાચાર્યજીનો જ હોવો જોઈએ. આમ જો આપણે શ્રી વલ્લભાચાર્યજીને આપણા ગુરુ તરીકે સ્વીકાર્યા હોય તો તેમની આજ્ઞાઓનું પાલન આપણો સહજ ધર્મ બની જાય છે. તે મુજબનું વર્તન જ આપણને ‘પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ’ કહેવડાવવાનો હક્ક આપે છે.

પુષ્ટિમાર્ગ એ સ્નેહાત્મિકા ભક્તિનો માર્ગ છે. એ સાચું છે કે શ્રીમહાપ્રભુજીએ ‘કૃષ્ણસેવા’ને પ્રત્યેક પુષ્ટિ જીવના અનિવાર્ય કર્તવ્ય તરીકે, સ્વધર્મ તરીકે બતાવી છે. ‘સર્વાત્મ ભાવથી વ્રજાધિપ શ્રી કૃષ્ણને ભજવા એ જ જીવ માત્રનો ધર્મ છે,’ તેમ સ્પષ્ટ પણે તેમણે નિર્દેશ કર્યો છે. પરંતુ આપણે તેમની આ આજ્ઞાની પૂર્વ શરત શું છે તે જાણવા–સમજવાની ક્યારેય દરકાર કરી નથી.

શ્રી મદાચાર્યચરણે સ્પષ્ટપણે પોતાના વિશિષ્ટ ગ્રંથ ‘તત્ત્વાર્થદીપ નિબંધ’માં આજ્ઞા કરી છે, તેને આપણે ધ્યાનપૂર્વક લક્ષમાં લેવી આવશ્યક છે. તેઓ કહે છે :

‘શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ’ અર્થાત્ શાસ્ત્રને સારી રીતે જાણી–સમજીને મન, વાણી અને દેહ દ્વારા કૃષ્ણની સેવા કરવી. આ તેમની અતિ સારગર્ભિત આજ્ઞા છે. તેના પર વિચાર કરવો જરૂરી છે.

ભક્તિની વ્યાખ્યા કરતાં તેઓ સમજાવે છે કે **‘ભગવાનમાં માહાત્મ્ય જ્ઞાન પૂર્વક અને તેમનામાં સુદૃઢ, સર્વતોધિક સ્નેહ હોવો તેનું નામ ભક્તિ’** છે. આપણે જાણીએ છીએ કે ‘પુષ્ટિમાર્ગ’ એ વિશિષ્ટ પ્રકારની ભક્તિનો, પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ છે. ‘સ્નેહાત્મિકા ભક્તિ’ પુષ્ટિમાર્ગનું મહત્વનું

અંગ ગણાય. ભક્તિના બે અંગ શ્રી મહાપ્રભુજીએ બતાવ્યા છે. પહેલું **'ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન'** અને બીજું **'તેમનામાં ન ડગે તેવો અત્યધિક સ્નેહ'.**

આપણે જરા શાંતિથી વિચારીએ કે ભક્તિના આ બે અંગોનું તાત્પર્ય શું ?

જો આપણે ભગવાનના માહાત્મ્યજ્ઞાનને જાણીએ તો આપણો તેમનામાં આશ્રય-શરણાગતિ સિદ્ધ થાય. લૌકિકમાં પણ આપણે તેવી વ્યક્તિને શરણે જઈશું જેનું વિશિષ્ટ માહાત્મ્ય હોય, જે તાકતવર, સમૃદ્ધ હોય; અને સ્નેહના કારણે આપણે ભગવાનને આપણું સર્વસ્વ સમર્પણ કરીશું. લૌકિકમાં પણ આપણે આપણા સંતાનો, પતિ કે પત્નિ પ્રત્યે સમર્પિત થતાં હોઈએ છીએ તેના મૂળમાં આપણો તેમના પ્રત્યેનો અક્ષુણ્ણ પ્રેમ જ રહેલો હોય છે.

આમ ભગવાનના માહાત્મ્યજ્ઞાનથી અને તેમના પ્રત્યેના અત્યંત સ્નેહના કારણે જ્યારે તેમની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી તેમને સર્વ સમર્પિત થઈ તેમની સેવા કરીએ તે સાચી ભક્તિ કહેવાય, જેનાથી પ્રભુ પ્રસન્ન થઈ શકે.

કૃષ્ણનું માહાત્મ્યજ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જ ઉપર કહ્યું તેમ શ્રી મહાપ્રભુજી શાસ્ત્રને જાણવાની-સમજવાની આજ્ઞા કરે છે.

શાસ્ત્ર એટલે વેદ-ગીતા-ભાગવત વગેરે ગ્રંથો. સામાન્યતઃ એ બહુ જ ગહન ગ્રંથો છે જે સમજવા કઠીન છે. તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો મુશ્કેલ પણ છે. કદાચ તે માટે આપણી પાસે પૂરતો સમય પણ નથી. એટલે જ શ્રીમદાચાર્ય ચરણે આપણા ઉપર અતિ અનુગ્રહ વરસાવી આ ગૂઢ શાસ્ત્રોનું દોહન કરી, મંથન કરી, તેનો સાર પોતાના નિબંધ, ષોડશ ગ્રંથો ઈત્યાદિ ગ્રંથોમાં રજૂ કર્યો છે, જેથી આપણા જેવા અબોધ વ્યક્તિ શાસ્ત્રની દુર્બોધ વાણીને જાણી-સમજી શકે.

આ ગ્રંથોમાં આ શાસ્ત્રોનું ગહન જ્ઞાન-તત્ત્વજ્ઞાન સમાયેલું છે. અહીં એ જ્ઞાનને શાસ્ત્રીય ભાષામાં કે વિદ્વાનોની ભાષામાં નહીં, પરંતુ બાલમંદિરના કે 'કે.જી.'ના વિદ્યાર્થીઓને સમજાય તેવી સરલ ભાષામાં પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

'વલ્લભ વેદાંત' એ શ્રીમહાપ્રભુજીનું 'તત્ત્વદર્શન' છે, વેદોપનિષદની આજ્ઞાઓનું તેમણે કરેલું તે અર્થઘટન છે. આ તેમનો **'વિચારપક્ષ'** છે. આપણે ભગવત્ સેવા–સ્મરણ ઈત્યાદિ જે કરીએ છીએ તે પુષ્ટિમાર્ગીય **'આચાર'** છે. 'આચાર' અને 'વિચાર' બન્ને એક બીજાના પૂરક છે, બન્ને આવશ્યક છે. કેવળ 'વિચાર' કે સિદ્ધાંત હોય અને તેનું વ્યવહારિક 'આચરણ' ન કરવામાં આવે તો માત્ર સિદ્ધાંત જાણવાથી કલ્યાણ ન થઈ શકે. તેવી જ રીતે સિદ્ધાંત સમજ્યા વગર કેવળ 'આચાર' પણ કારગત ન નિવડી શકે, કેમ કે તેમાં આપણી નિષ્ઠા ન બને. માટે જ જો આપણે સાચા પુષ્ટિમાર્ગીય છીએ, શ્રી મહાપ્રભુજીમાં ગુરુ તરીકેની શ્રદ્ધા–વિશ્વાસ ધરાવીએ છીએ, તો તેમના સિદ્ધાંતોને – તેમના તત્ત્વદર્શનને જાણવા સમજવા જરૂરી ગણાય. તેથી આપણે જે આચરણમાં મૂકી રહ્યા છીએ તે તેમની આજ્ઞાનુસાર છે કે નહીં તે જાણી શકાય, એટલું જ નહીં પરંતુ આપણા આચરણમાં આપણી નિષ્ઠા દૃઢ થાય.

આ આલેખનનો હેતુ શ્રી મહાપ્રભુજીની આજ્ઞા **'શાસ્ત્રમ્ અવગત્ય'**માં આપને સહાયભૂત થવા માત્રનો છે.

આ પુસ્તકના ચોર્યાશીમાંનું પ્રત્યેક પાનું **'વલ્લભ વેદાંત'** અર્થાત્ શ્રીવલ્લભની વિચારધારાના એક એક વિષયને રજૂ કરે છે, તેનો સંક્ષિપ્ત પરિચય આપે છે. જિજ્ઞાસુ વાંચક જો શરૂઆતથી ક્રમશઃ વાંચન કરશે તો 'વાલ્લભ તત્ત્વદર્શન'ની રુપરેખા સમગ્ર પણે સમજી શકશે, કારણ કે બધા જ પાનાના વિષય ક્રમશઃ જોડાયેલ છે, તેમાં અનુસંધાન છે.

આ પ્રસ્તુતિકરણનો આશય શ્રી મહાપ્રભુજીની વિચારધારાને માત્ર પ્રાથમિક સ્તર પર રજુ કરવાનો છે. વધુ જ્ઞાન પિપાસા હોય અથવા ઉદ્ભવે તો આપશ્રીના મૂળ ગ્રંથોનો અભ્યાસ કરવો જરૂરી ગણાય, જે ગુજરાતી–હિન્દી–અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. આ નાનકડી પુસ્તિકાથી વાંચકને 'વલ્લભ વેદાંત'ની ઉંડાણપૂર્વક જાણવાની રુચી થશે તેવી અપેક્ષા–આશા છે.

અસ્તુ.

સ્નાન યાત્રા – જેષ્ટાભિષેક

ડૉ. જયેન્દ્ર સોની

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પા.નં.
૧.	તત્વજ્ઞાન-તત્વદર્શન	૧
૨.	વાલ્લભ તત્વદર્શન	૨
૩.	વેદ-વેદાંત	૩
૪.	બ્રહ્મસૂત્રો અને ભાષ્ય	૪
૫.	દર્શન શાસ્ત્રો	૫
૬.	ષટદર્શન	૬
૭.	વેદાંત દર્શન	૭
૮.	શ્રીવલ્લભાચાર્યજીનું ગ્રંથ સાહિત્ય	૮
૯.	ષોડશગ્રંથો	૯
૧૦.	અણુભાષ્ય	૧૦
૧૧.	સુબોધિની	૧૧
૧૨.	તત્વાર્થદીપનિબંધ	૧૨
૧૩.	મંગળાચરણ	૧૩
૧૪.	નિબંધના પ્રકરણો	૧૪
૧૫.	શાસ્ત્રાર્થ પ્રકરણ	૧૫
૧૬.	સર્વનિર્ણય પ્રકરણ	૧૬
૧૭.	ભાગવતાર્થ પ્રકરણ	૧૭
૧૮.	બ્રહ્મ-પરમાત્મા-ભગવાન	૧૮
૧૯.	પ્રમાણ-પ્રમેય	૧૯
૨૦.	શબ્દપ્રમાણ	૨૦
૨૧.	વાલ્લભ પ્રમાણવ્યવસ્થા	૨૧
૨૨.	પ્રમાણ ચતુષ્ટય	૨૨
૨૩.	પ્રમાણોની એકવાક્યતા	૨૩
૨૪.	સાધન-ફળ	૨૪
૨૫.	કારણ-કાર્યસંબંધ	૨૫
૨૬.	મૂળભૂત પ્રશ્નો	૨૬
૨૭.	માયાવાદ	૨૭
૨૮.	વિવર્તવાદ	૨૮
૨૯.	કેવલાદ્વૈતવાદ	૨૯
૩૦.	વાલ્લભમત	૩૦
૩૧.	શુદ્ધાદ્વૈત વેદાંત	૩૧
૩૨.	શુદ્ધાદ્વૈતવેદાંતના મૂળભૂત સિદ્ધાંત	૩૨
૩૩.	બ્રહ્મવાદ	૩૩
૩૪.	વિરુદ્ધ ધર્માશ્રયતાવાદ	૩૪
૩૫.	સત્કારણતાવાદ	૩૫
૩૬.	સત્કાર્ય વાદ	૩૬
૩૭.	અભિન્નનિમિત્તોપાદાન-કારણતા વાદ	૩૭
૩૮.	આવિર્ભાવ-તિરોભાવ વાદ	૩૮
૩૯.	અવિકૃત પરિણામ વાદ	૩૯
૪૦.	તાદાત્મ્ય વાદ	૪૦
૪૧.	લીલાર્થ સૃષ્ટિવાદ	૪૧
૪૨.	પરમ તત્વ	૪૨
૪૩.	બ્રહ્મ તત્વ	૪૩
૪૪.	સચ્ચિદાનંદ બ્રહ્મ	૪૪
૪૫.	બ્રહ્મના સ્વરૂપ	૪૫

ક્રમ	વિષય	પા.નં.
૪૬.	અક્ષર બ્રહ્મ	૪૬
૪૭.	કાળ-કર્મ-સ્વભાવ	૪૭
૪૮.	કારણ-બ્રહ્મ	૪૮
૪૯.	કાર્ય-બ્રહ્મ	૪૯
૫૦.	જગત	૫૦
૫૧.	જીવાત્મા	૫૧
૫૨.	અંતર્યામિ	૫૨
૫૩.	વિદ્યા-અવિદ્યા	૫૩
૫૪.	સંસાર	૫૪
૫૫.	અધ્યાસનિવૃત્તિ	૫૫
૫૬.	માયા	૫૬
૫૭.	દૈવી-આસુરી સૃષ્ટિ	૫૭
૫૮.	જીવના પ્રકાર	૫૮
૫૯.	પુરુષાર્થ	૫૯
૬૦.	મુક્તિ-મોક્ષ	૬૦
૬૧.	સાધન-મીમાંસા	૬૧
૬૨.	કર્મમાર્ગ	૬૨
૬૩.	જ્ઞાનમાર્ગ	૬૩
૬૪.	ભક્તિમાર્ગ	૬૪
૬૫.	પુષ્ટિમાર્ગ	૬૫
૬૬.	ભક્તિ	૬૬
૬૭.	દેહધર્મ-આત્મધર્મ	૬૭
૬૮.	મર્યાદભક્તિ	૬૮
૬૯.	નવધાભક્તિ	૬૯
૭૦.	પુષ્ટિભક્તિ	૭૦
૭૧.	બ્રહ્મસંબંધ	૭૧
૭૨.	સમર્પણ	૭૨
૭૩.	શરણાગતિ	૭૩
૭૪.	વિવેક-ધૈર્ય-આશ્રય	૭૪
૭૫.	અનન્યાશ્રય	૭૫
૭૬.	સેવા	૭૬
૭૭.	કૃષ્ણ સેવા સદા કાર્યા	૭૭
૭૮.	સેવાફળ	૭૮
૭૯.	નિરોધ	૭૯
૮૦.	સર્વાત્મભાવ	૮૦
૮૧.	સત્સંગ	૮૧
૮૨.	શુદ્ધાદ્વૈત ધર્મદર્શન	૮૨
૮૩.	પુષ્ટિજીવન દર્શન	૮૩
૮૪.	નિર્ગુણ ભક્તિમાર્ગ પુષ્ટિ માર્ગના વિશિષ્ટ લક્ષણો	૮૪

પુષ્ટિમાર્ગમાં ૮૪નો અંક અનેક રીતે સીમાચિન્હ છે. જીવ ચૌર્યાશી લાખ યોનિમાં ભ્રમણ કરે છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની લીલા સ્થળી-વ્રજ મંડલનો વિસ્તાર ચોરાશી કોસ છે. શ્રી મહાપ્રભુજીએ શરણે લીધેલા સેવકો ચોરાશી, તેમની બેઠકો ચોરાશી. તદર્થ-/સંક્ષિપ્તમાં તેમની તાત્વિક વિચારધારાને અહીં ચોરાશી શિર્ષક હેઠળ પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧

તત્ત્વજ્ઞાન – તત્ત્વદર્શન

‘તત્ત્વજ્ઞાન’ એટલે શું ?

સંસ્કૃતમાં **‘ઈદમ્’** શબ્દનો અર્થ છે–‘આ’, જે દશ્યમાન છે તે **‘જગત’**. તેનાથી વિપરીત તે **‘તત્’**, જે જગત્‌ની પેલે પાર રહેલું છે, જે દેખાતું કે અનુભવાતું નથી. ‘તે’ તમે છતાં તે બન્ને અભિન્ન છે, અખંડ છે, તેને **‘તત્ત્વ’** કહેવાય. **‘તત્ત્વ’** વિશેનું જ્ઞાન એટલે **‘તત્ત્વજ્ઞાન’**. તેને **‘અધ્યાત્મ વિદ્યા’** પણ કહેવાય છે.

‘તત્ત્વદર્શન’ કોને કહેવાય ?

ભારતીય પરંપરામાં ‘તત્ત્વજ્ઞાન’ માટે **‘દર્શન’** શબ્દનો પ્રયોગ પણ થાય છે. પ્રાચીન ઋષિઓને સમાધિમાં એ તત્ત્વનું, ‘પરમ સત્ય’નું પ્રત્યક્ષ દર્શન થયું હતું. તેથી તેઓ વેદના **‘સ્રષ્ટા’** નહીં પણ **‘દ્રષ્ટા’** હતાં. તેમણે જે જોયું તે વિશેનું જ્ઞાન પ્રસ્તુત કર્યું તે **‘દર્શન’** કહેવાયું. આત્મા–પરમાત્મા જેવી ઈન્દ્રિયાતીત વસ્તુઓનું વિશદ્–અસંદિગ્ધ જ્ઞાન તેને **‘દર્શન’** કહેવાય. આમ **‘તત્ત્વજ્ઞાન’** અને **‘તત્ત્વદર્શન’** સમાનાર્થી શબ્દો છે.

‘પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન’ માત્ર મન, બુદ્ધિ, ચેતના, તેના પારસ્પારિક સંબંધ ઈત્યાદિ દષ્ટિકોણથી વિચારે છે, જ્યારે ભારતીય ‘દર્શન’ આધ્યાત્મિક આંતરખોજનો દષ્ટિકોણ ધરાવે છે. તે ‘અધ્યાત્મ વિદ્યા’ છે, જે વિવેચનાત્મક અને પૃથક્કરણ પદ્ધતિથી પ્રાપ્ત કરેલું જ્ઞાન છે. ભારતીય તત્ત્વદર્શન એ **‘જીવન દર્શન’** છે. તે માનવ જીવનના સ્તરને સુધારવા, તેનું ઉર્દ્વીકરણ કરવા માટે વ્યવહારિક ઉપાયો બતાવે છે.

પ્રાચીન ઋષિ મુનિઓને સમાધિ અવસ્થામાં જે અનુભૂતિ પ્રાપ્ત થઈ, અને તેના તથ્યો પર તેઓને, આપસમાં વિચાર વિમર્શ કરવાથી જે સત્ય સાંપડ્યું, તે જ ભારતીય **‘તત્ત્વદર્શન’**નો આધાર છે.

માનવજીવનની આંટી–ઘૂંટી સમજવા માટે **‘તત્ત્વજ્ઞાન’** અથવા **‘તત્ત્વદર્શન’** ઉપયોગી છે.

૨

વાલ્લભ તત્ત્વદર્શનનો ઉદ્દેશ્ય

કોઈપણ સંપ્રદાયની પરિપૂર્ણતા માટે બે પક્ષોનું હોવું આવશ્યક છે. (૧) **તત્ત્વદર્શન** અને (૨) **ધર્મદર્શન**. તત્ત્વદર્શન તેનો ‘વિચારપક્ષ’કે સૈદ્ધાંતિક વિચારધારા છે. તેને ‘પ્રમેયપક્ષ’ પણ કહેવાય. ‘ધર્મ દર્શન’એ તેનો આચાર, વ્યવહાર અથવા સાધના પક્ષ છે. આમ ‘તત્ત્વદર્શન’ અને ‘ધર્મદર્શન’ એ બન્ને એક જ સિક્કાની બે બાજુ છે, એક બીજાની પૂરક છે. **‘સાકાર બ્રહ્મવાદ’** અથવા **‘શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ’** એ વલ્લભ સંપ્રદાયનું **‘તત્ત્વદર્શન’** છે જ્યારે **‘પુષ્ટિભક્તિમાર્ગ’** તેનો ‘આચાર પક્ષ’ કે તેની ‘સાધના પ્રણાલી’ છે. કોઈપણ સંપ્રદાયની ધર્મ-સાધનામાં અગ્રેસર થવા માંગતા અનુયાયીઓ માટે તેના તત્ત્વદર્શનનું જ્ઞાન અતિ આવશ્યક ગણાય, જે સિદ્ધાંતોને વ્યવહારમાં આચરવાનું સમજાવે છે.

શ્રી વલ્લભાચાર્યજી સૃષ્ટિનો બે દૃષ્ટિથી વિચાર કરે છે. (૧) **તત્ત્વદૃષ્ટિ** અને (૨) **લીલાદૃષ્ટિ**. સૃષ્ટિમાં મૂલભૂત તત્ત્વ શું ? સૃષ્ટિનું વાસ્તવિક સ્વરૂપ શું ? તેનું સંચાલન કેવી રીતે અને કોણ કરતું હશે. ઈત્યાદિ પ્રશ્નોની છણાવટ તે તેમની **‘તત્ત્વ દૃષ્ટિ’** છે. જ્યારે સૃષ્ટિના અસ્તિત્વનું કારણ, જડ-ચેતન સૃષ્ટિની વિવિધતા, તેમાં કોઈ હીન તો કોઈ શ્રેષ્ઠ, કોઈ સુખી કે કોઈ દુઃખી, કોઈકને સ્વર્ગ મળે તો કોઈને નર્ક મળે ઈત્યાદિ અનેક બાબતોનું ચિંતન તે તેમની ‘લીલાદૃષ્ટિ’ છે. આ બન્ને દૃષ્ટિ એકબીજાની પૂરક છે.

સૃષ્ટિના આવા રહસ્યોને જાણવા તે ‘તત્ત્વદર્શન’નો ઉદ્દેશ્ય છે, જ્યારે તેમાં વિદ્યમાન તત્ત્વને પામવું તે ‘ધર્મદર્શન’નો ઉદ્દેશ્ય છે.

વેદાદિ શાસ્ત્રોના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાનું **‘તત્ત્વદર્શન’** અને **‘ધર્મદર્શન’** પ્રસ્તુત કર્યું છે.

જો આપણે શ્રી વલ્લભાચાર્યજીના અનુયાયી હોઈએ તો તેમનું ‘તત્ત્વદર્શન” તેમજ ધર્મદર્શન જાણવું જોઈએ.

આવો, શ્રી વલ્લભના વિચારો જાણીએ

૩

વેદ – વેદાંત

ભારતીય સંસ્કૃતિ પ્રાચીનત્તમ મનાય છે. તેનો મૂળભૂત ગ્રંથ તે **'વેદ'** છે. વેદનો અર્થ થાય 'જ્ઞાન'. વેદમાં પરમાત્મા વિષયક સર્વજ્ઞાન રહેલું છે. વેદ સનાતન છે, ચિરંતન છે, અનાદિ છે. અન્ય ધર્મોના ધર્મગ્રંથોની માફક તેની કોઈ વ્યક્તિ વિશેષે રચના કરી નથી. તેથી તેને **'અપૌરુષેય'** કહેવાય છે. તે ઈશ્વરીય વાણી છે. તે ભગવાનના નિશ્વાસરૂપ છે. ભારતીય તત્ત્વદર્શનની તે આધારશીલા ગણાય.

વેદવ્યાસજી ભગવાનના જ્ઞાનાવતાર હતાં. તેમણે ભારતના ખુણે ખુણેથી પ્રાચીન ઋષિમુનિઓએ પ્રાપ્ત કરેલા જ્ઞાનને એકત્રીત કરી તેને ચાર વેદોમાં સંકલિત કર્યા છે. આમ ચાર વેદો અસ્તિત્વમાં આવ્યા. (૧) **ઋગ્વેદ**, (૨) **યજુર્વેદ**, (૩) **સામવેદ** અને (૪) **અથર્વવેદ.**

ચાર વેદ ઉપરાંત ચાર ઉપવેદો પણ છે, જેમાં માનજીવનને લગતી વિવિધ બાબતો આવરી લેવામાં આવી છે. તે છે (૧) **આયુર્વેદ**, (૨) **ધનુર્વેદ**, (૩) **ગાંધર્વવેદ** અને (૪) **સ્થાપત્યવેદ.**

પ્રત્યેત વેદના ચાર વિભાગ છે. (૧) **મંત્ર**, (૨) **બ્રાહ્મણ**, (૩) **આરણ્યક** અને (૪) **ઉપનિષદ.** 'મંત્ર' અને 'બ્રાહ્મણ' વિભાગને **'પૂર્વકાંડ'** અથવા **'કર્મકાંડ'** કહેવાય છે, તેમાં ધર્મ મુજબ જીવનમાં આચરણ કેમ કરવું તે બતાવ્યું છે. તેમાં વિવિધ પ્રકારના યજ્ઞોનું નિરુપણ કરવામાં આવ્યું છે. 'આરણ્યક' અને 'ઉપનિષદ'ના વિભાગને **'ઉત્તરકાંડ'** અથવા **'જ્ઞાનકાંડ'** કહેવાય છે, કારણ કે તેમાં પરમાત્માની જ્ઞાનવિષયક ચર્ચા કરવામાં આવી છે.

'ઉપનિષદ' ને **'વેદાંત'** પણ કહેવાય છે કારણ કે તે વેદનો અંતિમ ભાગ છે તેમજ વેદના સાર રૂપ પણ છે. વેદ ને **'શ્રુતિ'** પણ કહેવાય છે, કારણ કે ઋષિ–મુનિઓ તે સમાધિમાં શ્રવણ કરેલ છે.

૪

બ્રહ્મસૂત્રો અને ભાષ્ય

ભગવાન વેદ વ્યાસજીએ વેદ–ઉપનિષદના વિશદ્ જ્ઞાનને સૂત્રાત્મક (સંક્ષિપ્ત શબ્દ સમૂહ)ના રૂપે રજૂ કર્યા છે. તે '**બ્રહ્મસૂત્રો**'ને નામથી ઓળખાય છે. સમગ્ર વેદોને યાદ રાખવા મુશ્કેલ છે, પરંતુ સૂત્રરૂપે તેને યાદ રાખી શકાય. આવા સૂત્રોની સંખ્યા ૫૫૪ છે. આ સૂત્રોમાં બ્રહ્મ, જીવ, જગત વિશેના જ્ઞાનનો ભંડાર ભરેલો છે. પ્રથમ સૂત્ર છે – '**અથાતો બ્રહ્મજીજ્ઞાસા**' બ્રહ્મ વિશે જાણવાની જો આપણને જીજ્ઞાસા થાય તો બ્રહ્મને જાણી શકાય, સમજી શકાય, માણી શકાય. 'જીજ્ઞાસા'ને જ્ઞાનની જનની કહેવાય. કોઈપણ વિષયનું જ્ઞાન મેળવતાં પહેલા આપણાં મનમાં તે વિશે ઉત્કંઠા થવી જોઈએ. જો જાણવાની તીવ્ર ઉત્કંઠા હોય તો જ તેનો મર્મ જાણી શકાય.

બ્રહ્મસૂત્રોમાં સમગ્ર વેદ–ઉપનિષદનું જ્ઞાન સમાયેલ છે. પરંતુ તે સૂત્રરૂપે હોવાથી સામાન્ય મનુષ્ય માટે તે સમજવા ખૂબ અઘરા છે. આને ધ્યાનમાં લઈ આપણા આચાર્યો એ તેનો વિસ્તારથી ખુલાસો કરવા તેના પર ભાષ્યની રચના કરી છે. '**ભાષ્ય**' એટલે કોઈ ગ્રંથના બીજા આચાર્યોએ કરેલા અર્થઘટનને લક્ષ્યમાં લઈ દલીલપૂર્વક, શાસ્ત્રોના પ્રમાણ સાથે પોતાનો અર્થ રજૂ કરવો. આદિ શંકરાચાર્યથી લઈ રામાનુજાચાર્ય, મદ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય તથા શ્રીવલ્લભાચાર્યજી એ પ્રત્યેક આચાર્યે બ્રહ્મસૂત્રો પર પોતપોતાના ભાષ્યની રચના કરી છે. તે આચાર્યોના ભાષ્ય અનુક્રમે – '**શારીરિક ભાષ્ય**' (શાંકરભાષ્ય), '**શ્રી ભાષ્ય**', '**પ્રજ્ઞપૂર્ણ**', '**પારિજાત સૌરભ**' અને '**અણુભાષ્ય**'ના નામથી પ્રસિદ્ધ છે. આ ભાષ્યોમાં થયેલી છણાવટ પ્રત્યેક આચાર્યની વેદાંત વિચારધારાને પ્રસ્તુત કરે છે.

૫

દર્શન - શાસ્ત્રો

આપણા આર્ષદૃષ્ટા ઋષિમુનિઓએ સમાધિમાં જે તત્ત્વને નિહાળ્યા તે તેમનું 'દર્શન' કહેવાયું. મનુષ્ય હંમેશા તાત્ત્વિક પ્રશ્નોને સમજવાની કોશિષ કરતો રહ્યો છે. આ વિશ્વ શું છે ? જડ-ચેતન સૃષ્ટિ અસ્તિત્વમાં કેવી રીતે આવી ? તે સત્ય છે કે છલના માત્ર ? તેનો કોઈ સર્જક કર્તા કે નિયામક છે કે કેમ ? તેનું સ્વરૂપ શું ? પ્રકૃતિ, મન, જીવાત્મા, જગત, ઈશ્વર ઈત્યાદિ શું છે ? જન્મ-મરણના ચકરાવામાંથી મુક્તિ મેળવવાનો ઉપાય શું ? આવા અનેક પ્રશ્નો વિચારશીલ માનવના મનમાં સ્વાભાવિક રૂપે ઉઠતાં હોય છે.

વિશ્વના અનેક ચિંતકોએ ઉપરોક્ત પ્રશ્નો વિશે ગહેરું ચિંતન કરી પોતપોતાના દૃષ્ટિકોણ રજૂ કર્યા છે. જીજ્ઞાસા, શોધ અને જ્ઞાન એ 'તત્ત્વદર્શન'ના તબક્કા છે. દાર્શનિક ચિંતનને લઈને ભારતમાં અનેક દર્શનો અસ્તિત્વમાં આવ્યા છે. પ્રત્યેક ચિંતક મહાપુરૂષે પોતપોતાના દૃષ્ટિકોણ મુજબ જુદી જુદી વિચારધારાઓ પ્રસ્તુત કરી છે.

વિવિધ દર્શનોને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. (૧) **વૈદિક** અથવા **આસ્તિક દર્શન,** (૨) **અવૈદિક** અથવા **નાસ્તિક દર્શન.** જે દર્શનો વેદના પ્રામાણ્યનો અસ્વીકાર કરે છે તે બીજા વિભાગમાં આવે છે, એટલે કે તેને 'અવૈદિક દર્શન' કહેવાય છે, જેમાં (૧) ચાર્વાક દર્શન, (૨) બૌદ્ધ દર્શનો અને (૩) જૈન દર્શનનો સમાવેશ કરવામાં આવે છે. આ દર્શનો વેદની વાણીને માન્ય ગણાતાં નથી. જે દર્શનો વેદના પ્રામાણ્યને સ્વીકારે છે, અર્થાત્ જે દર્શનો વેદોને આધારરૂપ ગણે છે, તેને 'વૈદિક દર્શનો' કહેવાય છે. આ વિભાગમાં (૧) ન્યાય, (૨) વૈશેષિક, (૩) સાંખ્ય, (૪) યોગ, (૫) પૂર્વ મીમાંસા અને (૬) ઉત્તર મીમાંસા અર્થાત્ વેદાંત આવે છે. તે બધા સામૂહિકરૂપે **'ષડ દર્શન'** તરીકે ઓળખાય છે. પ્રત્યેક દર્શન અલગ અલગ ઋષિઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા છે. ભારતીય તત્વજ્ઞાનનો આધાર આ વિવિધ દર્શનો છે.

૬

ષટ દર્શન

ભારતીય દર્શન મનોવૈજ્ઞાનિક તથ્યો પર આધારિત છે. આધ્યાત્મિક અનુભવ પર વિશેષ ભાર મુકવા છતાં બૌદ્ધિક કસોટીમાં પાર ઉતરે એવા અનેક સત્યોનું ભારતીય દર્શનો નિરુપણ કરે છે, જે ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિનો અમૂલ્ય ભંડાર છે.

નીચે બતાવેલ ષડ દર્શનો વેદના પ્રામાણ્યનો સ્વીકાર કરે છે, અને તે અર્થમાં તેમને આસ્તિક દર્શનો કહેવાય છે. પ્રત્યેકે પોતાના દૃષ્ટિકોણથી જગતની ઉત્પત્તિ, પરમ તત્ત્વ અને ફલ પ્રાપ્તિની વિવેચના કરી છે.

ન્યાય દર્શન : આ ભારતીય ‘પ્રમાણ શાસ્ત્ર’ છે. એના પ્રણેતા **‘ગૌતમ મુનિ’** છે. સત્યને જાણવાના જ્ઞાનના સાધનો એટલે વિવિધ પ્રમાણોની તેમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

વૈશેષિક દર્શન : આ દર્શનના પ્રણેતા **‘કણાદ્ મુનિ’** છે. તેમાં દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ ગુણ માનવામાં આવ્યા છે. તે પરમાણુઓ દ્વારા જગતની ઉત્પત્તિ બતાવે છે.

સાંખ્ય દર્શન : કપિલ મુનિ દ્વારા સાંખ્ય દર્શનનો ઉપદેશ ભાગવતમાં આલેખાયેલ છે. આ એક પ્રાચીન દર્શન છે જે ‘પ્રકૃતિ’ અને ‘પુરુષ’ એમ બે તત્ત્વને મૂળસ્ત્રોત માને છે, જેના સંયોજનથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ હોવાનું પ્રતિપાદિત કરે છે.

યોગ દર્શન : મુનિ પાતાંજલી એ યોગ સૂત્રો રચ્યા છે. યોગનો અર્થ છે– ચિત્તવૃત્તિઓનો નિરોધ, જેના દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય છે.

પૂર્વ મીમાંસા : વેદના ‘પૂર્વકાંડ’ અથવા ‘કર્મકાંડ’ના તાત્પર્ય નિર્ણય માટે જૈમિનીઋષિએ રચેલું આ દર્શન છે. તેમાં યજ્ઞ–યાગાદિ ધર્મ તથા તેના દ્વારા પ્રાપ્ત થતાં કર્મફલની વિવેચના કરવામાં આવી છે.

ઉત્તર મીમાંસા : વેદના ‘ઉત્તર કાંડ’માં જેને ‘જ્ઞાનકાંડ’ પણ કહેવાય છે તેના આધારે બાદરાયણ વ્યાસજીએ રચેલ સૂત્રોને ‘ઉત્તર મીમાંસા’ અથવા ‘વેદાંત દર્શન’ કહેવાય છે. તેમાં ‘બ્રહ્મ’ વિશેનું જ્ઞાન સમાહિત છે.

૭

વેદાંત દર્શન

વેદના '**જ્ઞાન કાંડ**' અર્થાત્ ઉપનિષદોના આધારે વ્યાસજી એ રચેલા 'બ્રહ્મસૂત્રો'ને '**વેદાંત દર્શન**' પણ કહેવાય છે. આ સૂત્રોના અર્થને સમજાવવા શંકરાચાર્યજીથી શ્રીવલ્લભાચાર્યજી પર્યંતના બધા જ આચાર્યો એ પોતપોતાના ભાષ્યોની રચના કરી છે. તેમાં પ્રત્યેકે પોતાની વિચારધારા પ્રગટ કરી છે. તદનુસાર શંકરાચાર્યની વિચારધારાને '**શાંકર વેદાંત**' તરીકે ઓળખવામાં આવે છે. રામાનુજાચાર્યની વિચારધારા 'રામાનુજ વેદાંત', મધ્વાચાર્યનું 'મધ્વ-વેદાંત' અને નિમ્બાર્કાચાર્યનું 'નિમ્બાર્ક વેદાંત' તરીકે જાણીતા છે. શ્રી વલ્લભાચાર્યજી એ પણ એ બ્રહ્મસૂત્રો અર્થાત્ વેદાંત-સૂત્રો પર 'અણુભાષ્ય'ની રચના કરી છે. તે '**વલ્લભવેદાંત**' તરીકે પણ ઓળખાય છે.

પ્રત્યેક આચાર્યોના વેદાંત દર્શનમાં રજૂ થયેલી તત્વજ્ઞાનની ચર્ચાને અલગ અલગ '**વાદ**' તરીકે ઓળખવામાં આવે છે. શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન '**કેવલાદ્વૈત વાદ**' અથવા '**માયા વાદ**', રામાનુજાચાર્યનો '**વિશિષ્ટાદ્વૈત વાદ**', મધ્વાચાર્યનો '**દ્વૈત વાદ**' અને નિમ્બાર્કાચાર્યનો '**દ્વૈતાદ્વૈત વાદ**'ના નામથી જાણીતો છે. તદનુસાર શ્રી વલ્લભાચાર્યજીના વેદાંત દર્શનને '**શુદ્ધાદ્વૈત દર્શન**' અથવા '**શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ**'ના નામથી પણ ઓળખવામાં આવે છે. હકીકતમાં '**શુદ્ધાદ્વૈત**' શબ્દનો પ્રયોગ સ્વયં શ્રી વલ્લભાચાર્યજીએ નથી કર્યો. તેઓએ પોતાના દર્શનને '**સાકાર બ્રહ્મવાદ**'ના નામથી ઓળખાવ્યો છે. શંકરાચાર્યના '**કેવલાદ્વૈત**' મતથી શ્રી મહાપ્રભુજીનો અદ્વૈતમત ભિન્ન છે, માયારહિત છે, તે બતાવવા પાછળથી તેને '**શુદ્ધાદ્વૈત**' નામ આપવામાં આવ્યું છે. એ બીજા '**અદ્વૈત**' મતોથી પણ અલગ છે. શ્રી વલ્લભાચાર્યજીએ શંકરાચાર્યજીના 'માયાવાદ'થી ભિન્ન 'બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કર્યું છે જેથી તે વિશિષ્ટ છે. 'વલ્લભ વેદાંત' તેમનું વેદાંત દર્શન છે.

શ્રી વલ્લભાચાર્યજીનું ગ્રંથ સાહિત્ય

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની **'શુદ્ધાદ્વૈત'** વિચારધારાને સમજાવવા અનેક ગ્રંથોની રચના કરી છે. એ ગ્રંથોમાં કેટલાક બીજા શાસ્ત્રો પર લખેલ ભાષ્ય તથા ટીકા છે, તો કેટલાક પોતાના સ્વતંત્ર ગ્રંથ છે. શ્રી વલ્લભાચાર્યજીના **'તત્ત્વ દર્શન'** અર્થાત્ **'વલ્લભ વેદાંત'**નો મૂળ ગ્રંથ **'અણુભાષ્ય'** છે, જે બ્રહ્મસૂત્રો પર આધારિત છે. તે 'ભાષ્ય' ગ્રંથ છે. તેમના બીજા મુખ્ય ગ્રંથો છે– **સુબોધિની, તત્ત્વાર્થદીપનિબંધ, ષોડશગ્રંથો, પત્રાવલંબન, મધુરાષ્ટક, ન્યાસાદેશ, પુરુષોત્તમ સહસ્ત્રનામ, ત્રિવિધનામાવલી** વગેરે. **અણુભાષ્ય** ઉપરાંત પ્રથમ ત્રણ ગ્રંથો–**સુબોધિની, નિબંધ** અને **ષોડશગ્રંથો**ને મુખ્ય કહી શકાય, કારણ કે **'વલ્લભવેદાંત'** તેમજ **'પુષ્ટિમાર્ગ'**ના સિદ્ધાંતોને જાણવા-સમજવા માટે તે ઘણા મહત્વના છે.

શ્રીમદ્ ભાગવતના ગૂઢાર્થને પ્રકાશિત કરવા તેમણે લખેલી વ્યાખ્યા 'સુબોધિની'ના નામથી પ્રસિદ્ધ છે. તે ભાગવતના પ્રથમ ત્રણ સ્કંધ, દશમ સ્કંધ તથા એકાદશ સ્કંધના ચાર અધ્યાય પર જ પ્રાપ્ત થાય છે. **'તત્ત્વાર્થ દીપ નિબંધ'** જે **'નિબંધ'** તરીકે પ્રસિદ્ધ છે, તે તેમનો મૌલિક ગ્રંથ છે. તેમાં બધા જ શાસ્ત્રો પર આધારિત સિદ્ધાંતોની વિસ્તારપૂર્વક તેમણે છણાવટ કરી છે. શ્રી મહાપ્રભુજીના 'શુદ્ધાદ્વૈત મત'ના તત્ત્વદર્શનને ઉંડાણપૂર્વક જાણવા માટે આ એક મહત્વનો ગ્રંથ છે. તે ત્રણ પ્રકરણોમાં આલેખાયેલ છે. (૧) **શાસ્ત્રાર્થ પ્રકરણ**, (૨) **સર્વ નિર્ણય પ્રકરણ** અને (૩) **ભાગવતાર્થ પ્રકરણ.** આ ગ્રંથમાં તેમણે સર્વ શાસ્ત્રોનો નિચોડ નિરુપિત કર્યો છે.

'ષોડશ ગ્રંથો'ના નામથી જાણીતા તેમના સોળ લઘુગ્રંથોનો સમૂહ એક ખૂબ ઉપયોગી પ્રકરણ ગ્રંથ છે. પુષ્ટિમાર્ગની કેડી પર ચાલવા માંગતા પુષ્ટિજીવોને મુંઝવતા અનેક પ્રશ્નોનું નિરાકરણ તેમણે આ ગ્રંથોમાં પ્રસ્તુત કર્યું છે. વેદાદિ શાસ્ત્રોના આધારે, શ્રી મહાપ્રભુજીએ પોતાના સિદ્ધાંતો સમજાવવા આ ગ્રંથોની રચના કરી છે.

ષોડશ ગ્રંથો

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા રચિત સોળ ઉપદેશાત્મક ગ્રંથોનો સમૂહ **'ષોડશ ગ્રંથ'** નામથી પ્રચલિત છે. આ ગ્રંથો શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ પુષ્ટિમાર્ગ પર ચાલવા ઈચ્છતા જીવોને સંપૂર્ણ માર્ગદર્શન પૂરુ પાડે છે. સામાન્ય વૈષ્ણવને વૈષ્ણવી જીવન જીવવાનો સર્વાંગી માર્ગ ષોડશ ગ્રંથો બતાવે છે.

આ ગ્રંથોમાં મુખ્યત્વે ચાર બાબતોની ચર્ચા કરવામાં આવી છે. (૧) **ભક્તિ**, (૨) **શરણાગતિ**, (૩) **સમર્પણ** અને (૪) **સેવા**. તદનુસાર આ ગ્રંથો છે,

ભક્તિ : યમુનાષ્ટક, ચતુઃશ્લોકી, જલભેદ, **ભક્તિવર્ધિની.**

શરણાગતિ : બાલબોધ, **વિવેક ધૈર્યાશ્રય**, કૃષ્ણાશ્રય, પંચપદ્યાની.

સમર્પણ : સિદ્ધાંત રહસ્ય, **નવરત્ન,** અંતઃકરણ પ્રબોધ, નિરોધલક્ષણ

સેવા : પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, **સિદ્ધાંત મુક્તાવલી,** સંન્યાસ નિર્ણય, સેવાફલ.

શ્રી મહાપ્રભુજીએ જે મનુષ્યોને શરણે લઈ સેવક બનાવ્યા, તેમની મુંઝવણોને દૂર કરવા અલગ અલગ સમયે તેમણે આ ગ્રંથોની રચના કરી હતી. આ ગ્રંથોમાં પુષ્ટિમાર્ગનું હાર્દ રહેલું છે. ઉપરોક્ત ચારેય બાબતો પુષ્ટિમાર્ગના આધાર સ્થંભ છે. તે વિશેની સાચી સમજણ આપણને આ ગ્રંથોમાંથી મળી રહે છે. પુષ્ટિમાર્ગમાં શ્રી યમુનાજી ભગવાનની કૃપાશક્તિનું સાક્ષાત સ્વરૂપ છે, જેની યશગાથા શ્રી મહાપ્રભુજીએ 'શ્રી યમુનાષ્ક' ગ્રંથમાં વર્ણવી છે. આ એક સ્તુતી ગ્રંથ છે, અન્ય ગ્રંથો ઉપદેશાત્મક છે. 'અંતઃકરણ પ્રબોધ' ગ્રંથ તેમણે પોતાના અંતઃકરણને સંબોધીને રચ્યો છે.

'ષોડશ ગ્રંથો'ને **'સાધન ગ્રંથ'** કહી શકાય, કારણ કે ભગવાન રૂપી ફલ પ્રાપ્તિના સાધન તરીકે આ ગ્રંથો સહાયક બને છે. શ્રી મહાપ્રભુજીએ પોતાના સેવકોને ઉપદેશવા આ ગ્રંથોની રચના કરી છે. તેથી તે **'વલ્લભ ગીતા**'ના નામે પણ ઓળખાય છે. વૈષ્ણવ માત્ર માટે આ બહુમૂલ્ય ગ્રંથ છે. આ ગ્રંથોનું અવગાહન પ્રત્યેક વૈષ્ણવે કરવું જરૂરી ગણાય.

૧૦

અણુભાષ્ય

વ્યાસજી રચિત **'બ્રહ્મસૂત્રો'** પર પ્રત્યેક આચાર્યોએ **'ભાષ્ય'**ની રચના કરી છે. તદનુસાર શ્રી વલ્લભાચાર્યજી રચિત ભાષ્ય **'અણુભાષ્ય'** તરીકે ઓળખાય છે, કારણ કે આ ગ્રંથમાં તેમણે અણુ જેવા જીવ ઈત્યાદિ જે ભગવાનના અંશ છે, તેના સ્વરૂપને સમજાવ્યું છે. એમ પણ માનવામાં આવે છે કે શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસૂત્રો પર બે ટીકાઓ લખી હોવી જોઈએ–એક **'બૃહદ્ ટીકા'** અને બીજી **'લઘુ ટીકા'**, જેને માટે 'અણુભાષ્ય' શબ્દનો પ્રયોગ થયો હોવો જોઈએ.

શાસ્ત્રાર્થ પદ્ધતિ મુજબ ભાષ્ય રચવાનો એક વિશિષ્ટ પ્રકાર છે. તેમાં **વિષય, સંશય, પૂર્વ પક્ષ, ઉત્તર પક્ષ** અને **સંગતિ** એમ પાંચ અંગોથી તાર્કિક રીતે પ્રત્યેક સૂત્રની છણાવટ કરવામાં આવે છે. સૌ પ્રથમ, 'સુત્ર'નો જે 'વિષય' હોય તે બતાવવામાં આવે છે, તેમાં ઉત્પન્ન થતાં સંદેહને સ્પષ્ટ કરવામાં આવે છે. તત્પશ્ચાત તે સૂત્ર પર અન્ય આચાર્યો/દર્શનોએ જે વિચાર પ્રગટ કર્યો હોય તેનું પ્રતિપાદન કર્યા પછી ભાષ્યકાર પોતાનું મંતવ્ય શાસ્ત્રોના પ્રમાણ સાથે રજૂ કરે છે. એ રીતે અનેક પાસાથી વિચાર કરી પ્રત્યેક સૂત્રના તાત્પર્યને સમજાવવામાં આવે છે. ભાષ્યની એ વિશેષતા છે.

અણુભાષ્યમાં ચાર અધ્યાય છે : (૧) **પ્રમાણ અધ્યાય**, (૨) **પ્રમેય અધ્યાય**, (૩) **સાધન અધ્યાય** અને (૪) **ફલ અધ્યાય.**

પ્રત્યેક અધ્યાયને પણ ચાર **'પાદ'**માં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક પાદમાં કેટલાક **'અધિકરણો'** હોય છે, જે અમુક સૂત્રોનો સમૂહ છે. તેમાં કોઈ ચોક્કસ વિષયનું પતિપાદન કરેલ હોય છે.

'અણુભાષ્ય' શ્રી વલ્લભાચાર્યજીની વેદાંતની વિચારધારાને પ્રસ્તુત કરતો અતિ મહત્વનો ગ્રંથ છે. **'બ્રહ્મવાદ'**ના સિદ્ધાંતને વિસ્તાર પૂર્વક યથાર્થ રૂપે સમજવા આ ગ્રંથ ઉપયોગી છે.

બ્રહ્મસૂત્રોનો આધાર ઉપનિષદ હોઈ, તેના ઉપર રચાયેલ 'ભાષ્ય' ઉપનિષદના જ્ઞાનની પ્રત્યેક આચાર્ય દ્વારા કરવામાં આવેલી પ્રસ્તુતિ છે.

૧૧

સુબોધિની

શ્રીમદ્ ભાગવત મહાપૂરાણ, શ્રી વલ્લભાચાર્યજીના મતે, વેદ ઈત્યાદિ શાસ્ત્રનો નીચોડ છે. તેમાં સમગ્ર વેદ, બ્રહ્મસૂત્રો ગીતા વગેરેમાં ચર્ચવામાં આવેલ વિષયોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. **'ભાગવત'** ભક્તિનો ગ્રંથ છે, અર્થાત્ ભક્તિ તેનો મુખ્ય વિષય છે. તેમાં ભગવાન અને તેમના ભક્તોની કથાઓ આલેખાયેલ છે. શ્રી મહાપ્રભુજીના મતે આ સૃષ્ટિ એ ભગવાનની **'આનંદમયી લીલા'** છે. ભાગવતમાં ભગવાનની દશવિધ લીલાઓ વર્ણવામાં આવી છે. તે ભગવાનનું **'વાંગ્મય સ્વરૂપ'** છે. તેના બાર સ્કંધો ભગવાનના દ્વાદશ અંગોનો નિર્દેશ કરે છે. ભગવાનના ૨૪ અવતારોનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે.

ભાગવતની અનેક આચાર્યો-વિદ્વાનોએ ટીકા લખી છે. તેમાં પ્રત્યેકે પોતપોતાની વિચારધારા અનુસાર અર્થઘટન કર્યા છે. શ્રી વલ્લભાચાર્યજીના પાગટચનો એક હેતુ ભાગવતજીના ગૂઢ અર્થને પ્રકટ કરવાનો હતો. તેથી સર્વોતમ સ્તોત્રમાં તેમનું એક નામ **'શ્રી ભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણ'** કહેવામાં આવ્યું છે.

શ્રી મહાપ્રભુજીએ કરેલી ભાગવતજીની વ્યાખ્યા **'સુબોધિની'**ના નામથી પ્રસિદ્ધ છે. તે કેવળ પ્રથમ ત્રણ સ્કંધ, દશમ સ્કંધ, અને એકાદશ સ્કંધના ચાર અધ્યાયો પર જ પ્રાપ્ત છે, કારણ કે સ્વધામ પધારવાની ભગવદ્ આજ્ઞાના કારણે તેઓ સંપૂર્ણ ભાગવત પર પોતાની વ્યાખ્યા પૂર્ણ કરી શકયા નહોતા.

તેમણે ભાગવતજીના સાત પ્રકારે અર્થ સમજાવ્યા છે. તેમાં **શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ** અને **અધ્યાયાર્થ** પોતાના નિબંધ ગ્રંથના **'ભાગવતાર્થ પ્રકરણ'**માં બતાવ્યા છે, જ્યારે **શ્લોકાર્થ, પદાર્થ** અને **અક્ષરાર્થ**ના ખુલાસા તેમણે સુબોધિનીમાં કર્યા છે.

ભાગવતની વિવિધ કથાઓનો સાચો મર્મ 'સુબોધિની' દ્વારા જ સમજી શકાય છે. તેથી તેને **'ફલ ગ્રંથ'** કહેવાય છે.

૧૨

તત્વાર્થ દીપ નિબંધ

‘**તત્ત્વ**’ એટલે જીવ, જગત અને ઈશ્વર. આ ત્રણેયનો અર્થ સમજવા માટે આ નિબંધ લખાયો છે. જેમ અંધકારને દૂર કરવા દીવાનો ઉપયોગ કરવામાં આવે છે અને તેના પરિણામે સાચી વસ્તુસ્થિતિ જોઈ-જાણી અનુભવી શકાય છે, તેમ આ નિબંધરૂપી ‘**દીપ**’ના પ્રકાશ વડે જીવ જગત અને ઈશ્વર વિશે જાણી શકાય, તેના સાચા સ્વરૂપને સમજી શકાય છે. તેથી આ ગ્રંથનું નામ ‘**તત્ત્વાર્થદીપ નિબંધ**’ આપવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં નિરુપિત બાબતો મનઘડંત નથી તે વિશે પ્રારંભમાં જ શ્રી વલ્લભાચાર્યજી ખુલાસો કરે છે કે બધા જ ભગવદ્ શાસ્ત્રોને સારી રીતે જાણી લીધા બાદ અને વારંવાર તેના વિશે મનન કરીને બધા જ સંદેહોની નિવૃત્તિને માટે શ્રી હરિએ જે વચનામૃતો કહેલાં છે, અર્થાત્ વેદ-ગીતા આદિમાં જે કહેવામાં આવ્યું છે, તેનો વિચાર કરી તે સર્વને આ ગ્રંથમાં પ્રસ્તુત કર્યું છે. આ કથનથી જ આ ગ્રંથનું મહત્વ સમજી શકાય છે.

આ ગ્રંથના અધિકારી કોણ હોઈ શકે અર્થાત્ કોને અનુલક્ષીને તેમણે આ ગ્રંથની રચના કરી છે, તે વિશે પણ ખુલાસો કરતાં તેઓ સ્પષ્ટપણે કહે છે : ‘જે સત્વ ગુણવાળા ભગવદ્ ભક્તો, જેઓ મુક્તિના અધિકારી છે અને પૂર્વ જન્મોના કર્મ ફલો જેમને ભોગવવાના બાકી રહ્યા નથી, એટલે કે તેઓ પોતાના બધા જ પાપ-પુણ્યકર્મોના ફલ ભોગવી ચૂક્યા છે અને જેમનો આ છેલ્લો જન્મ છે, તેઓને માટે આ ગ્રંથ પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે.

આમ ખુબ જ ગંભીરતા પૂર્વક ચિંતન કરી મનુષ્ય માત્રના કલ્યાણની વાંછના માટે પોતાના સિદ્ધાંતોનું યથાર્થ નિરુપણ શ્રી વલ્લભાચાર્યજી એ તેમના આ વિશિષ્ઠ ગ્રંથમાં કર્યું છે. તેમનું તત્ત્વજ્ઞાન સમજવા માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે. શ્રી મહાપ્રભુજીનું ‘તત્ત્વદર્શન’ મૌલિક નથી, વિવિધ શાસ્ત્રો પર આધારિત છે, પરંતુ આ તેમનો સ્વતંત્ર ગ્રંથ છે. તેમાં તેમનું ચિંતન સ્વતંત્રપણે અભિવ્યક્ત થયેલું છે.

મંગલાચરણ

તત્ત્વાર્થદીપ નિબંધ ગ્રંથની શરૂઆત કરતાં શ્રી વલ્લભાચાર્યજી શાસ્ત્રાર્થ પ્રકરણમાં મંગલાચરણ કરતાં કહે છે–

નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણાયાદ્‌ભૂત કર્મણે,
રૂપ નામ વિભેદેન, જગત ક્રીડતિ યો યતઃ'

અર્થાત્ 'અદ્‌ભૂત પ્રકારે લીલા કરનાર ભગવાન શ્રીકૃષ્ણ, જેઓ આ જગતમાં વિવિધ રૂપ અને નામ ધારણ કરી ક્રીડા કરે છે તેમને હું નમન કરું છું.' મંગલાચરણના આ શ્લોકમાં જ તેમની '**શુદ્ધાદ્વૈત**' વિચારધારાનું પ્રતિબિંબ પડે છે.

'શ્રીકૃષ્ણ' જ બ્રહ્મ, પરમાત્મા છે જેને આપણે ભગવાન કહીએ છીએ છે, એમ અહીં સ્પષ્ટપણે સમજાય છે. તેઓ જ અનેક રૂપ અને નામ ધારણ કરી આ જગતના જડ–ચેતન પદાર્થો બન્યા છે, અર્થાત્ બ્રહ્મ અને જગત એ બે અલગ તત્ત્વો નથી, પરંતુ એક જ છે. બન્નેમાં '**અદ્વૈત**'પણું છે, ઐક્ય છે, તે તેનાથી સાબિત થાય છે. આ જગતમાં અદ્‌ભૂત કર્મ કરવાવાળા શ્રીકૃષ્ણ ક્રીડા કરી રહ્યા છે, તેમ કહી શ્રી વલ્લભાચાર્યજી આ જગતની ઉત્પત્તિ ભગવાને પોતાની લીલાર્થે કરી છે, તેમ સમજાવે છે.

આ જગત બ્રહ્માત્મક છે, અર્થાત્ એ બ્રહ્મનું જ બીજું સ્વરૂપ 'આધિભૌતિક સ્વરૂપ છે,' અને 'ભગવાન શ્રીકૃષ્ણ' એ બ્રહ્મનું જ સાકાર સ્વરૂપ છે, એમ પ્રતિપાદન કરી શ્રી વલ્લભાચાર્યજી પોતાના '**સાકાર બ્રહ્મવાદ**'ની ભૂમિકા આ મંગલાચરણથી બાંધે છે.

આ મંગલાચરણને શ્રી વલ્લભાચાર્યજીના '**શુદ્ધાદ્વૈતવાદ**'નું સૂત્ર કહી શકાય, કારણ કે તે તેનો સાર પ્રગટ કરે છે.

શ્રી મહાપ્રભુજી પોતાના નિબંધ ગ્રંથની શરૂઆત આ શ્લોક દ્વારા 'મંગલાચરણ' કરીને કરે છે, તેનાથી જ તેમની વિચારધારાનો અંદાજ આવી જાય છે.

૧૪

નિબંધના પ્રકરણો

'**નિબંધ**' ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજી એ ત્રણ પ્રકરણોમાં નિરૂપિત કર્યો છે. ૧. **શાસ્ત્રાર્થ પ્રકરણ**, ૨. **સર્વ નિર્ણય પ્રકરણ** અને ૩. **ભાગવતાર્થ પ્રકરણ.** તેમણે ભગવદ્ ગીતા ઉપર સ્વતંત્ર ટીકા લખી નથી. પરંતુ '**શાસ્ત્રાર્થ પ્રકરણ**'માં ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે જે તત્ત્વજ્ઞાનનો બોધ અર્જુનને આપેલો તેનો વિસ્તારપૂર્વક ખુલાસો તેમણે આ પ્રકરણમાં કર્યો છે. તેથી તેને '**ગીતાર્થ પ્રકરણ**' પણ કહેવાય છે. આ પ્રકરણમાં પોતે જે પ્રમાણો-પૂરાવાઓનો આધાર લઈ પોતાના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે તેની સ્પષ્ટતા કરી વિવિધ વિષયો જીવ-જગત-બ્રહ્મનું સ્વરૂપ, વિદ્યા, અવિદ્યા, માયા, ભક્તિ વગેરે અનેક બાબતોની છણાવટ કરી છે.

સર્વ નિર્ણય પ્રકરણમાં સનાતન વેદ ધર્મના અન્ય વિવિધ શાસ્ત્રો રામાયણ, મહાભારત, આગમો વગેરે સ્મૃતિગ્રંથો જે સર્વને તેમણે પ્રમાણ રૂપ સ્વીકાર્યા છે, તેના તથ્યોના ખુલાસા તેમણે આમાં કર્યા છે. **પ્રમાણ, પ્રમેય, સાધન** અને **ફલ** એમ ચાર વિભાગમાં તેમણે આ પ્રકરણ આલેખ્યું છે. ઈશ્વર પ્રાપ્તિ માટેના વિવિધ શાસ્ત્રોમાં વર્ણવાયેલ બતાવેલ સિદ્ધાંતો અને તેની સાધનાના પ્રકારો બતાવી સૌથી સરલ ભક્તિ માર્ગનું સ્વરૂપ કેવું હોય તે તેમણે આ પ્રકરણમાં સમજાવ્યું છે.

ભાગવતાર્થ પ્રકરણમાં શ્રી વલ્લભાચાર્યજીએ 'ભાગવતશાસ્ત્ર'નો મર્મ નિરુપિત કરેલો છે. તેમણે ભાગવતના સાત પ્રકારે અર્થ કર્યા છે. તેમાંના પ્રથમ ચાર અર્થ શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થનો ખુલાસો આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

એ રીતે સમગ્ર શાસ્ત્રોનો નિચોડ શ્રી મહાપ્રભુજીએ આ ગ્રંથના ત્રણેય પ્રકરણોમાં વર્ણવ્યો છે. બ્રહ્મ તત્ત્વને તેમણે શાસ્ત્રાર્થ પ્રકરણમાં '**બ્રહ્મ**' શબ્દથી, સર્વ નિર્ણય પ્રકરણમાં '**પરમાત્મા**' શબ્દથી અને ભાગવતાર્થ પ્રકરણમાં '**ભગવાન**' શબ્દથી સંબોધ્યા છે.

(૧૫)

શાસ્ત્રાર્થ પ્રકરણ

શ્રીમદ્ ભગવદ્ ગીતા, સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે ગાયેલી છે. તે ભગવાનની પ્રત્યક્ષ વાણી હોવાથી તેના પ્રમાણ્યનું વિશિષ્ટ મહાત્વ છે. શ્રી વલ્લભાચાર્યજી એ 'ગીતા' પર કોઈ સ્વતંત્ર ભાષ્યની રચના કરી નથી, પરંતુ તેમણે ગીતાના તાત્પર્યને પોતાના 'નિબંધ' ગ્રંથના પહેલા પ્રકરણમાં વિસ્તારથી સમજાવ્યું છે. તેથી આ પ્રકરણને '**શાસ્ત્રાર્થ**' પ્રકરણ કહેવામાં આવ્યું છે. 'શાસ્ત્રાર્થ'નો મતલબ છે શાસ્ત્રનો સાચો અર્થ. 'ગીતા' એક 'શાસ્ત્ર' છે. તેનો અર્થ શ્રી મહાપ્રભુજીએ આ પ્રકરણમાં સમજાવ્યો છે. તેથી તેને '**ગીતાર્થ પ્રકરણ**' પણ કહેવામાં આવે છે.

જગન્નાથજીમાં થયેલ ધર્મસભામાં ચાર મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા હતાં–૧. **મુખ્ય શાસ્ત્ર કર્યું** ?, ૨. **મુખ્ય દેવ કોણ** ?, ૩. **મુખ્ય મંત્ર કયો** ? અને ૪. મુખ્ય કર્તવ્ય શું ? આ પ્રશ્નોનો ખુલાસો સ્વયં જગન્નાથજીએ પત્રમાં લખી કર્યો હતો, જે મુજબ 'ગીતા' મુખ્ય શાસ્ત્ર છે, '**કૃષ્ણ**' મુખ્ય દેવ છે, અષ્ટાક્ષર મંત્ર **શ્રીકૃષ્ણઃ શરણં મમ** એ 'મુખ્ય મંત્ર' છે અને **કૃષ્ણની સેવા** એ 'મનુષ્યનું મુખ્ય કર્તવ્ય' છે.

સ્વયં ભગવાને ઉચ્ચારેલ ઉપરોક્ત ભગવદ્ વાણીનો આધાર લઈ શ્રી મહાપ્રભુજીએ નિબંધના 'શાસ્ત્રાર્થ પ્રકરણ'ની રચના કરી છે.

આ ગ્રંથના પ્રારંભમાં જ શ્રી મહાપ્રભુએ જે શાસ્ત્રોને પોતો પ્રમાણરૂપ ગણી પોતાની વિચારધારાની રજુઆત કરશે તેનો ખુલાસો કરી તેમાં જગતની જડ–જીવ–અંતરાત્માની ઉત્પત્તિ, ભગવાનની વિદ્યા–અવિદ્યા–માયા–આવિર્ભાવ–તિરોભાવનો સિદ્ધાંત અને અવતારનું રહસ્ય અન્ય મત–મતાંતરનો નિરાકરણ ઈત્યાદિ સમગ્ર તાત્વિક વિષયોની છણાવટ કરી ભગવાને જે જ્ઞાન અર્જુનને આપ્યું હતું તેની વિસ્તારથી આ પ્રકરણમાં ચર્ચા કરી છે.

૧૬

સર્વનિર્ણય પ્રકરણ

બ્રહ્મ ઈત્યાદિ અલૌકિક વિષયોનો ખુલાસો કરવા શ્રી વલ્લભાચાર્યજીએ વેદ–ગીતા બ્રહ્મસૂત્રો અને ભાગવત એ ચાર શાસ્ત્રોને 'પ્રમાણ' તરીકે સ્વીકાર કર્યા છે. તેમાં ગીતામાં કહેલા તથ્યોનું નિરુપણ તેમણે '**શાસ્ત્રાર્થ પ્રકરણ**'માં કર્યું છે. તેમ ભાગવતના ગૂઢાર્થને ભાગવતાર્થ પ્રકરણ તથા સુબોધિનીમાં સમજાવ્યા છે. આ બે શાસ્ત્રો સિવાય વેદમાં કહેલા પૂર્વકાંડ અને ઉત્તરકાંડ ઉપરાંત વિવિધ પુરાણો, મહાભારત ઈત્યાદિ સ્મૃતિગ્રંથો, રામાયણ, વિવિધ આગમો, તંત્ર શાસ્ત્રો, નારદજીના ભક્તિસૂત્રો ઈત્યાદિ અનેક ગ્રંથોમાં પણ તેમણે સ્વીકારેલ ઉપરોક્ત મુખ્ય ચાર પ્રમાણોને અનુમોદન કરનારા કથનો ઉપલબ્ધ છે. એ તમામ ગ્રંથોમાં પણ જે કાંઈ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં જે સિદ્ધાંતો પ્રતિપાદિત કરવામાં આવ્યા છે, તે સર્વ શાસ્ત્રોનો અર્થ શ્રી વલ્લભાચાર્યજી એ પોતાના આ 'નિબંધ' ગ્રંથના '**સર્વ નિર્ણય પ્રકરણ**'માં સમજાવ્યો છે. તેથી જ આ પ્રકરણને '**સર્વનિર્ણય**' પ્રકરણ નામ આપવામાં આવ્યું છે.

આ ગ્રંથને પણ ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. (૧) **પ્રમાણ,** (૨) **પ્રમેય,** (૩) **સાધન** અને (૪) **ફલ પ્રકરણ.** '**પ્રમાણ**' દ્વારા પ્રમેયને જાણી–સમજી શકાય અને સાધન દ્વારા ફલની પ્રાપ્તિ થાય.

શ્રી મહાપ્રભુજીએ પ્રમાણ પ્રકરણમાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, વેદાંગ, ઉપવેદ, ન્યાય, રામાયણ ઈત્યાદિ ગ્રંથોના પ્રમાણ આપ્યા છે. 'પ્રમેય' પ્રકરણમાં બ્રહ્મનું મૂલ સ્વરૂપ તેમજ કારણ કોટી તથા કાર્ય કોટી સમજાવી 'પ્રમેય'ની ચર્ચા કરી છે. ફલ–સાધન પ્રકરણમાં વર્ણાશ્રમ ધર્મ, સાંખ્ય–યોગ, મુક્તિ, ભક્તિમાર્ગીય સાધન અને ફલ કર્મ–ઉપાસનાના પ્રકાર ઈત્યાદિ સર્વે બાબતોના ખુલાસા કર્યા છે. આમાં જીવનોપયોગિ માર્ગદર્શન મળે છે.

૧૭

ભાગવતાર્થ પ્રકરણ

નિબંધનું ત્રીજું પ્રકરણ '**ભાગવતાર્થ પ્રકરણ**' છે. શ્રી વલ્લભાચાર્યજી એ ભાગવતના ગૂઢાર્થને પ્રકટ કરવા તેના સાત પ્રકારે અર્થ કર્યા છે. જે આ પ્રકારે છે. ૧. **સર્વાર્થ** અથવા **શાસ્ત્રાર્થ** : સમગ્ર ભાગવતનો અર્થ. ૨. **સ્કંધાર્થ** : ભાગવતના પ્રત્યેક સ્કંધનો અર્થ, ૩. **પ્રકરણાર્થ** : પ્રત્યેક સ્કંધને તેના વિષયો અનુસાર કેટલાક પ્રકરણોમાં વહેંચવામાં આવ્યા છે, જેના અંતર્ગત કેટલાક અધ્યાયોનું નિરુપણ હોય, તે પ્રત્યેક પ્રકરણનો અર્થ બતાવવામાં આવ્યો છે, અને ૪. **અધ્યાયાર્થ** : પ્રત્યેક અધ્યાયનો અર્થ. આ ચાર પ્રકારના અર્થ આપશ્રીએ ભાગવતાર્થ પ્રકરણમાં સમજાવ્યા છે.

તે ઉપરાંત બીજા ત્રણ પ્રકારે અર્થ છે : ૫. **શ્લોકાર્થ** : પ્રત્યેક શ્લોકનો અર્થ, જેને 'વાક્યાર્થ' પણ કહે છે, ૬. **પદાર્થ** અથવા **શબ્દાર્થ** : પ્રત્યેક 'પદ'નો અર્થાત્ શબ્દનો અર્થ અને ૭. **અક્ષરાર્થ** : પ્રત્યેક અક્ષરનો વિશિષ્ટ અર્થ અથવા તાત્પર્ય. આ ત્રણ પ્રકારના અર્થ તેમણે સુબોધિનીમાં તે રીતે સમજાવ્યા છે.

આ સાત પ્રકારે અર્થનો મતલબ જુદા જુદા અર્થો તેમ નથી, પરંતુ તે બધી જ રીતે કરેલ અર્થોની '**એક વાક્યતા**' તેમણે સિદ્ધ કરી છે. પ્રત્યેક પ્રકારે કરેલો અર્થ સમગ્ર ભાગવતનો મુખ્ય સાર કે 'આ જગત એ ભગવાનની આનંદમયી લીલા છે,' એ પ્રગટ કરે છે. ભગવાનમાં છ ગુણધર્મો છે, અને પોતે 'ધર્મી' સ્વરૂપ. તેમ આ સાત પ્રકારના અર્થોની સંગતિ છે.

અનેક ટીકાકારોએ પોતાપોતાની રીતે ભાગવતના અર્થ કર્યા છે, પરંતુ તેનું હાર્દ, તેનો ગુઢાર્થ, તેનું યથાર્થ તાત્પર્ય શ્રી વલ્લભાચાર્યજી સુબોધિનીજી સહિત આ ભાગવતાર્થ પ્રકરણમાં પ્રગટ કર્યું છે.

એ રીતે જોઈએ તો શ્રી વલ્લભાચાર્યજીએ ગીતા, ભાગવત અને અન્ય સર્વે શાસ્ત્રોનું દોહન કરી પોતાની '**શુદ્ધાદ્વૈત**' વિચારધારાનું પ્રતિપાદન **નિબંધ** ગ્રંથમાં કર્યું છે.

૧૮

બ્રહ્મ-પરમાત્મા-ભગવાન

આપણે જાણીએ છીએ કે વેદ-ઉપનિષદ અર્થાત્ શ્રુતિમાં 'પરમ્ તત્ત્વ' માટે '**બ્રહ્મ**' શબ્દનો પ્રયોગ થયો છે, ગીતા ઈત્યાદિ સ્મૃતિ ગ્રંથોમાં '**પરમાત્મા**' શબ્દ જોવા મળે છે, તો ભાગવત આદિ પુરાણોમાં વળી '**ભગવાન**'થી સંબોધન કરવામાં આવ્યું છે. બોલચાલની ભાષામાં પણ સામાન્યતઃ આપણે ભગવાન શબ્દનો જ પ્રયોગ કરતાં હોઈએ છીએ. આપણને પ્રશ્ન થાય કે શું આ ત્રણે શબ્દોમાં કોઈ ભેદ છે કે ત્રણેય એક જ અર્થમાં વપરાય છે ? ભાગવતમાં પરમાત્મા કે ઉપનિષદમાં ભગવાન શબ્દ પ્રયોગ કેમ નથી કરવામાં આવ્યો ?

શ્રી વલ્લભાચાર્યજી આનો ખુલાસો કરતાં કહે છે, ''શ્રુતિમાં જે '**બ્રહ્મ**' કહેવાય છે, સ્મૃતિમાં જેને '**પરમાત્મા**' તરીકે ઓળખાવ્યા છે અને ભાગવતમાં જેને '**ભગવાન**' તરીકે સંબોધાયા છે, તે બધા જ શબ્દો એક જ તત્ત્વ '**બ્રહ્મ**'ના જ જુદા જુદા નામો છે.'' **તત્ત્વતઃ** બધા એક જ અર્થ સૂચક છે, તેમાં કોઈ ભેદ નથી. 'બ્રહ્મ' શબ્દનો અર્થ થાય 'વ્યાપક', જે સર્વત્ર વ્યાપ્ત છે તે 'બ્રહ્મ'. તે જ '**પરમ તત્ત્વ**' છે, સર્વોચ્ચ છે, સર્વનો આત્મા છે. તેનું જ ભક્તો ભજન કરે છે, તેની ભક્તિ કરે છે. તેને વેદમાં '**બ્રહ્મ**' નામથી ઓળખવામાં આવ્યા છે, તે જ જગત રૂપ બને છે ત્યારે તેને જીવાત્માના સંદર્ભમાં '**પરમાત્મા**' કહેવામાં આવે છે. તેમનો અંશ જીવાત્મા છે. તે પરમાત્મા છે. તેવી જ રીતે જ્યારે ભક્ત એ પરમતત્વનું ભજન કરે છે, તેની ભક્તિ કરે છે, ત્યારે તે 'ભગવાન' કહેવાય. જેમ એક સ્ત્રીને તેના પુત્રના સંબંધમાં 'માતા' કહેવાય, પતિના સંબંધમાં 'પત્નિ' કહેવાય અને ભાઈના સંબંધમાં 'બહેન' કહેવાય. એમ એક જ સ્ત્રીને અલગ અલગ સંદર્ભમાં જુદી જુદી રીતે સંબોધવામાં આવે છે. તે જ રીતે બ્રહ્મ-પરમાત્મા-ભગવાન તત્ત્વતઃ એક જ હોવા છતાં અલગ અલગ સંદર્ભમાં જે તે શબ્દ પ્રયોગથી ઓળખાય છે.

૧૯

પ્રમાણ-પ્રમેય

કોઈ કે 'મોબાઈલ' જોયો નથી. આપણે તેના વિશે વાત કરીએ ત્યારે તેને સ્વાભાવિક ઈંતેજારી થાય કે મોબાઈલ એટલે શું ? તે કેવો હોય ? આપણે તેને આપણી પાસેનો મોબાઈલ બતાવી કહીએ કે જો આને મોબાઈલ કહેવાય. તે જોતાં જ તેને મોબાઈલ શું છે તેનું જ્ઞાન થઈ જાય. કોઈકને ગુલાબની સુગંધનો અનુભવ નથી. આપણે તેને ગુલાબનું ફૂલ સુંઘાડીએ. તરત જ તે ગુલાબની સુગંધથી પરિચિત થઈ જશે. આમ જ્યારે આપણી જ્ઞાનેન્દ્રિય પ્રત્યક્ષરૂપે કોઈ વસ્તુ કે બાબતનો અનુભવ કરે ત્યારે તે વિશેનું આપણને જ્ઞાન થાય છે. જે સાધન દ્વારા 'જ્ઞાન' પ્રાપ્ત થાય તે સાધનને તત્વજ્ઞાનની ભાષામાં '**પ્રમાણ**' કહેવાય છે.

ઉપરના ઉદાહરણમાં મોબાઈલ કે સુગંધનું જ્ઞાન તેના પ્રત્યક્ષ અનુભવથી થાય છે. તેથી તેને '**પ્રત્યક્ષ પ્રમાણ**' કહે છે. તેવી જ રીતે આપણે દૂર ક્યાંક ધૂમાડો જોઈએ તો તરત આપણે સમજી જઈએ છીએ કે ત્યાં 'આગ' હોવી જોઈએ. આપણે આગને જોતાં નથી, પરંતુ ધુમાડાને જોવાથી અનુમાન દ્વારા 'આગ' હોવાનું આપણને જ્ઞાન થાય છે. અનુમાનથી જ્યારે કોઈ વસ્તુનું જ્ઞાન થાય તેને '**અનુમાન પ્રમાણ**' કહેવાય.

જે વસ્તુ કે બાબતનું જ્ઞાન આપણને થાય છે તેને '**પ્રમેય**' કહેવામાં આવે છે. જેનું જ્ઞાન પ્રમાણ દ્વારા થાય તેને તત્વજ્ઞાનમાં 'પ્રમેય' કહેવાય.. આમ 'પ્રમાણ' દ્વારા 'પ્રમેય'નું જ્ઞાન થાય.

આપણે આત્મા, પરમાત્મા કે ભગવાન શું છે, તે વિશે કેવી રીતે જાણી શકીએ ? તે વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવા 'પ્રમાણ'ની આવશ્યકતા રહે. 'પ્રમાણ' દ્વારા જે સિદ્ધ થાય તેને 'પ્રમેય' કહેવાય. કોઈ પણ 'પ્રમેય'નું જ્ઞાન મેળવવા 'પ્રમાણ'ની આવશ્યક્તા રહે. શાસ્ત્રોમાં અનેક પ્રકારના પ્રમાણોની ચર્ચા કરવામાં આવી છે. 'તત્વજ્ઞાન'માં '**પ્રમાણ વ્યવસ્થા**' જાણવી-સમજવી જરૂરી છે, કેમ કે તેનાથી જ 'પ્રમેય'નું જ્ઞાન થાય.

૨૦

શબ્દ પ્રમાણ

આપણે મોબાઈલ કે ગુલાબની સુગંધ વિશે જાણવા 'પ્રત્યક્ષ પ્રમાણ'ની વાત કરી, અનુમાન દ્વારા 'આગ' વિશેનું પણ જ્ઞાન થઈ શકે તે જોયું. પરંતુ 'ભગવાન' વિશે આપણે કેવી રીતે જાણી શકીએ ? ઉપરોક્ત પ્રમાણો લૌકિક બાબતો–પ્રમેયોનું જ્ઞાન કરાવી શકે, પણ ભગવાન જેવા અલૌકિક તત્ત્વો–પ્રમેયો માટે પ્રયત્ક્ષ આદિ પ્રમાણો ઉપયોગી ન થઈ શકે. કોણ બતાવી શકે કે જો ભગવાન આવા હોય !

ધારો કે આપણે આપણા પરદાદાને જોયા નથી. આપણા પિતા આપણને પરદાદાનો ફોટો બતાવી કહે છે 'જો આ તારા પરદાદા છે.' પિતાના આ વાક્યથી જ આપણને 'પરદાદા'નું જ્ઞાન થઈ જાય છે. પછી આપણા કોઈ પારિવારિક ફોટામાં જો પરદાદા દેખાય તો તરત જ તેમને ઓળખી લઈએ. પિતાના વાક્યથી જ આપણને પરદાદા વિશેનું જ્ઞાન થઈ જાય છે. આનું કારણ છે કે આપણા પિતાના વચનમાં આપણને વિશ્વાસ હોય છે. તેમના વચનમાં આપણે પૂર્ણ શ્રદ્ધા ધરાવીએ છીએ. આવા વિશ્વસનીય વચનને **'આપ્તવચન'** કહેવાય છે.

'આપ્તવચન' એ એવી વ્યક્તિની વાણી છે જે કદી ખોટું ન કહે, જેનામાં આપણે સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકીએ, જેના વચનને આપણે 'પ્રમાણ' માની શકીએ. આ પ્રકારના પ્રમાણને શાસ્ત્રમાં **'શબ્દ પ્રમાણ'** કહેવામાં આવે છે. ભગવાનની વાણી, મહાપુરુષોની વાણી, તેમના ગ્રંથો એ **'શબ્દ પ્રમાણ'** છે. આત્મા, પરમાત્મા ઈત્યાદિ અલૌકિક પ્રમેયો, જેનું જ્ઞાન આપણને પ્રત્યક્ષ પ્રમાણથી થઈ શકતું નથી, ત્યાં 'શબ્દ પ્રમાણ' ઉપયોગી થઈ પડે છે. 'ભગવાન' વિશેનું જ્ઞાન શબ્દ પ્રમાણ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. મહાપુરુષોની, સંતોની, આચાર્યોની, ઋષિમુનિઓની વાણીને 'શબ્દપ્રમાણ' માનવામાં આવે છે, કારણ કે તેઓનું વ્યક્તિત્વ એવું હોય છે, જેઓ હંમેશાં સત્ય જ કહે, ક્યારેય અસત્ય વાણી ન ઉચ્ચારે. તત્ત્વજ્ઞાનના વિષયો–જીવ, આત્મા, પરમાત્મા ઈત્યાદિનું જ્ઞાન આપણને 'શબ્દપ્રમાણ'થી જ પ્રાપ્ત થાય છે.

૨૧

વલ્લભ પ્રમાણ વ્યવસ્થા

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની વિચારધારાને પ્રતિપાદિત કરવા તેમજ બ્રહ્મ ઈત્યાદિ તત્ત્વોને સમજાવવા **‘શબ્દ પ્રમાણ’**નો જ સ્વીકાર કર્યો છે, કારણ કે પરમાત્મા જેવા અલૌકિક પરમ તત્ત્વને ‘પ્રત્યક્ષ’ ઈત્યાદિ પ્રમાણોથી જાણી કે સમજાવી શકાય નહીં. તેમણે ભગવાન સ્વયંની વાણીને જ, જે ભગવાને પોતે પ્રગટ કરી હોય, તેવા ભગવદ્ શાસ્ત્રના વચનોને જ **‘શબ્દ પ્રમાણ’** તરીકે સ્વીકાર્યા છે. અગાઉ જે નિબંધ ગ્રંથની આપણે વાત કરી, તેમાં શરૂઆતમાં જ તેઓ આ બાબતની સ્પષ્ટતા કરતાં કહે છે–

‘વેદાઃ શ્રીકૃષ્ણ વાક્યાનિ, વ્યાસસૂત્રાણી ચૈવ હિ,
સમાધિભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્’

અર્થાત્–સમગ્રપણે બધાં જ ‘વેદો’, ભગવાન શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા, વ્યાસજીએ રચેલા બ્રહ્મસૂત્રો (તથા જૈમિની સૂત્રો) તેમજ શ્રીમદ્ ભાગવત પુરાણ, આ ચાર શાસ્ત્રોના સમૂહને શ્રી વલ્લભાચાર્યજીએ ‘શબ્દપ્રમાણ’ રૂપે સ્વીકાર્યા છે અને તેના આધારે તેમણે પોતાની ‘શુદ્ધાદ્વૈત વિચારધારા’ પ્રતિપાદિત કરી છે. તેમણે એક સ્પષ્ટતા એ પણ કરી છે કે તેઓ એ ચારેય શાસ્ત્રોને એક ચોક્કસ ક્રમમાં એટલા માટે કહી રહ્યા છે, જેથી ઉત્તરોત્તર જો કોઈ એક શાસ્ત્રમાં કોઈ પ્રકારનો સંદેહ ઉત્પન્ન થાય તો તેનું નિરાકરણ તે પછીના શાસ્ત્રમાંથી મળી શકે. શાસ્ત્રોમાં અનેક વિરોધી વચનો પણ જોવા મળે છે, જેનાથી આપણે ગુંચવાઈ જઈએ.

શ્રી વલ્લભાચાર્યજી આ ચાર શાસ્ત્રોને જુદા જુદા પ્રમાણ તરીકે સ્વીકારતાં નથી, પરંતુ તે સર્વ શાસ્ત્રોની **‘એક વાક્યતા’**ને તેઓ પ્રમાણ માને છે. તેઓ સ્પષ્ટપણે કહે છે કે કોઈ પણ ‘અન્ય પ્રમાણ’, જો આ શાસ્ત્રવચનોનું અનુમોદન કરે તો તેને ‘પ્રમાણ’ ગણી શકાય, અન્યથા તેની વિરુદ્ધ કોઈ પણ વાત પ્રમાણ હોઈ શકે નહીં.

આનાથી સમજી શકાય કે શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારા મનઘડંત નથી, પરંતુ શાસ્ત્ર સંમત છે.

૨૨

પ્રમાણ ચતુષ્ટય

અગાઉ કહ્યું તેમ ચાર શાસ્ત્રોના સમૂહને શ્રી વલ્લભાચાર્યજીએ '**શબ્દ પ્રમાણ**' રૂપે સ્વીકાર્યા છે, જે '**પ્રમાણ ચતુષ્ટય**' કહેવાય છે. આ ચારેય શાસ્ત્રો ભગવદ્ વાણી હોઈ તે '**આપ્તવચન**' છે અને તેથી તેની પ્રમાણભૂતતા પર સંદેહ કરી શકાય નહીં.

વેદ : વેદ 'અપૌરૂષેય' કહેવાય છે, કારણ કે તેની રચના કોઈ મનુષ્યે કરેલી નથી. તે ભગવાનના નિશ્વાસ રૂપ હોઈ પ્રાચીન ઋષિઓએ સમાધિમાં તેનું શ્રવણ કરેલું છે. તેથી જ તે '**શ્રુતિ**' પણ કહેવાય છે. આમ શ્રુતિવચનો ભગવાનની સ્વયંની વાણી હોવાથી શબ્દપ્રમાણ છે.

ગીતા : મહાભારતના યુદ્ધ સમયે, સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જે ઉપદેશ આપ્યો તે 'ગીતા' તરીકે પ્રસિદ્ધ છે. સાક્ષાત ભગવાનની પોતાની આ વાણી છે તે નિર્વિવાદ છે. તેથી તેમના વચનો નિઃશંકપણે પ્રમાણ તરીકે સ્વીકાર્ય જ હોય.

બ્રહ્મસૂત્રો : વેદ-વ્યાસજી ભગવાનના વિવિધ અવતારોમાંના એક '**જ્ઞાનાવતાર**' છે. બ્રહ્મસૂત્રો એ ઉપનિષદોનું સૂત્રાત્મક સ્વરૂપ છે, તે આપણે અગાઉ જોયું. તેથી આ શાસ્ત્ર પણ 'આપ્તવાણી' તરીકે શબ્દપ્રમાણ ગણાય.

ભાગવત : અઢાર પુરાણોમાં **ભાગવત 'મહાપુરાણ'** છે. વ્યાસજીએ નારદજીની સૂચનાથી સમાધિમાં અનુભૂત કરેલી ભગવદ્ લીલાઓ તેમાં આલેખી છે. ભાગવત્ વેદોના સાર રૂપ છે, તેમજ ભગવાને ગીતામાં કહેલી વાણીનું વિવરણ છે. તે રીતે ભાગવત પણ ભગવદ્ વાણી છે, ભક્તિનો ગ્રંથ છે, તેને સર્વ શાસ્ત્રોનો સાર કહેવાય છે.

આમ આ ચારેય શાસ્ત્રોને શ્રી વલ્લભાચાર્યજીએ '**ભગવદ્ વચન**' હોવાના કારણે શબ્દપ્રમાણ તરીકે સ્વીકાર્યા છે, જે '**પ્રમાણ ચતુષ્ટય**' તરીકે ઓળખાય છે. શંકરાચાર્ય ભાગવત સિવાયના ઉપરોક્ત ત્રણ શાસ્ત્રોને '**પ્રસ્થાનત્રયી**' તરીકે ઓળખાવે છે, કારણ કે તેમના મતે એ શાસ્ત્રોના જ્ઞાનથી જીવ બ્રહ્મ સ્વરૂપને પામે છે. શ્રી વલ્લભાચાર્યજી તેને 'પ્રસ્થાન' નહીં માનતા 'પ્રમાણ' રૂપે સ્વીકારે છે.

પ્રમાણોની 'એક વાક્યતા'

આપણને એક સ્વાભાવિક પ્રશ્ન ઉદ્દભવે કે આગળ કહ્યા તે ચારેય શાસ્ત્રો જો ભગવદ્ વાણી હોવાથી 'પ્રમાણ'રૂપ છે તો પછી તેમાંથી કોઈ એકને જ પ્રમાણ તરીકે ન સ્વીકારતા શ્રી વલ્લભાચાર્યજીએ તે બધાનો – **'પ્રમાણ ચતુષ્ટય'**ના રૂપમાં આધાર લેવાની આવશ્યકતા શું ?

અહીં એક વાત સમજવાની છે. ભગવદ્ વાણી 'દુર્બોધ' હોય છે. તેના અનેક અર્થ નીકળતા હોય છે. તેથી ક્યારેક તેમાં વિરોધાભાસ જણાય છે. અશ્વત્થામાનો વધ કરવા જ્યારે અર્જુન પ્રવૃત્ત થયો ત્યારે ભગવાન કૃષ્ણે તેને આજ્ઞા કરી કે 'તે ગુરુપુત્ર છે તેથી તેનો વધ ન કરાય, કેમ કે તે ધર્મ કે શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ છે.' પરંતુ પાછું તેમ પણ કહ્યું કે 'આતતાયીને મારવામાં કશું ખોટું નથી.' અર્જુન મુંઝાઈ ગયો, શું કરવું ?

શ્રુતિ કહે છે : પરમાત્માને હાથ નથી પરંતુ પકડે છે, પગ નથી પણ દોડે છે. આપણી બુદ્ધિ આવા વચનોથી કુંઠિત થઈ જાય. પ્રત્યેક શાસ્ત્રમાં એવા અનેક વિધાનો પ્રાપ્ત થાય છે, જે વિરોધાભાસ ઉભો કરે. ત્યારે પ્રશ્ન થાય કે 'પ્રમાણ' શેને માનવું ? આવી દુવિધા પ્રત્યેક શાસ્ત્ર વચનોમાં સંભવી શકે છે.

આવી પરિસ્થિતિના નિરાકરણ માટે શ્રી વલ્લભાચાર્યજી એ કોઈ એક શાસ્ત્રને જ પ્રમાણરૂપ ન સ્વીકારતાં ઉપરોક્ત ચાર પ્રમાણો ક્રમશઃ સ્વીકાર્યા છે. એક શાસ્ત્રમાં 'વિરુદ્ધ વચનો'ના કારણે કોઈ સન્દેહ ઉત્પન્ન થાય તો તે પછીના શાસ્ત્રમાં તેનો ખુલાસો મળી શકે. પ્રત્યેક પ્રમાણ ઉત્તરોત્તર સંદેહનું નિવારક બની રહે છે.

અગાઉ કહેલા ચારેય શાસ્ત્રો ભગવદ્ વાણી છે. તેથી તેમાં કશું જ અસત્ય ન હોઈ શકે. પરંતુ માનવીની સીમિત બુદ્ધિમાં તે ઉતરી શકે નહીં. તેથી શ્રીમહાપ્રભુજી સ્પષ્ટતા કરે છે કે એ સર્વશાસ્ત્રોની **'એક વાક્યતા'**ને એટલે કે જે બધાનો એક અર્થ નીકળતો હોય તેને 'પ્રમાણ' તરીકે સ્વીકારવું જોઈએ. આમ તેમણે સ્વીકારેલા પ્રમાણો કેટલા અસંદિગ્ધ છે, તે આપણે સારી રીતે સમજી શકીએ છીએ.

૨૪

સાધન-ફલ

મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિ કાંઈક મેળવવા માટે હોય છે. જીવનના અંતિમ લક્ષને '**ફલ**' કહેવાય છે. જ્યારે કોઈક પ્રયત્ન કરીએ, કોઈ કાર્ય કરીએ, અને તેનું જે પરિણામ આવે તે તેનું ફલ છે. ફલ પ્રાપ્તિ માટે કોઈ પ્રકારના સાધનની અપેક્ષા હોય છે. કોઈ ડીગ્રી મેળવવી હોય તો તે માટે પુસ્તકો વાંચી પરીક્ષા આપવી પડે છે. પરીક્ષા રૂપી સાધન કર્યા વગર ડીગ્રી મળી શકે નહીં. કોઈક ગંતવ્યના રૂપે પણ 'ફલ' હોઈ શકે. શ્રીનાથજી જવું હોય તો બસ કે ગાડીમાં પ્રવાસ કરવો પડે. તે સાધન છે. સાધન દ્વારા 'સાધ્ય' મળે. એ રીતે સાધન અને સાધ્ય બન્ને એકબીજાથી જોડાયેલ છે. આમ 'ફલ' મેળવવા **'સાધન'** આવશ્યક છે.

મર્યાદા માર્ગમાં મોક્ષ પ્રાપ્તિ એ ફલ છે. સ્વાર્ગાદિની પ્રાપ્તિ પણ ફલ હોઈ શકે. તે માટે જ્ઞાનમાર્ગમાં કે કર્મમાર્ગમાં, અનેક સાધનો બતાવવામાં આવ્યા છે. શમદમ, જપ-તપ-દાન-યજ્ઞ ઈત્યાદિ સાધનો દ્વારા મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે, અર્થાત્ કોઈક સાધન કરવાથી તેને અનુરૂપ ફલ પ્રાપ્તિ સંભવે છે.

શ્રી મહાપ્રભુજી કહે છે : **'ભગવાનેવ ફલમ'** ભગવાન સ્વંય જ ફલ છે. અર્થાત્ પુષ્ટિજીવનું અંતિમ લક્ષ 'ભગવદ્ પ્રાપ્તિ' છે, એટલે કે ભગવાનની અલૌકિક લીલાની રસાનુભૂતિ છે. તેમણે **'તનુવિત્તજા'** સાધનરૂપ સેવાનો આગ્રહ કર્યો છે જેના દ્વારા **'માનસી સેવા'** સિદ્ધ થાય. પુષ્ટિમાર્ગમાં સેવા એ **'સાધન'** છે અને **'ફલ'** પણ તે જ છે. અહર્નિશ ભગવદ્ સેવા પ્રાપ્ત થાય તે જ તો સેવાનો હેતુ છે. માટે જ સેવાનું ફલ 'સેવા' કહ્યું છે.

શ્રી મહાપ્રભુજીનું ચિંતન હંમેશા **'પ્રમાણ-પ્રમેય-સાધનુ અને ફલ'** એ ચાર બાબતોને સાંકળી લેતું હોય છે. 'પ્રમાણ' દ્વારા 'પ્રમેય'ને જાણી શકાય અને 'સાધન' દ્વારા 'ફલ'ની પ્રાપ્તિ થાય. શ્રી મહાપ્રભુજી પ્રમાણ-પ્રમેય-સાધન અને ફલની એકસૂત્રતા પ્રસ્થાપિત કરે છે, કેમ કે શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારા **'બ્રહ્મવાદ'**ની છે, તેમના મતે 'પ્રમાણ-પ્રમેય-સાધન અને ફલ' સર્વ કાંઈ ભગવાન જ છે.

૨૫

કારણ-કાર્ય સંબંધ

'તત્ત્વજ્ઞાન' સમજવા માટે જેમ 'પ્રમાણ'ની ભૂમિકા જાણવી જરૂરી છે તેમ તત્ત્વોના **'કારણ-કાર્ય'** સંબંધ વિશે પણ જાણવું આવશ્યક ગણાય. તત્ત્વજ્ઞાનની ભાષામાં જેમાંથી કોઈ બીજી વસ્તુ ઉત્પન્ન થાય છે અથવા પરિણામ પામે છે, તેને **'કારણ'** કહે છે અને તે નવી ઉત્પન્ન થનારી વસ્તુને **'કાર્ય'** કહેવાય છે. જેવી રીતે માટીમાંથી ઘડો બનાવવામાં આવે તો 'માટી'ને 'કારણ' કહેવાય અને ઘડો તેનું 'કાર્ય' કહેવાય. તલ માંથી તેલ નીકળે ત્યારે 'તલ' એ તેલનું કારણ છે અને 'તેલ' એ તલનું કાર્ય છે.

તેવી જ રીતે જો **'બ્રહ્મ'**માંથી આ 'જગત' ઉત્પન્ન થયું હોય તો 'બ્રહ્મ' જગતનું 'કારણ' કહેવાય અને 'જગત'ને બ્રહ્મનું 'કાર્ય' કહેવાય. આમ 'કારણ' અને 'કાર્ય' હંમેશા એકબીજાથી જોડાયેલ હોય છે. બન્ને વચ્ચે પારસ્પારિક સંબંધ છે. 'કારણ' વગર 'કાર્ય'ની ઉત્ત્પતિ થઈ શકતી નથી. એ એક શાશ્વત સિદ્ધાંત છે.

જો માટીમાંથી ઘડો બનાવવો હોય તો તે માટે માટી ઉપરાંત કુંભાર તેમજ તેના ઓજાર-ચાકડો, દંડ વગેરેની પણ જરૂર પડે. માટી સ્વયં ઘડો બની શકે નહીં. તેથી માટીની જેમ કુંભાર અને તેના ઓજારો પણ ઘડા રૂપી 'કાર્ય'નું 'કારણ' કહેવાય. માટી, કુંભાર, તેના ઓજારો તે બધા ઘડાના કારણ હોવા છતાં તેમાં તારતમ્ય છે. જેમાંથી ઘડો બને છે તે માટીને **'ઉપાદાન કારણ'** કહેવાય છે, અને તેના નિમિત્તરૂપ બનનાર કુંભાર તેમજ તેના ઓજારોને **'નિમિત્ત કારણ'** કહેવાય છે.

શાસ્ત્રો કહે છે કે ભગવાને પોતે જ પોતાનામાંથી આ જગત ઉત્પન્ન કર્યું છે. અહીં 'કાર્ય' રૂપી જગતને ઉત્પન્ન કરવા માટે, જેમ ઘડા માટે માટી 'ઉપાદન કારણ' છે, તેમ ભગવાન સ્વયં જ જગતનું **'ઉપાદન કારણ'** છે. તેમજ કુંભારની જેમ જગત બનાવનાર અર્થાત્ **'નિમિત્ત કારણ'** પણ ભગવાન પોતે જ છે. તેથી એમ કહેવાય કે ભગવાન અને જગત વચ્ચે **'કારણ-કાર્ય'**નો સંબંધ છે.

૨૬

તત્ત્વજ્ઞાનના મૂલભૂત પ્રશ્નો

તત્ત્વજ્ઞાનના મૂલભૂત પ્રશ્નો છે – (૧) આપણી પોતાની ઓળખ, અર્થાત્ આપણે કોણ છીએ ? (૨) આ જગત જે આપણે ચોતરફ જોઈ રહ્યા છીએ, જેમાં આપણે રહીએ છીએ તેની વાસ્તવિકતા શું છે, તે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું, તેને કોણે બનાવ્યું ? (૩) જો તેનો કોઈ સર્જનહાર હોય, જેને સામાન્યતઃ આપણે 'ભગવાન' કહીએ છીએ તે કોણ અને તેનું સ્વરૂપ શું ? અને (૪) તેનો આપણી સાથે કે આ વિશ્વ સાથે સંબંધ શું છે ? તદુપરાંત આપણે ક્યાંથી આવ્યા અને ક્યાં જવાનું કે શું કાયમ આપણે જન્મ–મરણના ચક્કરમાં ફરતાં જ રહેવાનું અને સુખ દુઃખનો અનુભવ જ કરતાં જ રહેવાનું ?, શું તેમાંથી છુટવાનો કોઈ ઉપાય ખરો ?

વિચારશીલ મનુષ્યના મનમાં આવા પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે. શંકરાચાર્યજી કહે છે કે આ સૃષ્ટિમાં એક માત્ર '**બ્રહ્મ**'ની સત્તા છે. તે '**નિર્ગુણ–નિરાકાર**' હોઈ આપણી બુદ્ધિથી તેને સમજી શકાય નહીં. આ જગત માયાજનિત હોઈ 'મિથ્યા' છે અને તેથી 'અસાર' છે. આપણે અકારણ જાગતીક પદાર્થો પાછળ આપણો સમય વેડફીએ છીએ. આપણે સ્વયંમ જ 'બ્રહ્મ' છીએ. અજ્ઞાનવશ આપણે પોતાના સાચા સ્વરૂપને ઓળખી શકતા નથી.

તેમના મતે વૈરાગ્યપૂર્વક સંન્યાસ લઈ આ માયાવી જગતનો આપણે ત્યાગ કરવો જોઈએ. આપણા મુખ્ય શાસ્ત્રો–**વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા,** જે '**પ્રસ્થાનત્રયી**'ના નામથી ઓળખાય છે, તેના દ્વારા બ્રહ્મનું જ્ઞાન થતાં, તેને ઓળખી લેતાં આપણને સમજાશે કે આપણે જ બ્રહ્મ છીએ. તેથી જ શ્રુતિ કહે છે–'**અહં બ્રહ્માસ્મિ**' અર્થાત્ 'હું જ બ્રહ્મ છું.' આપણે બ્રહ્મ રૂપ થઈ જઈએ તે પછી ન જન્મ હોય કે ન મૃત્યુ. બ્રહ્મ વિશેનું જ્ઞાન થતાં બ્રહ્મ સાથેની એકરૂપતા તે જ 'મોક્ષ' કહેવાય.

પરંતુ શું સામાન્ય મનુષ્ય માટે વૈરાગ્ય પૂર્ણ સંન્યાસ લેવાનો, 'જ્ઞાન'નો આ માર્ગ સરલ છે ? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે !

શું આના સિવાય અન્ય કોઈ સરલત્તમ માર્ગ ખરો ?

આવો, શ્રી વલ્લભના વિચારો જાણીએ

૨૭

માયાવાદ

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન જાણ્યા પહેલાં શંકરાચાર્યજી દ્વારા પ્રતિપાદિત કરેલા **'માયાવાદ'**, જે **'કેવલાદ્વૈત વાદ'**ના નામે પ્રસિદ્ધ છે, તેને સમજવો જરૂરી ગણાય. જેમ કાળો રંગ જાણીએ તો સફેદ રંગની મહત્તા સમજાય.

'દ્વૈત'નો અર્થ થાય 'બે'. જે **'દ્વૈત'**થી વિપરીત શબ્દ છે તે **'અદ્વૈત'**, અર્થાત્ જે બે નથી પરંતુ એક માત્ર જ છે તે.

શ્રુતિમાં બ્રહ્મ વિશે કહેવાયું છે – **'એકમેવાદ્વિતિયમ્'**. એટલે કે 'તે' માત્ર એક જ છે. તેના સિવાય બીજું કાંઈ નથી. શ્રુતિ એમ પણ કહે છે – **'સર્વં ખલુ ઈદં બ્રહ્મં'**, અર્થાત્ 'આ બધું જે દેખાય છે તે બ્રહ્મ છે.' આવા શ્રુતિ વચનોના આધારે શ્રી વલ્લભાચાર્યજીથી પૂર્વે થયેલ આદિ શંકરાચાર્યજીએ વિધાન કર્યું કે આ સૃષ્ટિમાં જે એક માત્ર સત્તા ધરાવે છે તે **'બ્રહ્મ'** છે. તેના સિવાય અન્ય કાંઈ જ નથી. 'એક માત્ર', બીજું કાંઈ જ નહીં, એટલે **'કેવલ અદ્વૈત'**. તેથી તેમનો મત **'કેવલાદ્વૈત'** કહેવાયો. બ્રહ્મ સિવાય અન્ય કશાનું અસ્તિત્વ જ નથી.

તો પછી આ જગતમાં જડ–ચેતન અનેક પદાર્થો–વસ્તુઓ દેખાય છે તે શું છે ? જો એક માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ છે તો આ બધું શું છે ? કઈ રીતે આ દૃશ્યમાન જગત પ્રગટ થયું ? આ પ્રશ્નનો ખુલાસો કરતાં શંકરાચાર્ય કહે છે કે 'માયા' એક એવું વિલક્ષણ તત્ત્વ છે, જે ન હોય તે દેખાડી શકે છે. જેવી રીતે જાદુગર જાદુના પ્રયોગો કરે છે, ત્યારે ન હોય તેવી વસ્તુ એ પેદા કરે છે. માયા પણ કાંઈક આવું જ કરે છે. તેના કારણે આ દૃશ્યમાન જગત જે હકિકતમાં છે જ નહીં, છતાં આપણને અજ્ઞાનના કારણે તે હોવાનો ભાસ થાય છે. ખરેખર તો સર્વત્ર માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ છે, પરંતુ આપણને માયાના કારણે તે જગત રૂપે દેખાય છે. બીજી રીતે કહીએ તો આ જગતની ઉત્પત્તિ તે માયાનું કાર્ય છે, અર્થાત્ **'માયીક'** છે, વાસ્તવિક નથી. શંકરાચાર્યજીના આ મતને **'માયાવાદ'** તરીકે ઓળખવામાં આવે છે.

૨૮

વિવર્ત વાદ

પોતાના સિદ્ધાંતને સ્પષ્ટ કરવાં શંકરાચાર્યજી રસ્સી અને સર્પનું ઉદાહરણ આપે છે. રાત્રીના અંધકારમાં જો કોઈક જગ્યા એ એક રસ્સી લટકતી હોય તો આપણને તે 'સર્પ' હોવાનો ભાસ થાય છે. તે વાસ્તવમાં રસ્સી હોવા છતાં આપણે તેને સર્પ માની બેસીએ છીએ. જો અચાનક ત્યાં પ્રકાશ થાય તો તરત જ આપણી ભ્રાંતિ દૂર થઈ જાય અને આપણને ત્યાં રસ્સી લટકતી હોવાની વાસ્તવિકતા જણાઈ આવે. આ ઉદાહરણથી શંકરાચાર્યજી સમજાવે છે કે શ્રુતિ વચન **'એકમેવાદ્વિતિયમ્'** પ્રમાણે સર્વત્ર **'બ્રહ્મ'**નું જ અસ્તિત્વ છે. પરંતુ અવિદ્યાના કારણે આપણને જગતના વિવિધ જડ-ચેતન પદાર્થોનો અનુભવ થાય છે. તે માયાના કારણે આપણી બુદ્ધિમાં થતી ભ્રાંતિ છે. હકિકતમાં જગત જેવું કશું છે જ નહીં. જો શાસ્ત્રો દ્વારા આપણને 'બ્રહ્મ' વિશેનું સાચું જ્ઞાન થઈ જાય તો આપણું અજ્ઞાન અથવા અવિદ્યા દૂર થઈ જાય. આપણને વાસ્તવિક પરિસ્થિતિ સમજાય. આપણી ભ્રમણા દૂર થઈ જાય. ત્યારે આપણને સર્વત્ર 'બ્રહ્મ' હોવાનો અનુભવ થાય.

બીજી રીતે આને એમ પણ સમજી શકાય કે જેવી રીતે અરીસામાં આપણે કોઈ વસ્તુને જોઈએ ત્યારે તે વસ્તુ બહાર તો વાસ્તવિક હોય છે, પરંતુ અરીસામાં દેખાતું તેનું પ્રતિબિંબ હકિકતમાં ત્યાં હોતું નથી. ત્યાં હોવાનો તે આપણો ભ્રમ માત્ર હોય છે. તેવી જ રીતે આ જગત એ માયામાં દેખાતું 'બ્રહ્મ'નું પ્રતિબિંબ છે, જે સાચું નથી કે વાસ્તવિક નથી. તે આભાસ માત્ર છે. જેવી રીતે અરીસામાં દેખાતું પ્રતિબિંબ સાચું હોતું નથી, તેમ આ દૃશ્યમાન જગત સાચું નથી, તેમ શંકરાચાર્યજી માને છે. તેથી તેઓ જગતને **'મિથ્યા'** કહે છે. મિથ્યાનો અર્થ છે-'નથી તે 'સત્ય' કે નથી અસત્ય.' તે 'સત્-અસત્ વિલક્ષણ' છે તેમ કહેવાય. આવો દૃષ્ટિકોણ **'વિવર્તવાદ'** કહેવાય. વિવર્તનો સાદો અર્થ છે ભ્રમ.

૨૯

કેવલાદ્વૈત વાદ

શંકરાચાર્યજીનું તત્ત્વદર્શન **'કેવલા દ્વૈત વાદ'** નામથી પ્રસિદ્ધ છે, કારણ કે એક માત્ર પરમ સત્તા બ્રહ્મનું જ અસ્તિત્વ છે. બ્રહ્મ એક જ તત્ત્વ છે, 'અદ્વૈત' છે. તેમનો મુખ્ય સિદ્ધાંત છે : **'બ્રહ્મ સત્યમ્ જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ ના પર,'** અર્થાત્ 'બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવ એ બીજું કશું નથી પણ બ્રહ્મ જ છે.'

તેઓ કહે છે : **'બ્રહ્મ'** એટલે સર્વમાં વ્યાપેલું તત્ત્વ, આત્મતત્ત્વ, પરમ ચૈતન્ય, પરમ આત્મા, વિભુ જે નિર્ગુણ, નિરાકાર, નિર્વિશેષ, નિર્ધર્મક અને અદ્વિતીય છે. જગત્ ઉત્પન્ન થયા પહેલા જે 'કેવળ એક માત્ર સત્' હતું. તે જ 'બ્રહ્મ' તે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે જે ઈન્દ્રિય દ્વારા જાણવાનો વિષય નથી. તેમના મતે બ્રહ્મ 'અવર્ણ્ય' છે, અર્થાત્ તેનું વર્ણન થઈ શકે તેમ નથી. શ્રુતિઓ બ્રહ્મને સગુણ તેમજ નિર્ગુણ એમ બન્ને રીતે બતાવે છે. શંકરાચાર્યજી કહે છે કે **નિર્ગુણ શ્રુતિઓ** જ એ 'પરમ તત્વ'નું વર્ણન કરે છે, જે નિર્ગુણ નિરાકાર છે. તે જ **પારમાર્થિક સત્તા** છે. તે જ **'પરબ્રહ્મ'** છે. જે તત્ત્વનું **સગુણ શ્રુતિઓ** નિરુપણ કરે છે તે **'વ્યવહારિક સત્તા'** અથવા 'અપરબ્રહ્મ' છે. તેને સગુણ સાકાર કહ્યું છે જેથી આપણે તેની ઉપાસના કરી શકીએ. એ ગૌણ છે કારણ કે તે સ્વરૂપ માયાની ઉપાધિના કારણે છે, એમ શંકરાચાર્યજીનો મત છે.

'જગત'ને શંકરાચાર્યજી માયા જનીત બતાવે છે. અર્થાત્ માયા બ્રહ્મના સાચા સ્વરૂપને ઢાંકી દઈ વિવિધ રૂપોમાં તેને દેખાડે છે. તેથી તે 'મિથ્યા' છે, સત્-અસત્ વિલક્ષણ છે. તેમના મતે જીવ પણ વાસ્તવમાં બ્રહ્મનું રૂપ જ છે. તેઓ કહે છે-**'આત્મા સો પરમાત્મા'**. તે બન્નેમાં કોઈ જ ભેદ નથી. અજ્ઞાની આત્માને 'જીવ' કહેવાય છે. જ્ઞાન પ્રાપ્ત થતાં જીવ જ પરમાત્મા બની જાય છે.

આમ સૃષ્ટિમાં તત્ત્વ એકમાત્ર બ્રહ્મ જ હોવાથી શંકરાચાર્યનો મત **'કેવલાદ્વૈત વાદ'** કહેવાય છે.

વાલ્લભ મત

શ્રી વલ્લભાચાર્યજી આચાર્ય શ્રેણીમાં છેલ્લા **'આચાર્ય'** થયા. તેમણે અગાઉ બતાવ્યા તે ચાર શાસ્ત્રો–**'પ્રમાણ ચતુષ્ટય'**ના આધારે 'વેદાંત'ની એક વિશિષ્ટ પરિભાષા, એક નવીન વિચારધારા આપી છે.

મોક્ષપ્રાપ્તિના અનેક માર્ગો શાસ્ત્રોમાં બતાવ્યા છે. જેવા કે–કર્મ માર્ગ, જ્ઞાન માર્ગ, ઉપાસના માર્ગ, ભક્તિ માર્ગ ઈત્યાદિ. આ બધા માર્ગે જવા મનુષ્યે કોઈ ને કોઈ 'સાધન' કરવા પડે. મર્યાદા ભક્તિ માર્ગ પણ શાસ્ત્ર દ્વારા પ્રતિપાદિત એક સાધન માર્ગ છે. શ્રી વલ્લભાચાર્યજી એ એક એવો માર્ગ બતાવ્યો છે, જે ભગવાનની કૃપા પર નિર્ભર કરે છે.

ઉપનિષદ કહે છે : **'યમે વૈષ વૃણૃતે તેન લભ્ય'** અર્થાત્ 'ભગવાન જેનું વરણ કરે, જેના ઉપર કૃપા કરે, તેને તે મળે.' આમ ભગવાનને તેમના પોતાના અનુગ્રહથી પ્રાપ્ત કરી શકાય. ભગવાનની સ્વયંની કૃપાથી જ તેમને મેળવવાનો માર્ગ તે **'પુષ્ટિમાર્ગ'**

પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુને જ્યારે પુષ્ટિમાર્ગ પ્રકટ કરવાની ઈચ્છા થઈ ત્યારે તેમણે પોતાના મુખાર્વિન્દ સ્વરૂપ શ્રી વલ્લભને ભૂતલ ઉપર પ્રાદુર્ભૂત કરાવ્યા. આનું પ્રમાણ શ્રી ગુંસાઈજી દ્વારા રચિત **'સર્વોતિમ સ્તોત્ર'**માં મળે છે, જ્યાં કહે છે : **દયયા નિજ માહાત્મ્યં કરિષ્યન્ પ્રકંટ હરિ, વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુભૂતં ચકાર હિ'** અર્થાત્ જ્યારે શ્રીહરિએ પોતાનું માહાત્મ્ય વાણી દ્વારા પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે તેમણે પોતાના મુખાર્વિંદ સ્વરૂપને પ્રગટ કર્યું. તે જ **'આચાર્ય શ્રી વલ્લભ'**.

શ્રી વલ્લભાચાર્યજીએ પ્રમાણ ચતુષ્ટયનો આધાર લઈ પોતાની આગવી વિચારધારા **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'**નું પ્રતિપાદન કર્યું છે, જેના અંતર્ગત એક વિશિષ્ટ સાધના પ્રણાલી જે **'પુષ્ટિ માર્ગ'** તરીકે ઓળખાય છે, તેને પ્રવર્તિત કરી છે. આ ભવસાગરમાંથી બહાર નીકળવાનો અથવા ભગવદ્ પ્રાપ્તિનો એ સરલત્તમ માર્ગ કહી શકાય. તે એક વિશિષ્ટ માર્ગ છે, તેથી તેને **'પ્રથક શરણ માર્ગ'**, અથવા **'પ્રેમલક્ષણા ભક્તિ'**નો માર્ગ કહેવાય છે.

૩૧

શુદ્ધાદ્વૈત વેદાંત

'વેદાંત'નું અર્થઘટન જે પ્રકારે શ્રી વલ્લભાચાર્યજીએ કર્યું છે તેને '**શુદ્ધાદ્વૈત વેદાંત**' કહેવાય છે. તેને '**વલ્લભ વેદાંત**' પણ કહે છે. 'શાંકર વેદાંત'થી તે કેટલીક રીતે જુદુ પડે છે. શ્રી વલ્લભાચાર્યજીએ પ્રવર્તિત કરેલ પુષ્ટિમાર્ગનો એ '**વિચાર પક્ષ**' અથવા આધાર કહેવાય.

'**શુદ્ધાદ્વૈત**'નો સાદો અર્થ થાય-બ્રહ્મ અને જગત વચ્ચેનું 'અદ્વૈત', ઐક્ય, જેને માટે શંકરાચાર્યજી માને છે તેમ માયા વગેરે કશું કારણભૂત નથી. બ્રહ્મ અને જગત વચ્ચે રહેલો તાદાત્મ્ય સંબંધ શુદ્ધ છે. બ્રહ્મ પોતે જ પોતાની ઈચ્છા અને સામર્થ્યથી અનેક રુપો અને નામ ધારણ કરી આ દૃશ્યમાન 'જગત' રૂપે પ્રગટ થયા છે. આનો અર્થ એ થાય કે સૃષ્ટિમાં જે કોઈ જડ-ચેતન વસ્તુઓ દેખાય છે તે 'બ્રહ્માત્મક' છે. જગતમાં બ્રહ્મ સિવાય અન્ય કશું જ નથી. સર્વ કાંઈ બ્રહ્માના જ રુપ અને નામ છે. માટે શ્રી મહાપ્રભુજીનો મત '**બ્રહ્મવાદ**' કહેવાય છે. નિબંધના 'મંગલાચરણ'માં તેઓ સ્પષ્ટપણે કહે છે કે 'અદ્‌ભૂત કર્મ કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ આ જગતમાં વિવિધ નામ અને રૂપ ધારણ કરી ક્રીડા કરી રહ્યા છે. અર્થાત્ શ્રીકૃષ્ણ એ જ તે પરબ્રહ્મ પરમાત્માનું 'સાકાર સ્વરૂપ' છે. બ્રહ્મનું એ સાકાર રૂપ જ સૃષ્ટિમાં વિલસી રહ્યું છે. શ્રુતિવચન '**સર્વં ખલુ ઈદં બ્રહ્મ**' પણ એ જ વાતનો નિર્દેશ કરે છે કે જગતમાં જે પણ જડ-ચેતન પદાર્થો દેખાય છે, અથવા અસ્તિત્વ ધરાવે છે, તે બધા જ બ્રહ્મે લીધેલા વિવિધ રૂપો છે. આ હકિકત જ શ્રી વલ્લભાચાર્યજીના **બ્રહ્મવાદ**ના સિદ્ધાંતના મૂળમાં છે. તેમના મતે ઉપનિષદ અર્થાત્ વેદાંતનો આજ સાચો અર્થ અને ઉપદેશ અથવા તાત્પર્ય છે, કેમ કે સચ્ચિદાનંદ બ્રહ્મ જ જગત રૂપે પરિણમિત થતાં તે સત્ય, જ્ઞાન અને અનંત બની જાય છે. બ્રહ્મનું 'સત્'-સત્ય રૂપે, 'ચિત્'-જ્ઞાન રૂપે અને 'આનંદ'-અનંત રૂપે સૃષ્ટિમાં પ્રગટ થયું છે. તેથી જ જગત મિથ્યા નથી, પરંતુ 'બ્રહ્મ' જેટલું જ સત્ય છે.

શુદ્ધાદ્વૈત વેદાંતના મૂલભૂત સિદ્ધાંત

શ્રી વલ્લભાચાર્યજી એ પોતાના '**વેદાંત-દર્શન**'ની ઈમારત કેટલાક પાયાગત સિદ્ધાંતોના થાંભલાઓ પર ઉભી કરી છે. તે સિદ્ધાંતો શ્રુતિ-સ્મૃતિઓના નિર્વિવાદ કથનો અને વિવિધ ભારતીય દર્શનોમાં વર્ણિત વિચારો છે, જે સર્વમાન્ય છે, સ્વીકાર્ય છે. શ્રી વલ્લભાચાર્યજીએ નિમ્ન સર્વે વાદોને પોતાની શુદ્ધાદ્વૈત વિચારધારાનો આધાર બનાવ્યો છે. તે પ્રત્યેક '**વાદ**'નું તાત્પર્ય તેમણે પોતાના વિવિધ ગ્રંથો - **નિબંધ, અણુભાષ્ય, સુબોધિની, ષોડશગ્રંથો** ઈત્યાદિમાં વિસ્તારપૂર્વક સમજાવ્યું છે, તેના ખુલાસા કર્યા છે. આ વિવિધ વાદો પર ભિન્ન ભિન્ન દર્શનોએ પ્રકાશ પાડ્યો છે. તે રીતે તે પ્રત્યેક વાદ શાસ્ત્ર સંમત છે. જો શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન સમજવું હોય તો આ વિવિધ વાદમાં જે તથ્યોનું નિરુપણ કરવામાં આવ્યું છે તે વિશે જાણવું ખૂબ જ જરૂરી ગણાય. એ વિવિધ વાદો અથવા સિદ્ધાંતો નીચે મુજબ છે.

૧. બ્રહ્મવાદ
૨. વિરુદ્ધ ધર્માશ્રયતા વાદ.
૩. સત્ કારણતા વાદ
૪. સત્-કાર્યવાદ
૫. અભિન્ન નિમિત્તોપાદાન કારણતા વાદ
૬. આવિર્ભાવ તિરોભાવ વાદ
૭. અવિકૃત પરિણામ વાદ
૮. તાદાત્મ્ય વાદ
૯. લીલાર્થ સૃષ્ટિ વાદ

શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારાના આધાર રૂપ આ પ્રત્યેક વાદોને પછીના પૃષ્ઠોમાં સંક્ષિપ્તમાં સમજાવવામાં આવ્યા છે, જેથી તેમના દ્વારા નિરુપિત 'શુદ્ધાદ્વૈત વેદાંત'ને સારી રીતે જાણી શકાય.

બ્રહ્મવાદ

શ્રુતિવચન પ્રમાણે '**બ્રહ્મ**' '**એકમેવાદ્વિતીયમ્**' છે, અર્થાત્ તે એવું 'તત્ત્વ' છે જે એક માત્ર જ છે, તે સિવાય અન્ય કશું જ અસ્તિત્વ ધરાવતું નથી. અન્ય શ્રુતિવાક્ય–'**સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ**' પ્રમાણે સૃષ્ટિમાં જે કાંઈ દ્દશ્યમાન છે, અર્થાત્ જેને આપણે 'જગત' કહીએ છીએ, તે બધું 'બ્રહ્મ' જ છે. તેણે જ અનન્ત નામ–રૂપ ધારણ કર્યા છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે આ દેખાતી બધી વસ્તુઓ ઘણાં તત્ત્વો નથી, પરંતુ ઘણા રૂપોમાં દેખાતું એક જ તત્ત્વ છે, જેને 'બ્રહ્મ' કહે છે.

શ્રુતિ 'બ્રહ્મ' ને '**સચ્ચિદાનંદ**' કહે છે. અર્થાત્ તેમાં ત્રણ તત્ત્વો–**સત્, ચિત્** અને **આનંદ** સમાહિત છે. તે ત્રણેય તત્ત્વો જ બ્રહ્મમાંથી અંશ રૂપે છુટા પડી જડ–જીવાત્મક અનેક નામ અને રૂપો ધારણ કરી આ સૃષ્ટિમાં દ્દશ્યમાન થયા છે. તેને માટે માયા જેવું કોઈ તત્ત્વ કારણરૂપ નથી, પરંતુ બ્રહ્મની પોતાની ઈચ્છા જ તે માટે કારણ રૂપ છે. શ્રુતિ કહે છે–'**એકોહં બહુસ્યામ્**', એટલે કે એકમાંથી અનેક થવાની તેણે ઈચ્છા કરી, અને ઘણા રૂપ ધારણ કરી લીધાં. તેથી એમ કહેવાય કે આ સૃષ્ટિમાં દેખાતું 'કાર્ય' રુપ જગત તે બ્રહ્મ જ છે, બ્રહ્મ સિવાય અન્ય કશું જ નથી.

જેવી રીતે સોનાની લગડી વિવિધ આભુષણોનું રૂપ ધારણ કરી લે ત્યારે પણ તે બધામાં સોનું તત્ત્વતઃ અકબંધ રહે છે. પ્રત્યેક ઘરેણાંના જુદા જુદા રૂપ અને નામ હોવા છતાં વસ્તુતઃ તો તે સોનુ જ છે. તેવી રીતે અનેક જડ–જીવ રૂપો ધારણ કરવા છતાં તે બ્રહ્મ તત્ત્વ તેમાં રહેલું છે.

બ્રહ્મ પોતે જ આ જગતનું '**ઉપાદાન કારણ**' તેમજ '**નિમિત્ત કારણ**' છે, અર્થાત્ તેણે પોતે જ પોતાનામાંથી આ જગતનું સર્જન કર્યું છે અને તે પોતે જ તેમાં અસ્તિત્વ ધરાવે છે.

આમ આ સૃષ્ટિમાં જે કાંઈ પદાર્થ છે, શબ્દો છે, નામ છે, રુપ છે, તે સર્વ કાંઈ 'બ્રહ્મ' છે, બ્રહ્મ સિવાય અન્ય કાંઈ જ નથી. શ્રી વલ્લભાચાર્યજીની આ વિચારધારાને '**બ્રહ્મવાદ**' કહે છે.

૩૪

વિરુદ્ધ ધર્માશ્રયતા વાદ

ઉપનિષદોમાં બ્રહ્મના સ્વરૂપ વિશે અનેક વિરોધી વચનો પ્રાપ્ત થાય છે. તેમાં કહ્યું છે – તે ચાલે છે છતાં નથી ચાલતો, તે ઘણો દૂર છે અને પાસે પણ છે. તે અણુથી પણ નાનો છે તો સાથે સાથે સૌથી મોટો પણ છે. તેને હાથ નથી, પણ પકડે છે.

શંકરાચાર્યજી શ્રુતિવચનોને બે વિભાગોમાં વહેંચી કેટલીકને '**સગુણ શ્રુતિ**'ઓ કહે છે તો બીજી '**નિર્ગુણ શ્રુતિ**'. તેમના મતે નિર્ગુણ શ્રુતિ મુખ્ય શ્રુતિ છે, જે બ્રહ્મના પારમાર્થિક ગુણોનું વર્ણન કરે છે. તે બ્રહ્મને નિર્ધમક, નિરાકાર, નિર્ગુણ વગેરે કહે છે. તેવા ગુણોવાળા બ્રહ્મને તેઓ '**પરબ્રહ્મ**' કહે છે. તેનાથી વિપરિત 'સગુણ શ્રુતિઓ'ને તેઓ ગૌણ માને છે, જે બ્રહ્મને સગુણ, સાકાર, સધર્મક ઈત્યાદિ બતાવે છે. તેવા બ્રહ્મને તેઓ '**અપરબ્રહ્મ**' તરીકે ઓળખાવે છે. તેમના મતે બ્રહ્મ વાસ્તવમાં નિર્ગુણ–નિરાકાર–નિધર્મક જ છે. પરંતુ તેની ઉપાસનાને અનુલક્ષીને ગૌણ શ્રુતિઓ બ્રહ્મના સગુણ–સાકાર રૂપનું વર્ણન કરે છે.

શ્રી વલ્લભાચાર્યજી સ્પષ્ટપણે માને છે કે જ્યારે આપણે વેદને પ્રમાણ તરીકે માનીએ તો તેના બધા જ વાક્યો–તથ્યો સ્વીકાર્ય હોવા જોઈએ. આપણે વેદનો અર્થ આપણી સમજ મુજબ ન કરી શકીએ. વેદ જે પણ કહે તે સંપૂર્ણ સત્ય જ હોય.

વેદ અગર બ્રહ્મના સ્વરૂપ વિશે વિરુદ્ધ વચનો કહે તો એમ જાણવું જોઈએ કે બ્રહ્મમાં તે પ્રકારે 'વિરુદ્ધ ધર્મો' રહેલા હોવા જોઈએ. બ્રહ્મને 'નિર્ગુણ' કહેવાનું તાત્પર્ય એ છે કે તેમાં મનુષ્ય જેવા લૌકિક ગુણો નથી. બ્રહ્મમાં ઐશ્વર્ય, વીર્ય, યશ શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા દિવ્ય ગુણો રહેલા છે, તે અર્થમાં તેને '**સગુણ**' કહ્યા છે. શ્રુતિ બ્રહ્મને અણુ હોવાની સાથે 'મહતો મહિયાન' 'મોટામાં મોટો' પણ કહે છે. આનું ઉદાહરણ–'માતા યશોદાના ખોળામાં સુવા છતાં કૃષ્ણ સમગ્ર બ્રહ્માંડનો નાયક–આધાર પણ છે. આમ બ્રહ્મ 'વિરુદ્ધધર્માશ્રયી' છે.

૩૫

સત્-કારણતા વાદ

અગાઉ આપણે '**કારણ-કાર્ય સંબંધ**' વિશે જોયું. માટીમાંથી ઘડો બને છે માટે માટીને '**કારણ**' અને ઘડાને '**કાર્ય**' કહેવામાં આવે છે. તેવી જ રીતે આ દેખાતું જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે. તેથી જગતનું કારણ 'બ્રહ્મ' કહેવાય. બ્રહ્મના '**સત્**' તત્ત્વમાંથી જગતના જડ પદાર્થો અને '**ચિત્**' તત્ત્વમાંથી પ્રાણી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. બ્રહ્મ સત્-ચિત્-આનંદ યુક્ત હોઈ જગતનું કારણ 'બ્રહ્મ' સત્ય છે. તેથી બ્રહ્મને '**સત્ કારણ**' કહેવાય અને એટલે જ, જેનું કારણ 'સત્' હોય તેનું કાર્ય પણ 'સત્' જ હોય, અસત્ ન હોઈ શકે. માટે જગતને પણ શ્રી વલ્લભાચાર્યજી સત્ય માને છે, શંકરાચાર્યજીની માફક મિથ્યા માનતા નથી.

ગીતામાં ભગવાન કહે છે '**નાસતો વિદ્યતે ભાવો ના ભાવો વિદ્યતે સતઃ**' અર્થાત્ જે નથી તેનું અસ્તિત્વ રહેતું નથી અને જે શાશ્વત છે તેનો કદી નાશ થતો નથી. બ્રહ્મનું અસ્તિત્વ છે (તેમાં 'સત્' તત્વ 'હોવાના' અથવા 'અસ્તિત્વ'ના અર્થમાં). તે જેનું કારણ હોય છે તે જગત પણ 'સત્' રૂપ જ હોય, તે અસત્ ન હોઈ શકે. સત્કારણમાંથી સત્કાર્ય જ ઉત્પન્ન થાય એ સિદ્ધાંત છે.

ઉપનિષદ પણ આ વાતનું સમર્થન કરતાં કહે છે કે આ બધી પ્રજાનું મૂળકારણ 'સત્' છે. 'સત્' જ બધાનો આશ્રય છે અને છેવટે પણ 'સત્' જ બાકી રહે છે.

આને '**સત્ કારણ વાદ**'નો સિદ્ધાંત કહે છે, જેનો શ્રી વલ્લભાચાર્યજીએ સ્વીકાર કર્યો છે. તેથી જ તેઓ પોતાના નિબંધ ગ્રંથમાં સ્પષ્ટતા કરતાં કહે છે – આ પ્રપંચ (જગત) એ ભગવત્કાર્ય છે. એટલે કે તે ભગવાન દ્વારા પ્રકટ થયેલ હોવા ઉપરાંત 'ભગવદ્ રૂપ' પણ છે. તેથી જ બ્રહ્મ અને જગતનું શુદ્ધ અદ્વૈત સંભવી શકે છે. માટે શ્રી વલ્લભાચાર્યજીનો વાદ '**શુદ્ધાદ્વૈત વાદ**' છે.

જેનું ઉપાદાન કારણ 'સદ્રુપ' હોય તેનું કાર્ય પણ સદ્રુપ જ હોય તે સમજી શકાય છે. તેથી જ શ્રી મહાપ્રભુજી જગતને 'સત્ય' કહે છે.

૩૬

સત્‌કાર્ય વાદ

આપણે જાણીએ છીએ કે તલને ઘાણીમાં પીલવામાં આવે તો તેમાંથી 'તેલ' ઉત્પન્ન થાય છે. આવું ત્યારે જ સંભવી શકે જ્યારે 'કારણ' રૂપ તલમાં કાર્ય રૂપ તેલ પહેલેથી જ મોજુદ હોય. કેટલાંક એવું માનતા હોય છે કે ઉત્પત્તિ પહેલાં 'કાર્ય' અસત્‌ હોય છે, એટલે કે તેનું અસ્તિત્વ જ નથી હોતું. આવી માન્યતાને **'અસત્કાર્ય વાદ'** કહેવાય છે. આનાથી વિપરિત આપણે જેમ ઉપરના ઉદાહરણમાં જોયું તેમ સત્‌ 'કાર્ય' રુપી તેલ સત્‌ 'કારણ' રુપ તલમાં પહેલેથી જ અસ્તિત્વ ધરાવે છે, ભલે તે ત્યારે દેખાતું ન હોય. આ સિદ્ધાંતને **'સત્કાર્ય વાદ'** કહે છે. 'સાંખ્ય દર્શન'નો આ સિદ્ધાંત છે, જેને શ્રી વલ્લભાચાર્યજી પણ સ્વીકારે છે.

આ વાતને બીજી રીતે કહીએ તો દરેક **કાર્ય** ઉત્પન્ન થતાં પહેલાં **'કારણ'**માં અસ્તિત્વ ધરાવતું જ હોય છે. છાશને વલોવીએ તો 'માખણ' ઉત્પન્ન થાય છે, કારણ કે છાશમાં 'માખણ'નું અસ્તિત્વ રહેલું હોય છે. જો પાણીને વલોવવામાં આવે તો તેમાંથી માખણ નીકળતું નથી, કારણ કે તેમાં માખણ હોતું જ નથી. જેનું અસ્તિત્વ જ ન હોય, અર્થાત્‌ જે 'અસત્‌' છે, તેની ઉત્પત્તિ થઈ શકતી જ નથી, એ 'સત્કાર્ય વાદ'નો સિદ્ધાંત છે.

તેવી જ રીતે કારણ રૂપ બ્રહ્મ, જે સત્ય છે. તેમાં કાર્ય રૂપ 'જગત' પહેલેથી જ અસ્તિત્વ ધરાવે છે. બ્રહ્મ પોતાની ઈચ્છાથી જ્યારે જગતને ઉત્પન્ન કરે છે, તે બ્રહ્મ જેટલું જ 'સત્ય' હોય. કારણ કે તેમાં 'કારણ'નું 'કાર્ય' રૂપમાં કેવલ રૂપાન્તર થાય છે, તે નવીન ઉત્પત્તિ નથી.

શ્રુતિ તેથી જ કહે છે કે આ સૃષ્ટિના પૂર્વમાં 'સત્‌' હતું જે 'એક માત્ર' જ હતું. તે એક તત્ત્વ સિવાય અન્ય કાંઈ જ ન હતું. જગત તેમાં પૂર્વમાં અસ્તિત્વ ધરાવતું જ હોવું જોઈએ. તો જ સત્‌-કારણ રુપ બ્રહ્મમાંથી સત્‌-કાર્ય રુપ જગત ઉત્પન્ન થઈ શકે.

૩૭

અભિન્ન નિમિત્તોપાદાન કારણતા વાદ

જેમ '**ઉપાદાન કારણ**' માટીમાંથી '**નિમિત્ત કારણ**' કુંભાર ઘડો બનાવે છે, તેમ બ્રહ્મ સ્વયં જ '**નિમિત્ત કારણ**' બની (ઘડો બનાવનાર કુંભારની જેમ) 'ઉપાદાન કારણરૂપ' પોતામાંથી જ જગત રૂપી 'કાર્ય'નું સર્જન કરે છે. અર્થાત્ એમ કહી શકાય કે બ્રહ્મ પોતે જ જગત રૂપી કાર્યનું 'ઉપાદાન કારણ' તેમજ 'નિમિત્ત કારણ' બને છે.

'માટી' અને 'ઘડા'ના દૃષ્ટાંતમાં ઉપાદાન કારણ 'માટી' અને નિમિત્ત કારણ 'કુંભાર' એ બન્ને અલગ અલગ છે. બન્ને વચ્ચે ભિન્નતા અથવા અલગપણું છે. માટી એક જુદો પદાર્થ છે અને કુંભાર એક અલગ વ્યક્તિ છે. તે બન્ને એકબીજાથી ભિન્ન ભિન્ન છે.

પરંતુ જગતનું 'ઉપાદાન કારણ બ્રહ્મ' અને 'નિમિત્ત કારણ' પણ 'બ્રહ્મ' એ બન્ને એક જ તત્ત્વ છે. બન્ને અભિન્ન છે. બ્રહ્મ પોતે જ જગતનું સર્જન પોતાનામાંથી જ કરે છે. સ્વયંમ્ જ જગત રૂપે પરિણમિત થાય છે. બીજી રીતે કહીએ તો બ્રહ્મ અને જગત વચ્ચે શુદ્ધ 'અદ્વૈત' રહેલું છે, બન્ને વચ્ચે 'અભેદ' છે. કારણ અને કાર્ય વચ્ચે અભિન્નતા છે.

ભાગવત કહે છે – 'જ્યાં, જેના થકી, જેનાથી, જે તે પ્રયોજનવશ, જેના માટે, જે કાંઈ, જેવી રીતે, જ્યારે થાય છે. તે પ્રકૃતિ હોય, પુરુષ હોય કે પરમેશ્વર હોય, જે કાંઈ છે તે બધું પોતે ભગવાન જ સાક્ષાત્ બનતા હોય છે.' આમ જગત જેમાંથી બન્યું છે 'તે ઉપાદાન કારણ' ભગવાન છે અને જેણે જગત બનાવ્યું છે તે બનાવનાર 'નિમિત્ત કારણ' પણ ભગવાન છે. તેથી બ્રહ્મને જગતનું '**અભિન્નનિમિત્તોપાદાનકારણ**' કહેવામાં આવે છે.

ખૂબીની વાત અહીં એ છે કે બ્રહ્મ જગતનું 'ઉપાદાન કારણ' તેમજ 'નિમિત્તકારણ' પણ બને છે, છતાં તે બન્ને પ્રકારના કારણ તેમજ જગત રૂપી કાર્યથી ભિન્ન નથી. તેથી જ આ તથ્ય શ્રી મહાપ્રભુજીની 'શુદ્ધાદ્વૈત' વિચારધારાનું મહત્વનું પાસુ છે.

૩૮

આવિર્ભાવ – તિરોભાવ વાદ

અગાઉ કહ્યું તેમ 'સત્' વસ્તુનો ક્યારેય 'અભાવ' (ન હોવું) અથવા નાશ હોઈ શકતો નથી. 'સત્'ને જોઈ ન શકાતું હોય તે જુદી વાત છે, પરંતુ તેનું અસ્તિત્વ જ નથી તેમ ન કહી શકાય. 'સત્કાર્યવાદ'ના સિદ્ધાંતમાં આપણે જોયું કે 'કાર્ય' 'કારણ'માં પહેલેથી જ અસ્તિત્વ ધરાવે છે. કારણ 'તલ'માં કાર્ય 'તેલ'નું અસ્તિત્વ હોય જ છે. પરંતુ તે ત્યારે દેખાતું નથી. હોવા છતાં ન દેખાવું તેને શ્રી વલ્લભાચાર્યજી **'તિરોભાવ'** કહે છે. તલમાં તેલનો **'તિરોભાવ'** છે, તેમ કહેવાય. તે પ્રમાણે જગતની ઉત્પત્તિ થઈ તે પહેલાં તેનું બ્રહ્મમાં અસ્તિત્વ હતું પરંતુ તેને જોઈ કે અનુભવી શકાતું ન હતું. તેથી એમ કહેવાય કે ત્યારે જગતનો **'તિરોભાવ'** હતો.

તેવી જ રીતે જ્યારે જગત ઉત્પન્ન થયું, દેખાતું થયું ત્યારે તે 'પ્રગટ થયું' કે તેનો **'આવિર્ભાવ'** થયો તેમ કહેવાય. આમ જ્યારે કોઈ વસ્તુ પ્રગટ થાય ત્યારે તેનો **'આવિર્ભાવ'** થયો એમ કહેવાય છે, અને તે છુપાઈ જાય અથવા દેખાય નહીં ત્યારે તેનો 'તિરોભાવ' થયો એમ કહેવાય, કારણ કે તેનું અસ્તિત્વ ક્યારેય મટી જતું નથી.

શ્રી વલ્લભાચાર્યજી, **'આવિર્ભાવ'** અને **'તિરોભાવ'** એ બે ભગવાનની શક્તિઓ છે, તેમ સમજાવે છે. ભગવાન સચ્ચિદાનંદ છે. તેમાં **સત્–ચિત્ત–આનંદ** એ ત્રણ ઘટકો રહેલા છે. જગતમાં જેટલા પણ જડ પદાર્થો છે તેમાં ભગવાનનું 'સત્' તત્ત્વ પ્રગટ હોય છે, પરંતુ 'ચિત્ત' અને 'આનંદ' તત્ત્વોને ભગવાન છૂપાવી દે છે. અર્થાત્ તે 'તિરોહિત' થયેલું હોય છે. તેવી રીતે ચૈતન્ય સૃષ્ટિમાં ભગવાનના 'સત્' અને 'ચિત્' તત્ત્વોનો આવિર્ભાવ હોય છે, જ્યારે 'આનંદ' તત્ત્વનો તિરોભાવ હોય છે. જગત ભગવાનનું જ બીજું રૂપ હોવા છતાં તેમાં આનંદનો અનુભવ થતો નથી. તે બાબતને શ્રી વલ્લભાચાર્યજી **'આવિર્ભાવ–તિરોભાવ'**ના સિદ્ધાંતથી સમજાવે છે. જગત્ ઉત્પન્ન થાય છે અને કાલાન્તરે તેનો લય થાય છે, એ પ્રક્રિયાને તેઓ ભગવાન પોતાની ઈચ્છાથી જગતનો 'આવિર્ભાવ' અને 'તિરોભાવ' કરે છે, તેમ સમજાવે છે. 'શુદ્ધાદ્વૈત'માં આ મહત્ત્વનો સિદ્ધાંત છે.

૩૯

અવિકૃત પરિણામ વાદ

બાળપણ, કિશોર, યુવા, પ્રૌઢ એમ મનુષ્યની જુદી જુદી અવસ્થાઓ છે. અવસ્થા પ્રમાણે નવો મનુષ્ય જન્મતો નથી હોતો પરંતુ તે અવસ્થાઓ મનુષ્યના જુદા જુદા રુપાંતર છે. બાળપણ કિશોરવસ્થામાં પરિણમે છે, તેમ કિશોર યુવાવસ્થામાં પરિણમે છે. તેવી જ રીતે બ્રહ્મ અને જગતની સ્થિતિ કહી શકાય. '**સત્કારણ**' રૂપ બ્રહ્મ લીલા કરવા '**સત્કાર્ય**' રુપ જગતમાં પરિવર્તિત થાય છે, પરિણામ પામે છે. એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં રુપાંતર થવું તેને '**પરિણામ પામવું**' કહેવાય. પરિણામ બે પ્રકારના હોય છે.

જ્યારે દૂધને જમાવતાં દહીં બને છે ત્યારે તેના ગુણધર્મો બદલાઈ જાય છે. તેમાં 'વિકાર' આવી જતો હોય છે. તેના કારણે દહીંને પાછુ દૂધના રૂપમાં લાવી શકાતું નથી. આને '**વિકૃત પરિણામ**' કહેવામાં આવે છે.

પરંતુ જ્યારે સોનાની લગડીમાંથી વિવિધ પ્રકારના ઘરેણાં બનાવવામાં આવે ત્યારે તેમાં સોનાનું તત્ત્વ 'વિકાર' પામતું નથી, બલ્કે તે અકબંધ રહે છે. ઘરેણામાં સોનાના ગુણધર્મ બદલાતાં નથી. તેથી જ્યારે તેને ગાળી નાંખવામાં આવે ત્યારે ઘરેણાં પાછા તે લગડીના મૂળ રુપમાં પરિવર્તિત થઈ શકે છે. આ પ્રકારના રૂપાન્તરણને '**અવિકૃત પરિણામ**' કહેવાય છે.

આજ બાબત જો આપણે '**બ્રહ્મ**' અને '**જગત**' વિશે વિચારીએ તો કારણરૂપ '**બ્રહ્મ**' પોતાની ઈચ્છાથી પોતાનામાંથી જ પોતે '**જગત**' રુપમાં પરિણમિત થાય છે. પુનઃ સ્વયં પોતાની ઈચ્છાથી પ્રલયના સમયે સમગ્ર જગતને તે પોતાનામાં સમાવી લે છે, અર્થાત્ તે મૂલ સ્વરૂપ ધારણ કરી લે છે. બ્રહ્મ જગત રૂપ બનવા છતાં તેમાં કોઈ 'વિકાર' આવતો નથી, અર્થાત્ જગતના રૂપમાં 'બ્રહ્મ તત્ત્વ' અકબંધ રહે છે. જેમ સોનામાંથી સોનાના ઘરેણાં બને તેમ 'બ્રહ્મ'માંથી જગતમાં રૂપાંતરણ થાય છે.

તેથી જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે '**જગત્ બ્રહ્મનું અવિકૃત પરિણામ**' છે.

તાદાત્મ્ય વાદ

આપણે સોનાના લગડી અને તેમાંથી બનતા ઘરેણાંના દૃષ્ટાંતમાં જોયું કે 'કારણ' જ 'કાર્ય'ના રૂપમાં વિકૃત થયા વગર જ પરિણામ પામે છે, એટલે કે રૂપાંતરિત થાય છે. તેથી એને કહી શકાય કે 'કાર્ય' 'કારણાત્મક' છે અને 'કારણ' કાર્યાત્મક છે. આમ કારણ અને કાર્ય વચ્ચે **'તાદાત્મ્ય'** સંબંધ છે, બન્ને વચ્ચે ઐક્ય છે, અભિન્નસંબંધ છે. **'શુદ્ધાદ્વૈત'** સિદ્ધાંતના મૂળમાં આ તથ્ય રહેલું છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે 'કારણ' રૂપ બ્રહ્મ પોતે જ 'કાર્યરૂપ' 'જગત'માં પરિણમિત થવા છતાં તેમાં કોઈ 'વિકાર' પેદા થતો નથી. એ ત્યારે જ સંભવિત બની શકે, જ્યારે બ્રહ્મ અને જગત વચ્ચે તાદાત્મ્ય સંબંધ રહેલો હોય, બન્ને વચ્ચે એકરૂપતા હોય. અદ્વૈતપણું હોય. તેઓ 'અણુ ભાષ્ય'માં સમજાવે છે કે કાર્ય અને કારણની એકબીજા સાથેની અનન્યતા સ્વાભાવિક છે.

બ્રહ્મામાંથી જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે. જગતના પ્રગટ રૂપમાં પણ 'બ્રહ્મ'ની બ્રાહ્મિકતા અકબંધ રહે છે. તેથી જ જગતનો 'લય' થતાં પુનઃ તે બ્રહ્મના રૂપમાં અવિસ્થિત થાય છે. બંને વચ્ચે અનન્યતા ન હોય, તાદાત્મ્ય સંબંધ ન હોય તો આમ સંભવી શકે નહીં.

બ્રહ્મના 'સદંશ' જગતના જડ પદાર્થોમાં પરિણમિત થાય છે ત્યારે ત્યાં 'કારણ' અને 'કાર્ય'નો સંબંધ સ્થાપિત થાય છે. સંદશમાંથી સીધો જ જડ પદાર્થ નથી બની જતો, જેમ કપાસમાંથી રૂ બને, તેમાંથી દોરો બને, પછી કાપડનું રૂપ ધારણ કરે તેમ ઉત્તરોત્તર પ્રક્રિયા થાય છે. ચિદંશ તેમજ આનંદાંશ અનુક્રમે જીવાત્મા અને અંતર્યામિ રૂપ પ્રગટ થાય છે. તેમાં બ્રહ્મ સાથે તેમનો સંબંધ અંશ–અંશીનો રહેલો હોય છે, જેમ પારો વિખરાઈ જતાં તેના પ્રત્યેક કણ પારાના જ અંશ હોય છે. તેમાં પારાના બધા જ ગુણધર્મો વિદ્યમાન હોય છે. તેવો જ સંબંધ પરમાત્મા અને જીવાત્મા વચ્ચે રહેલા છે.

'તાદાત્મ્ય વાદ' શ્રીવલ્લભાચાર્યજીની વિચારધારાનું મહત્વનું અંગ છે.

૪૧

લીલાર્થ સૃષ્ટિ વાદ

ઉપનિષદ કહે છે કે 'બ્રહ્મ પહેલાં એકલા જ હતાં.' કોઈ વ્યક્તિ એક માત્ર જ હોય તો તેણે મજા આવે નહીં. બ્રહ્મને રમવાની ઈચ્છા થઈ. પરંતુ 'એકલાથી રમણ થઈ શકે નહીં, તેથી તેણે બીજાની ઈચ્છા કરી, અને તેણે પોતે જ એકમાંથી અનેક રૂપો ધારણ કર્યા.' આમ બ્રહ્મે લીધેલા વિભિન્ન નામવાળા રૂપો તે જ '**જગત**' છે.

શ્રી વલ્લભાચાર્યજીના દૃષ્ટિકોણથી આ જગત ભગવાને પોતાની ઈચ્છાથી અનેક પ્રકારની 'લીલા' કરવા માટે પોતાનામાંથી ઉત્પન્ન કર્યું છે. અનેક પ્રકારના જીવો, વનસ્પતિ, પ્રાણીઓ, જડ પદાર્થો, ગ્રહો ઈત્યાદિ વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિની રચના કરી ભગવાન તેનો આનંદ લઈ રહ્યા છે. આનંદનું ઉભરાવવું, તેને જ '**લીલા**' કહે છે.

નાટક નિર્દેશક કલાકારોની પાત્ર વરણી કરી બધા પાસે જુદો જુદો અભિનય કરાવે છે. અભિનેતાઓએ નિર્દેશકની આજ્ઞા મુજબ જ પોતાના ભાગે જે પાત્ર આવ્યું હોય તેનો અભિનય કરવાનો હોય છે. તેવી જ રીતે ભગવાને અનેક પ્રકારના જીવાત્માઓ ઉત્પન્ન કર્યા છે. પ્રત્યેકને કોઈ ને કોઈ વિશિષ્ટ પ્રકારનો વ્યવહાર કરવાનો હોય છે. કોઈ સ્વતંત્ર રૂપે પોતાની ઈચ્છા મુજબ કશું જ કરી શકતો નથી. ભગવાનની ઈચ્છાથી જ આ જગત રૂપ નાટક ભજવાઈ રહ્યું છે. એને જ ભગવાનની '**અહેતુકી લીલા**' કહેવાય છે. ભગવાન પોતે જ ભિન્ન ભિન્ન જીવો પાસે વિવિધ પ્રકારના કર્મ કરાવે છે અને તદનુસાર તેને ફળ આપે છે.

ભગવાનની આ લીલાનું પ્રયોજન શું હોઈ શકે ?

શ્રી મહાપ્રભુજી અણુભાષ્યમાં સમજાવે છે કે લોકમાં જેમ પોતાના આનંદ માટે અનેક પ્રકારની રમત રમતા હોય છે. જેનું કોઈ વિશેષ પ્રયોજન હોતું નથી, પરંતુ કેવળ નિર્દોષ પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય હોય છે. તે જ ભગવાનની લીલા નિષ્પ્રયોજન હોય છે.

ભગવાનની આ '**સૃષ્ટિ લીલા**' પણ એવી જ અહેતુકી છે, તેમ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે. ભગવાન દ્વારા સૃષ્ટિનું સર્જન એ કેવળ ભગવાનની નિષ્પ્રયોજન આનંદમયી 'લીલા' છે.

૪૨

પરમ તત્વ

'અંતિમ સત્ય' જેને ભારતીય દર્શન **'પરમ તત્ત્વ'** કહે છે. તે જાણવાની જીજ્ઞાસા આદિકાળથી માનવ મનની રહેલ છે. ઉપનિષદની એક આખ્યાયિકામાં વિદ્યા અર્જન કરીને આવનાર પુત્રને પિતા પૂછે છે કે 'એવું ક્યું તત્ત્વ છે જેને જાણવાથી ન જાણેલી બધી વસ્તુઓ જાણી શકાય, ન સમજાયેલી વસ્તુ સમજી શકાય, ન ઓળખાયેલ વસ્તુ ઓળખી શકાય ? આ પ્રશ્ન એ 'પરમ તત્ત્વ'ને લક્ષમાં રાખી પુછાયો છે. અનેક ઉદાહરણોથી પિતા પુત્રને એ 'પરમતત્વ'ની સમજ આપે છે.

ઉપનિષદ એ પરમ તત્ત્વને **'બ્રહ્મ'** કહે છે. બ્રહ્મ એવું એક માત્ર અને અદ્વિતિય તત્ત્વ છે જે આ સમગ્ર સૃષ્ટિનું કારણ છે, તેના દ્વારા અને તેમાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેમાં તે સ્થિત રહે છે અને તેમાં તે પુનઃ લય પામે છે. એ પરમ તત્ત્વને જ આપણે **પરબ્રહ્મ, પરમાત્મા, ભગવાન, ઈશ્વર** ઈત્યાદિ અનેક નામોથી સંબોધીએ છીએ. એ શાશ્વત, અનાદિ, અનંત છે. તે સર્વનો આધાર છે, સર્જક, સંચાલક અને વિનાશક બની આ સૃષ્ટિમાં નિજાનંદ માટે અનેકવિધ લીલા કરે છે.

એ પરમ તત્ત્વને શ્રી વલ્લભાચાર્યજી **'પુરુષોત્તમ'** અથવા **'કૃષ્ણ'** તરીકે ઓળખાવે છે, કારણ કે ભાગવતકાર કહે છે. **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'**, કૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે. સારસ્વત કલ્પમાં પરબ્રહ્મ પરમાત્મા નિજલીલાર્થે તેમજ અનેક ભક્તોના મનોરથ પૂર્ણ કરવા ભૂતલ પર પોતાના સમગ્ર અલૌકિક સામર્થ્ય સાથે અવતરીત થયા, તે જ **'કૃષ્ણ'**. ભાગવતમાં તેમના અનેક અવતારોની કથા છે. કૃષ્ણ અવતાર નહીં પરંતુ 'અવતારી' હતા. 'કૃષ્ણ' શબ્દનો અર્થ જ **'સદાનંદ'** છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે–'હું જ લોક અને વેદમાં **'પુરુષોત્તમ'** નામથી પ્રસિદ્ધ છું. તેથી 'કૃષ્ણ' એ પરમ તત્ત્વ બ્રહ્મનું સગુણ–સાકાર સ્વરૂપ છે, તે જ 'પરમતત્ત્વ' છે.

બ્રહ્મ તત્ત્વ

સમગ્ર બ્રહ્માંડમાં એક માત્ર '**તત્ત્વ**' જે અસ્તિત્વ ધરાવે છે, તેને ઉપનિષદ '**બ્રહ્મ**' કહે છે. બ્રહ્મનો અર્થ થાય–'જે સર્વત્ર વ્યાપ્ત છે.' 'તે **સર્વજ્ઞ** છે – **સર્વ શક્તિમાન** છે,' એમ વેદ સમજાવે છે. બ્રહ્મ જ સર્વોચ્ચ સત્તા છે, જેને સ્મૃતિ ગ્રંથોમાં '**પરમાત્મા**' નામથી સંબોધાયેલ છે અને પુરાણો '**ભગવાન**' તરીકે ઓળખાવ્યા છે.

શંકરાચાર્ય બ્રહ્મને નિર્ગુણ–નિરાકાર–નિર્ધમક બતાવે છે અને તેને '**પરબ્રહ્મ**' કહે છે, જ્યારે 'બ્રહ્મ'ના સગુણ સાકાર સ્વરૂપને ગૌણ ગણી '**અપરબ્રહ્મ**' નામ આપે છે. શ્રી વલ્લભાચાર્યજી 'બ્રહ્મ'માં આવા ભેદ સ્વીકારતાં નથી. બ્રહ્મમાં પ્રાકૃત ગુણો નથી તે અર્થમાં તે નિર્ગુણ છે, પરંતુ તેમાં **ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન** અને **વૈરાગ્ય** એ દિવ્ય ગુણો હોવાથી તે 'સગુણ' છે. અર્થાત્ બ્રહ્મ સગુણ–નિર્ગુણ બન્ને છે. બ્રહ્મમાં અનેક વિરુદ્ધ ધર્મો રહેલા છે, તેથી તેને વિરુદ્ધ ધર્મશ્રયી કહે છે.

બ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં શ્રુતિ કહે છે – '**સત્યં જ્ઞાનં અનન્તમ્ બ્રહ્મ**', અર્થાત્ બ્રહ્મ સત્ય રૂપ છે, જ્ઞાનરૂપ છે તથા તેના અનન્ત રૂપ નામ છે. તે અલૌકિક આનંદની સાક્ષાત્ મૂર્તિ છે, રસરૂપ છે અને તેથી સાકાર છે.

બ્રહ્મ '**સચ્ચિદાનંદ**' છે. તેમાં સત્, ચિત્ત અને આનંદ એ ત્રણ ધર્મો રહેલા છે. તે અવ્યય, સર્વ શક્તિ યુક્ત, સ્વતંત્ર, પ્રાકૃત ધર્મ રહિત, વ્યાપક છે, અર્થાત્ દેશ કાળ, વસ્તુ અને સ્વરૂપ એમ ચાર ભેદ રહિત છે. તેમાં સત્ય, શૌચ, દયા આદિ અનંત ગુણો રહેલા છે. બ્રહ્મ માયાને અધિન નથી પણ માયા બ્રહ્મને આધિન છે. તે સર્વરૂપ છે અને સર્વ કાંઈમાં તે સ્થિત છે.

બ્રહ્મમાં બધા જ ધર્મો નિત્ય છે, સહજ છે અને સ્વાભાવિક છે. 'બ્રહ્મ' એક એવું 'તત્ત્વ' છે જે કોઈપણ વાદ–વિચારધારાનો વિષય નથી છતાં બધાં જ વાદ બ્રહ્મના જ કોઈને કોઈ અંગનું પ્રતિપાદન કરે છે.

૪૪

સચ્ચિદાનંદ બ્રહ્મ

બ્રહ્મને '**સચ્ચિદાનંદ**' કહ્યા છે, કારણ કે તેમાં **સત્, ચિત્** અને **આનંદ** તત્ત્વો સમાહિત છે. એ ત્રણેય તત્ત્વો બ્રહ્મમાં એક સાથે–એકાત્મક રૂપે વિદ્યમાન છે. જ્યારે બ્રહ્મને અનેકરૂપ થવાની ઈચ્છા થાય ત્યારે તેના એ ત્રણેય ઘટક તત્ત્વો તેનામાંથી વ્યુચ્ચરીત થઈ (છુટા પડી) જડ–જીવાત્મક જગત રૂપે પ્રગટ થાય છે. સચ્ચિદાનંદ બ્રહ્મ જ્યારે જાગતીક રૂપ ધારણ કરે છે ત્યારે તે જ સત્, ચિત્ અને આનંદ તત્ત્વો અનુક્રમે સત્ય, જ્ઞાન અને અનંતરૂપે પ્રગટ થાય છે. તેથી જ ઉપનિષદ બ્રહ્મને '**સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્**' કહે છે.

બ્રહ્મના 'સત્' અંશમાંથી જગતના જડ પદાર્થો બન્યા છે, 'સત્' અને 'ચિત્' અંશમાંથી પ્રાણી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે અને તેના 'આનંદ' અંશમાંથી અસંખ્ય અંતર્યામી રૂપો પ્રગટ થયા છે, જે જીવાત્માની સાથે તેમના હૃદયમાં રહે છે. વાસ્તવમાં આ ત્રણેય ઘટકો છુટા પડી ક્યાંય અન્યત્ર સ્થિત થતાં નથી, પરંતુ બ્રહ્મ જ્યારે જગત રૂપે પ્રગટ થાય છે ત્યારે પોતાના '**ચિદંશ**' અને '**આનંદાંશ**'ને તિરોહિત કરી (છુપાવી દઈ), કેવલ સંદશને જ પ્રગટ કરે છે. તેવી જ રીતે ચૈતન્ય સૃષ્ટિમાં તે પોતાના '**આનંદાંશ**'ને તિરોહિત રાખી કેવલ **સદંશ** અને **ચિદંશ**ને જ પ્રગટ કરે છે. પ્રાણીમાત્રમાં સ્થિત અંતર્યામીમાં બ્રહ્મના ત્રણેય તત્ત્વો પ્રગટ હોય છે. તે રીતે જડ–જીવાત્મક જગત એ '**સચ્ચિદાનંદ**' બ્રહ્મનું જ આધિભૌતિક સ્વરૂપ છે.

શ્રી વલ્લભાચાર્યજી પોતાના નિબંધ ગ્રંથમાં સ્પષ્ટતા કરતાં કહે છે કે 'સચ્ચિદાનંદ' પદ '**પરબ્રહ્મ**'નું જ વાચક છે, જે ધર્મી સ્વરૂપ છે અર્થાત્ જેમાં અગાઉ કહેલા બ્રહ્મના સર્વ ધર્મો રહેલા છે. તે બધી જાતની શક્તિઓથી પરિપૂર્ણ છે, તે પોતે આનંદાત્મક છે, અક્ષર બ્રહ્મથી પણ ઉત્તમ છે. તે જ જગતનું 'સમવાયી કારણ' છે, એટલે કે જગત તેનામાંથી પ્રકટ થાય છે. તેથી જ '**સચ્ચિદાનંદ**' એ બ્રહ્મનું મૂળ સ્વરૂપ છે. માટે જ ભગવાનને 'સચ્ચિદાનંદ' કહે છે.

૪૫

બ્રહ્મના સ્વરૂપ

પ્રત્યેક વસ્તુના ત્રણ રૂપ હોય છે. ૧. **આધિભૌતિક**, ૨. **આધ્યાત્મિક**, ૩. **આધિ દૈવિક**. જે વસ્તુ આપણને તેના સ્થુળ રૂપમાં દેખાય છે તે તેનું ‘આધિભૌતિક સ્વરૂપ’ કહેવાય. બીજુ તે વસ્તુનું કાંઈક માહાત્મ્ય હોય, તેનો કોઈ ગુણ કે આધાર હોય, તેને તેનું ‘આધ્યાત્મિક સ્વરૂપ’ કહેવાય અને ત્રીજું તે વસ્તુનું કોઈક મૂર્ત રૂપ હોય, તેનું દિવ્ય સ્વરૂપ હોય, તેને તેનું ‘આધિ દૈવિક સ્વરુપ’ કહેવાય. ગંગાજીનું ઉદાહરણ લઈએ તો આપણે ગંગાજીને જે નદી–જલપ્રવાહના રૂપમાં જોઈએ છીએ તે તેમનું ‘આધિભૌતિક’ સ્વરૂપ છે. જે સ્થળેથી ગંગાજી વહે છે, તેને તીર્થસ્થાન કહેવાય છે. તેનું કાંઈક માહત્મ્ય હોય છે, જેના કારણે તેની ફલદાયીતા હોય છે. તેને ગંગાજીનું ‘આધ્યાત્મિક’ સ્વરૂપ કહેવાય અને ગંગાજી પોતાના ભક્તોને દેવીના રૂપમાં ક્યારેક દર્શન આપતા હોય છે, જેને આપણે ‘ગંગા માતા’ કહીએ છીએ. તે ગંગાજીનું ‘આધિદૈવિક’ સ્વરૂપ છે.

તેવી જ રીતે બ્રહ્મના પણ ત્રણ સ્વરૂપો છે. બ્રહ્મે પોતે જ આ જગતના અનેક જડ–જીવાત્મક સ્વરૂપો ધારણ કર્યા છે, જેમાં તેમના જ સત્, ચિત્ અને આનંદ તત્ત્વો રહેલા છે. તેથી ‘જગત’એ બ્રહ્મનું ‘આધિભૌતિક સ્વરૂપ’ કહેવાય. બ્રહ્મનું બીજું સ્વરૂપ **‘અક્ષરબ્રહ્મ’** છે. તે બ્રહ્મનું મૂર્ત સ્વરૂપ નહીં પણ તેના ધર્મ (ગુણધર્મ) અથવા ધામ રૂપ છે. તે પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને જગતની ઉત્પત્તિ–સ્થિતિ અને લયના કારણરૂપ, આધારરૂપ છે. તે બ્રહ્મનું ‘આધ્યાત્મિક સ્વરૂપ’ છે. ત્રીજું બ્રહ્મનું સાકાર સ્વરૂપ છે, જેના ભક્તોને પ્રત્યક્ષ દર્શન થાય છે, જે ભક્તિ દ્વારા ભક્તોને પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે. તે સાકાર સ્વરૂપ શ્રી કૃષ્ણ અથવા પુરુષોત્તમ બ્રહ્મનું ‘આધિદૈવિક સ્વરૂપ’ છે. શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મના એ રીતે ત્રણ સ્વરુપોને સમજાવે છે. તત્વતઃ આ ત્રણેય સ્વરૂપોમાં ભેદ નથી. તેઓ સમજાવે છે કે જે આધ્યાત્મિક સ્વરૂપ છે, તે જ આધિદૈવિક સ્વરૂપ છે, પરંતુ આપણે આપણી લૌકિક ઈન્દ્રિયોથી તેના આધિભૌતિક સ્વરૂપનો જ અનુભવ કરીએ છીએ. તેથી તેમના **આધ્યાત્મિક** કે આધિદૈવિક સ્વરૂપોને જાણી શકતા નથી.

૪૬

અક્ષર બ્રહ્મ

બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ '**અક્ષર બ્રહ્મ**' છે. બ્રહ્મે જ્યારે અનેક રૂપ બનવાની ઈચ્છા કરી ત્યારે પોતાના આનંદ તત્ત્વને મર્યાદિત કરી સર્વત્ર વ્યાપ્ત સ્વરૂપ ધારણ કર્યું, જે આ સમગ્ર ભૌતિક સૃષ્ટિનું 'કારણ' બન્યું. બ્રહ્મ પોતાના આધિદૈવિક સ્વરૂપ પુરુષોત્તમના આધાર ભાગ ચરણરૂપ અક્ષરબ્રહ્મમાંથી (૧) **અક્ષર** રૂપ, (૨) **કાલ** રૂપ, (૩) **કર્મ** રૂપ અને (૪) **સ્વભાવ** રૂપ ધારણ કરે છે. આ રૂપો 'જગતરૂપી' ઈમારત ચણવાના ઈંટ, સિમેન્ટ, રેતી તરીકે કાર્ય કરે છે. 'અક્ષર'માંથી જ '**પ્રકૃતિ**' અને '**પુરુષ**' એમ બે રૂપ પ્રગટ થાય છે, જે આ જગતના જડ અને ચેતન પદાર્થોમાં પરિણમીત થાય છે, અર્થાત્–કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ એ પાંચ ઘટકોથી સૃષ્ટિનું બંધારણ ઘડાય છે.

'અક્ષર બ્રહ્મ' સચ્ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં બ્રહ્મની સૃષ્ટિરૂપ થવાની ઈચ્છાના કારણે તેમાં આનંદનો કાંઈક તિરોભાવ થતો હોય તેમ જણાય છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી તેને '**ગણિતાનંદ**' કહે છે.

જેવી રીતે ગુલાબના ફૂલની સુગંધ તેનો ગુણ ધર્મ છે, જે સર્વત્ર ફેલાયેલ હોય છે, તેમ અક્ષર બ્રહ્મ પણ બ્રહ્મનો ગુણધર્મ છે. તેને પરબ્રહ્મનું ધામ પણ કહે છે. કેમકે તેઓ અક્ષરબ્રહ્મમાં નિવાસ કરે છે. આમ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનો સંબંધ '**ધર્મ**' અને '**ધર્મી**'નો અથવા '**ધામ**' અને '**ધામી**'નો છે.

અક્ષરબ્રહ્મ ફૂટસ્થ, નિર્વિકાર, અવ્યક્ત વગેરે શબ્દોથી ઓળખાય છે. બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ શ્રીકૃષ્ણ છે. તે સાકાર અને વ્યક્ત છે. અક્ષરબ્રહ્મ એ તેનું જ નિરાકાર અવ્યક્ત સ્વરૂપ છે. તેથી તત્ત્વતઃ બન્નેમાં ભેદ નથી.

અક્ષરબ્રહ્મ જ્ઞાનીઓને પરમફળરૂપ જણાય છે. જ્યારે ભક્તને તે પુરુષોત્તમના ધામ રૂપ જણાય છે. જ્ઞાનમાર્ગી ભક્તનો મોક્ષ એટલે તેમનું અક્ષરબ્રહ્મમાં લીન થઈ જવું. પરંતુ પુષ્ટિ ભક્તોનું અંતિમ લક્ષ્ય બ્રહ્મના આધિદૈવિક સાકારસ્વરૂપ 'પુરુષોત્તમ' અથવા 'શ્રીકૃષ્ણ'ની પ્રાપ્તિ હોય છે.

૪૭

કાલ-કર્મ-સ્વભાવ

સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે સચ્ચિદાનંદ બ્રહ્મ પોતાનું વ્યાપકરૂપ પ્રગટ કરે છે. જેને 'અક્ષર બ્રહ્મ' કહે છે. તેના પાંચ રુપાંતરિત સ્વરૂપો છે-**પ્રકૃતિ, પુરુષ, કાલ, કર્મ** અને **સ્વભાવ.** પ્રકૃતિમાંથી વિવિધ જડ પદાર્થો અને પુરુષમાંથી ચૈતન્ય સૃષ્ટિ પ્રગટ થાય છે. 'કાલ'ના પ્રભાવથી પ્રકૃતિ અને પુરુષનો સંયોગ થતાં જગતના જુદા જુદા રુપ, નામ અને કર્મ સાથે અસ્તિત્વમાં આવે છે. કાલ, કર્મ અને સ્વભાવ બ્રહ્મના જ રુપાંતરો છે, જે જગતમાં જુદી જુદી રીતે પ્રગટ થાય છે.

કાલ-ભગવાન પોતાની ક્રિયાશક્તિને 'કાલ' રૂપે પ્રગટ કરે છે, જેમાં તેમનું 'સત્' તત્વ આંશિક રૂપે રહેલું છે. તેને ભગવાનની **'ચેષ્ટા'** કહે છે. તે **'પ્રકૃતિ'** અને **'પુરુષ'**ના સંયોગનું કારણ બને છે. તેના લીધે પ્રકૃતિના ત્રિગુણો સત્વ, રજ, તમ, વિકાર પામી અસમતોલ બની જગત રૂપે પ્રગટ થાય છે. તે જ સમય-ઘડી પલ ઈત્યાદિથી વર્તાય છે. તે નિત્ય છે. 'કાલ'ને ભગવાને પોતાનું સામર્થ્ય પ્રદાન કર્યું છે, જેથી તે જગતની ઉત્પત્તિ અને વિનાશનું કારણ બને છે. જીવ ભગવાનની સન્મુખ રહે તો તેનુ કલ્યાણ થાય છે, પરંતુ જો તે વિમુખ બને તો 'કાલ' તેનો વિનાશ કરે છે.

કર્મ : ભગવાનની 'ક્રિયા શક્તિ' શાસ્ત્રમાં બતાવેલ વિધી-નિષેધ મુજબ **'કર્મ'** તરીકે પ્રગટ થાય છે. તે અનિત્ય છે, કારણ કે કર્મનું ફળ મળી જતાં તે સમાપ્ત થઈ જાય છે. કર્મમાં પણ કાલની માફક કેવળ 'સત્' તત્ત્વ જ અસ્તિત્વ ધરાવે છે, 'ચિત્' અને 'આનંદ' તેમાં તિરોહિત રહે છે.

સ્વભાવ : પ્રત્યેક જડ પદાર્થનો કોઈ વિશેષ ગુણધર્મ હોય છે. તેવી જ રીતે પ્રાણી માત્રનો કોઈક ખાસ 'સ્વભાવ' હોય છે. તેથી જ દૂધ દહીંમાં ફેરવાઈ જાય છે, તેલ નથી બની શકતું. માટીમાંથી ઘડો બને, પણ કાપડ ન બને. આમ પ્રત્યેક પદાર્થ કે પ્રાણીનો વિશિષ્ટ સ્વભાવ હોય. આનું કારણ ભગવાનની ઈચ્છા છે. ભગવાન પોતે જ પ્રત્યેકમાં સ્વભાવ રૂપે રહેલ છે.

આમ કાલ, કર્મ, સ્વભાવ એ ભગવાનનું જ રૂપાંતરીત સ્વરૂપ છે.

૪૮

કારણ બ્રહ્મ

તત્ત્વદર્શનમાં '**કાર્ય**'ને ઉત્પન્ન કરનાર પદાર્થ '**કારણ**' કહેવાય છે. '**જગત**'રૂપ કાર્ય 'બ્રહ્મ' રૂપ 'કારણ'માંથી ઉત્પન્ન થાય છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે સૃષ્ટિમાં એક માત્ર 'શ્રી હરિ' જ 'પ્રમેય' અર્થાત્ જાણવા લાયક '**તત્ત્વ**' છે. પરંતુ જગતમાં આપણે અગણિત પદાર્થો જોઈએ છીએ. તેથી આપણી સમજમાં આવે માટે બ્રહ્મના ત્રણ રૂપ બતાવ્યા છે–(૧) **મૂળરૂપ** જે 'શ્રીકૃષ્ણ' અથવા 'પુરુષોત્તમ' તરીકે ઓળખાય છે. (૨) '**કારણરૂપ**' તત્ત્વો જેમાંથી જગત પ્રગટ થાય છે અને (૩) તેનું '**કાર્યરૂપ**' જેને આપણે જગતમાં રહેલા અનેક રૂપ–નામ–કર્મ તરીકે જાણીએ છીએ.

સૃષ્ટિરૂપે પ્રગટ થતાં પહેલાં તે '**અક્ષર બ્રહ્મ**' તરીકે વ્યાપક રૂપ ધારણ કરે છે. તેમાંથી તે **પ્રકૃતિ, પુરુષ, કાલ, કર્મ** અને **સ્વભાવ**માં રૂપાંતરિત થાય છે. પ્રકૃતિ જે જડ છે, તેમાંથી ૨૭ તત્ત્વો પ્રગટ થાય છે અને એક પુરુષ, તેમ કુલ ૨૮ તત્ત્વોને '**મૂળ તત્ત્વો**' કહ્યા છે, જે જગતના વિવિધ રૂપ–નામ–કર્મના રૂપે દૃશ્યમાન બને છે. આ ૨૮ તત્ત્વો છે. ૧. **પ્રકૃતિ**, ૨. **પુરુષ**, ૩. **મહત્**, ૪. **અહંકાર**, ૫. **મન**, ૬ થી ૧૦. પાંચ તન્માત્રાઓ **રુપ, રસ, ગંધ, સ્પર્શ**, અને **શબ્દ.** ૧૧ થી ૧૫. પાંચ જ્ઞાનેન્દ્રિયો : **આંખ, જીભ, નાક, ચામડી, કાન.** ૧૬ થી ૨૦. પાંચ કર્મોન્દ્રિયો : **મુખ, હસ્ત, પાદ, ઉપસ્થ, ગુદા.** ૨૧ થી ૨૫. પંચમહાભૂત **પૃથ્વી, જલ, વાયુ, તેજ, આકાશ.** ૨૬ થી ૨૮. ત્રીગુણો : **સત્વ, રજ, તમ.**

આમ બ્રહ્મમાંથી પ્રથમ આ ૨૮ તત્ત્વો પ્રગટ થયા છે. તે તત્ત્વો જ જગતમાં બ્રહ્મે ધારણ કરેલા વિવિધ રુપો માટે કારણભૂત છે. તેથી આ તત્ત્વોને '**કારણ બ્રહ્મ**' અથવા બ્રહ્મની '**કારણકોટિ**'કહેવાય છે.

'કાલ'ને આ તત્ત્વોમાં ગણવામાં નથી આવ્યું કેમ કે તે સ્વયં જ બ્રહ્મનું એક રુપાંતરિત સ્વરૂપ છે, જેના કારણે 'પ્રકૃતિ' અને 'પુરુષ'નો સંયોગ થાય છે અને તેમાંથી ઉપર કહ્યા તે ૨૮ મૂળ તત્ત્વો બને છે.

૪૯

કાર્ય બ્રહ્મ

જગત એ બ્રહ્મનું **'કાર્ય'** છે. જેવી રીતે ઘડો માટીમાંથી ઉત્પન્ન થાય છે, માટે ઘડાને માટીનું 'કાર્ય' કહેવાય, તેમ જગતની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થઈ છે, તેથી જગતને બ્રહ્મનું 'કાર્ય' કહે છે. તેના કારણે જ જગતને બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ કહે છે. આમ જગતને **'કાર્ય બ્રહ્મ'** અર્થાત્ 'કાર્ય' રૂપ બ્રહ્મ કહેવાય.

બ્રહ્મમાંથી જગતરૂપ બનવાની પ્રક્રિયા બે રીતે થાય છે. શ્રુતિ સમજાવે છે કે આત્મામાંથી **'આકાશ'** ઉત્પન્ન થયું, આકાશમાંથી **'વાયુ'**, તેમાંથી **'અગ્નિ'**, અગ્નિમાંથી **'જળ'**, જળમાંથી **'પૃથ્વી'** તેમાંથી **'ઔષધી'** જેમાંથી **'અન્ન'** ઉત્પન્ન થાય, જેના વડે પુરુષની ઉત્પત્તિ થઈ છે. આમ ક્રમશ: તબક્કાવાર બ્રહ્મ પોતે જ 'પુરુષ' રૂપે વિકાસ પામે છે. આમ ઉપનિષદે **'ક્રમિક સૃષ્ટિ ક્રમ'** બતાવ્યો છે.

બ્રહ્મ **'સચ્ચિદાનંદ'** છે. તેના ત્રણેય તત્ત્વો-**'સત'**, **'ચિત'** અને **'આનંદ'**, જેવી રીતે સળગતા કોલસામાંથી તણખા છૂટા પડે તેમ છૂટા પડ્યા છે. **'સદંશ'**માંથી જગતમાં દેખાતા સર્વ જડ પદાર્થો ઉત્પન્ન થયા છે, **'સદંશ'** અને **'ચિદંશ'** છૂટા પડી પ્રાણી સૃષ્ટિ બની છે, અને સત્ અને ચિત્ અને આનંદ એ ત્રણેય તત્ત્વોમાંથી **'અંતર્યામિ'** પ્રગટ થયા છે. બીજી રીતે કહીએ તો જડ પદાર્થોમાં ભગવાનનો ચિદંશ અને આનંદાંશ તિરોહિત રહેલો છે, જ્યારે ચેતન સૃષ્ટિમાં તેમના 'આનંદાંશ'નો તિરોભાવ હોય છે.

સદંશમાંથી કારણ-કાર્યની ઉત્તરોત્તર પ્રક્રિયાથી જગતમાં દેખાતા વિવિધ જડ પદાર્થો અસ્તિત્વમાં આવ્યા છે, જ્યારે ચિદંશમાંથી અનેક પ્રકારની પ્રાણી સૃષ્ટિમાં ચૈતન્ય પ્રગટ થયું છે. પ્રત્યેક જીવાત્માની સાથે તેના દેહમાં **'અંતર્યામિ'** પણ રહેલ છે, જે ભગવાનનું જ સ્વરૂપ છે.

આ રીતે વ્યુચ્ચરણની પ્રક્રિયાથી આ જડ-જીવાત્મક જગત અસ્તિત્વમાં આવ્યું છે. આ પ્રગટ જગતને જ **'કાર્યબ્રહ્મ'** અથવા બ્રહ્મનું કાર્યરુપ કહેવાય છે. આ રીતે બ્રહ્મના ત્રણ સ્વરુપો છે. (૧) મૂલરુપ, (૨) કારણ બ્રહ્મ અને (૩) કાર્ય બ્રહ્મ.

૫૦

જગત

‘જગત’ની ઉત્પત્તિ વિશે અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. વિભિન્ન મતો તે વિશે જુદા જુદા વિચારો ધરાવે છે. સાંખ્ય દર્શન તેને **‘પ્રકૃતિ’** અને **‘પુરુષ’**ના સંયોજનથી થયેલું સર્જન માને છે. ‘ન્યાય-વૈશેષિક’, પરમાણુજન્ય બતાવે છે. મીમાંસા પુણ્ય-પાપરૂપ કર્મફલના પ્રભાવવશ પ્રકટ થયેલ માને છે, તો શંકરાચાર્ય તેને માયાજનિત કહી ‘મિથ્યા’ કહે છે. તેમના મતે આ જડ-જીવાત્મક જગત જીવના અજ્ઞાન કારણે થતી ભ્રાંતિ માત્ર છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે જગત બ્રહ્મનું **‘કાર્ય’** હોઈ તે બ્રહ્મ જેટલું જ **‘સત્ય’** છે. કારણ કે તે બ્રહ્મે પોતાનામાંથી જ ઉત્પન્ન કરેલું છે. જો બ્રહ્મ સત્ય હોય તો તેમાંથી પરિણમીત થયેલું જગત પણ સત્ય જ હોય તે મિથ્યા હોઈ શકે નહીં. આ વાત સમજાવવા તેઓ સોનાની લગડી અને તેમાંથી ઘડાયેલ વિવિધ આભુષણોનું ઉદાહરણ આપે છે. સોનાની લગડીમાંથી વિવિધ આભુષણો બને ત્યારે તે આભુષણોમાં સોનાનું તત્ત્વ અકબંધ રહે છે. તેથી જ સોનાની આવશ્યક્તા હોય ત્યારે આપણે સોનાના ઘરેણાં પણ ખરીદીએ છીએ, કારણ કે તેના જુદા-જુદા ઘાટ હોવા છતાં વાસ્તવમાં તો તે સોનુ જ છે. તેવી જ રીતે બ્રહ્મે જગતના વિવિધ રુપ અને નામ ધારણ કરવા છતાં તેમાં બ્રહ્મ તત્ત્વનું અસ્તિત્વ જેમનું તેમ રહેલ છે. તેથી જ જગત **‘બ્રહ્માત્મક’** છે.

ઉપનિષદ કહે છે : **‘સર્વ ખલુ ઈદં બ્રહ્મ’** અર્થાત્ આ જે કાંઈ દેખાય છે તે ખરેખર ‘બ્રહ્મ’ જ છે. શ્રી વલ્લભાચાર્યજી તેથી જ જગતને બ્રહ્મનું **‘આધિભૌતિક સ્વરૂપ’** માને છે. તેમના મતે બ્રહ્મ અને જગત વચ્ચે ‘અદ્વૈતપણું’ રહેલું છે, જે ‘શુદ્ધ’ છે, અર્થાત્ તે માટે ‘માયા’ કારણરૂપ નથી.

બ્રહ્મમાં સર્વભવન સામાર્થ્ય રહેલું છે. બ્રહ્મે જ્યારે અનેક થવાની ઈચ્છા કરી ત્યારે તે પોતે જ વિવિધ રુપ અને નામ ધારણ કરી આ દશ્યમાન ‘જગત’ રૂપમાં પરિણમિત થયા છે.

આમ જગત સત્ય છે. તે ભગવત્કાર્ય છે, નિત્ય છે અને ભગવદ્ રૂપ છે.

૫૧

જીવાત્મા

'જીવ તત્ત્વ' વિશે અનેક મત પ્રવર્તિત છે. કોઈક ચૈતન્યયુક્ત શરીરને જીવ કહે છે. કેટલાક ચેતનવંતી ઈન્દ્રિયોને આત્મા માને છે. તો વળી કોઈક મનને જ જીવ ગણે છે. શાંકર મત પ્રમાણે આત્મા અને પરમાત્મામાં ભેદ નથી. તેમના મતે જીવ બ્રહ્મ સિવાય અન્ય કશું નથી. આમ સમજાવવા તેઓ **'અહં બ્રહ્માસ્મિ'**, **'તત્ત્વમસિ'** ઈત્યાદિ શ્રુતિ વચનોનો આધાર લે છે. તેઓ અજ્ઞાન યુક્ત આત્માને **'જીવ'** કહે છે અને જીવ જ્યારે જ્ઞાન દ્વારા બ્રહ્મના સ્વરુપને જાણે ત્યારે તે સ્વયં બ્રહ્મ બની જાય છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે 'જીવ' સ્વયં જ બ્રહ્મ નથી પરંતુ તે બ્રહ્મનો અંશ છે. બ્રહ્મ 'સચ્ચિદાનંદ' છે. સત્–ચિત્ અને આનંદ તેના ઘટકો છે. શ્રુતિ કહે છે કે જેમ અગ્નિમાંથી તણખા ઝરે તેમ બ્રહ્મમાંથી **'સદંશ'**, **'ચિદંશ'** અને **'આનંદાશ'** વ્યુચ્ચરિત થયા છે. (છુટા પડ્યા છે). સદંશ જગતના જડ પદાર્થો રૂપે પરિવર્તિત થયા છે, અને સદંશ અને ચિદંશ એ ચૈતન્ય સૃષ્ટિ–પ્રાણિ સૃષ્ટિ તરીકે ઉત્પન્ન થઈ છે. પ્રાણી માત્રમાં રહેલા ચૈતન્ય તત્ત્વને જ **જીવ, જીવાત્મા** અથવા **આત્મા** કહે છે. આ ત્રણેય શબ્દો બ્રહ્મના અંશનો નિર્દેશ કરે છે. તે અણુ છે, નિત્ય છે, તેનું સ્વરૂપ ચૈતન્ય છે, તે જ્ઞાતા, કર્તા તેમજ ભોક્તા છે. તે એક નહીં પણ અનેક છે. પ્રત્યેક પ્રાણીમાં તે અંશરૂપે સ્થિત છે.

જીવ રૂપે સચ્ચિદાનંદ બ્રહ્મમાંથી અલગ પડવાને કારણે તેમાં બ્રહ્મનો **'આનંદાંશ'** તિરોહિત થઈ જાય છે, માત્ર સદંશ અને ચિદંશ તેમાં પ્રગટ રહે છે. જીવ જ્યારે બ્રહ્માંથી છુટો પડે છે ત્યારે તે **'શુદ્ધ અવસ્થા'**માં હોય છે. બ્રહ્મથી થુટો પડતાં તે અવિદ્યાના કારણે **'બદ્ધ અવસ્થા'**માં આવે છે તેથી તે દીન–હીન બની જન્મ મરણના ચકરાવામાં ફસાય છે. કર્માનુસાર તે અનેક યોની ધારણ કરે છે. પંચપર્વા વિદ્યા–સાંખ્ય, યોગ, તપ, વૈરાગ્ય અને ભક્તિ દ્વારા તેની અવિદ્યા દૂર થતાં તે પુનઃ **'મુક્તાવસ્થા'** પ્રાપ્ત કરે છે.

આમ 'જીવાત્મા' એ બ્રહ્મનો જ અંશ હોવાથી બ્રહ્મ સ્વરૂપ નહીં, પરંતુ **'બ્રહ્માત્મક'** છે.

૫૨

અંતર્યામી

બ્રહ્માંડમાં સમગ્ર જડ-જીવાત્મક સૃષ્ટિનું સંચાલન-નિયંત્રણ બ્રહ્મની દિવ્ય શક્તિ દ્વારા થાય છે. એ નિયંત્રક શક્તિને **'અંતર્યામી'** તરીકે ઓળખવામાં આવે છે. સચ્ચિદાનંદ બ્રહ્મ જ્યારે પોતાના સદંશ, ચિદંશ અને આનદાંશનું વ્યુરચરણ કરી પોતાનામાંથી છુટા પાડી જગત રૂપે પરિણમિત થાય છે ત્યારે 'ચિદંશ' અને 'આનંદાંશ'ને તિરોહિત કરી અર્થાત્ છુપાવીને જડ પદાર્થોમાં પોતાનો 'સદંશ' જ પ્રગટ કરે છે, જ્યારે પ્રાણી સૃષ્ટિમાં પોતાના 'સદંશ' અને 'ચિદંશ'ને આર્વિભૂત (પ્રગટ) કરે છે, પરંતુ 'આનંદાંશ'ને તિરોહિત કરે દે છે. (છુપાવી દે છે.) તદુપરાંત પોતાના ત્રણેય તત્ત્વો-સદંશ, ચિદંશ અને આનંદાંશ સહિત તે અંતર્યામી રૂપે પ્રત્યેક પ્રાણી માત્રમાં જીવાત્માની સાથે રહે છે.

ઉપનિષદ એક રુપક દ્વારા સમજાવે છે કે એક વૃક્ષની ડાળ પર બે પક્ષી પાસે પાસે બેઠેલા છે. જેમાંનું એક પક્ષી એ વૃક્ષના મીઠા ફળોનો ઉપભોગ કરે છે, જ્યારે બીજુ પક્ષી કેવળ સાક્ષીભાવે જોયા કરે છે. આમાં ઉપભોગ કરનારુ પક્ષી તે **'જીવાત્મા'** અને સાક્ષીભાવે તેની સાથે રહેનાર પક્ષી **'અંતર્યામી'** છે.

પ્રત્યેક જીવાત્મા સાથે રહેનાર ભગવદ્ અંશને **'વ્યષ્ટિ અંતર્યામી'** કહે છે. તે પ્રત્યેક જીવાત્માની સાથે રહીને તેનું નિયમન કરે છે. અક્ષરબ્રહ્મમાંથી જે પ્રકારે વ્યષ્ટિ અંતર્યામી પ્રકટ થાય છે, તે જ પ્રકારે સૃષ્ટિના નિયમન કે અવતાર કાર્ય કરવા માટે પરબ્રહ્મ પોતે જ **'સમષ્ટિ અંતર્યામી'** પણ બને છે. સમષ્ટિ અંતર્યામીને જ વિરાટ પુરુષ, સમષ્ટિ પુરુષ, બ્રહ્માંડ મૂર્તિ, પરમાત્મા, નારાયણ ઈત્યાદિ નામોથી ઓળખાય છે. પ્રકૃતિના સત્વ-રજસ્-તમસ્ ગુણોનું નિયમન કરનારા ગુણાવતાર દેવતા-બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનું પ્રાકટ્ય પણ સમષ્ટિ-અંતર્યામી રૂપ ધારણ કરનાર બ્રહ્મમાંથી જ થાય છે, જે સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહારનું કાર્ય અનુક્રમે સંભાળે છે. મત્સ્ય, વારાહ વગેરે લીલાવતારોનું પ્રાકટ્ય પણ સમષ્ટિ અંતર્યામીમાંથી થતું હોય છે.

૫૩

વિદ્યા - અવિદ્યા

ભાગવતમાં ભગવાનની બાર શક્તિઓ બતાવી તે છે '**શ્રી, પુષ્ટિ, ગીરા, કાંતિ, કિર્તી, તુષ્ટિ, ઈલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ** અને **માયા.**'

શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે '**વિદ્યા**' અને '**અવિદ્યા**' એ બે શ્રીહરિની શક્તિઓ છે જે ભગવાનની માયા શક્તિ દ્વારા વિનિર્મિત છે. આમાં 'વિદ્યા' મોક્ષ દેનારી શક્તિ છે, જ્યારે 'અવિદ્યા' જીવને બંધન કરનારી છે. અવિદ્યાના સંબંધથી જીવને અહંતા-મમતા, જન્મ-મરણ, પાપ-પુણ્ય વગેરેનું બંધન થાય છે. આ બંધનનું કાર્ય પંચપર્વા અવિદ્યા-(૧) **અંતઃકરણાધ્યાસ**, (૨) **પ્રાણાધ્યાસ**, (૩) **ઈન્દ્રિયાધ્યાસ**, (૪) **દેહાધ્યાસ** અને (૫) **સ્વરુપ વિસ્મૃતિના** કારણે થાય છે. 'અધ્યાસ'નો અર્થ થાય-'ભ્રમ'. તેના કારણે જીવ પોતાને દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ રૂપ માનવા લાગે છે, અને તે પોતાના સાચા સ્વરૂપને ભૂલી જાય છે. તે ભગવાનનો અંશ છે, તે વાતની તેને વિસ્મૃતિ થઈ જાય છે. તેના કારણે તે બંધનમાં આવી જાય છે. આ જીવની '**બદ્ધ અવસ્થા**' છે.

જન્મમરણના ચક્રમાં ફરતાં જીવોમાંથી જે જીવોનું પ્રભુએ વરણ કર્યું હોય, તે જીવોને પ્રભુની કૃપાથી સત્સંગ વગેરે મળતાં તેઓ ભગવાનની વિદ્યા શક્તિ દ્વારા મુક્તિ મેળવી શકે છે. અવિદ્યાની માફક વિદ્યા પણ પંચપર્વા-પાંચ પ્રકારની **(૧) વૈરાગ્ય, (૨) સાંખ્ય, (૩) યોગ, (૪) તાપ** અને **(૫) ભક્તિ** છે.

ધન-સમ્પત્તિ, સાંસારિક વિષયોમાં અભાવ, એ '**વૈરાગ્ય**' છે. તેના કારણે તે નિત્ય-અનિત્ય તત્ત્વોના ભેદને જ્ઞાનપૂર્વક સમજી, અનિત્ય એવી મમતાસ્પદ વસ્તુઓનો ત્યાગ કરવા પ્રેરાય છે, અને પોતાના ચિત્તને પરમાત્મામાં જોડે છે. આ જગત 'બ્રહ્માત્મક' છે અને પોતે ભગવાનનો અંશ છે, તેવું જ્ઞાન થતાં તે જીવનમાં ઉભા થતાં દ્વન્દો સહન કરે છે અને પ્રેમપૂર્વક ભગવાનનું ભજન-સેવન કરે તો ઉત્તરોત્તર પંચપર્વા વિદ્યાને સંપાદન સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે, મોક્ષ પ્રાપ્ત કરે છે.

૫૪

સંસાર

સામાન્યતઃ બોલચાલની ભાષામાં આપણે **'જગત'** અને **'સંસાર'**ને એક જ અર્થમાં લેતા હોઈએ છીએ. પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના દૃષ્ટિ કોણથી આ બન્ને શબ્દોમાં ભેદ છે. અગાઉ જોયું તેમ જગત બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. તે બ્રહ્માત્મક હોવાથી બ્રહ્મ જેટલું જ સત્ય છે. પરંતુ સંસાર મિથ્યા છે, કારણ કે તે જીવે સ્વયં માની લીધેલી ભ્રમણા માત્ર છે, વાસ્તવિક નથી. અવિદ્યાના કારણે જીવમાં **'હું'** અને **'મારું'** એમ **'અહંતા'** અને **'મમતા'**નો ભાવ ઉત્પન્ન થાય છે. જીવ અવિદ્યાના પ્રભાવમાં અંહતા-મમતાગ્રસ્ત થવાથી બ્રહ્માત્મક જગતથી ભિન્ન પોતાની એક કાલ્પનિક સૃષ્ટિ બનાવે છે. જીવે પોતે ઉભી કરેલી વૈચારિક સૃષ્ટિને શ્રી વલ્લભાચાર્યજી **'સંસાર'** કહે છે, જે વાસ્તવિક નથી. તેથી તેઓ તેને 'મિથ્યા' કહે છે. તેમનું સૂત્ર છે. **'બ્રહ્મ સત્ય, જગત સત્ય અને સંસાર મિથ્યા.'**

અધ્યાસો (ભ્રમ)ના કારણે જીવ પોતાને કર્તા અને ભોક્તા માની બેસે છે. 'આ કાર્ય મેં કર્યું', 'હું તેનું ફલ ભોગવીશ', 'હું આમ કરીશ, આ મારું છે, મેં આ બનાવ્યું છે', ઈત્યાદિ ખોટી માન્યતાઓના કારણે તે જન્મ-મરણના બંધનમાં આવી જાય છે. આ પ્રકારની ભ્રમણાત્મક માન્યતા એ જ સંસાર છે. તેનું મૂળ જીવને લાગુ પડેલી અવિદ્યામાં છે. હકિકતમાં જગતમાં કર્તા - કારયિતા સર્વ કાંઈ જ શ્રીહરિ જ છે. 'જગત' એ પરમાત્માનું ક્રીડાંગણ છે. જીવોને પ્રભુએ પોતાની લીલા માટે પ્રગટ કર્યા છે. તેઓ સ્વતંત્ર નથી. તેમને ભગવાનની ઈચ્છા મુજબ વર્તવાનું હોય છે.

પંચપર્વા વિદ્યા-વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ દ્વારા જ્યારે જીવના અધ્યાસો દૂર થઈ જાય અને તેને પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે તેનો અંહતા-મમતાત્મક સંસાર દૂર થઈ જાય છે. તે મુક્ત બને છે.

૫૫

અધ્યાસ-નિવૃત્તિ

ભગવાનમાંથી 'જીવ' છૂટો પડતાં તેઓ જે જીવને જે પ્રકારનું ફળ આપવા ઈચ્છે તદ્‌નુસાર તેનું '**વરણ**' (પસંદગી) કરે છે. ભગવાનથી અલગ થતાં, જીવને 'અવિદ્યા'નો સંબંધ થાય છે. '**અવિદ્યા**' એ ભગવાનની જ એક શક્તિ છે. અવિદ્યાના સંબંધથી જીવને અહંતા-મમતા, વળગે છે, જન્મ-મરણ, પાપ-પુણ્ય ઈત્યાદિનું બંધન થાય છે. તે પ્રથમ '**શુદ્ધ**' અવસ્થામાં હતો, તે હવે '**બદ્ધ**' અવસ્થા પ્રાપ્ત કરે છે. બંધનનું કારણ '**પંચપર્વા અવિદ્યા**' છે. જીવ પોતાના અંતઃકરણને, પ્રાણને, ઈન્દ્રિયોને, દેહને પોતાનું સ્વરૂપ માનાવા લાગે છે અને પોતાનું મૂળ સ્વરૂપ-'તે ભગવાનનો અંશ છે.' તે ભૂલી જાય છે. આને 'અધ્યાસ' કહે છે.

જે પદાર્થ વસ્તુતઃ નથી, તે પ્રતીત થાય અને આત્મા પ્રતીત ન થાય તેને '**અધ્યાસ**' કહેવાય. જીવ અને અંતઃકરણ એ બન્ને એક જ છે એવું જ્ઞાન તે '**અંતઃકરણાધ્યાસ**'. તેવી જ રીતે **પ્રાણાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ** થાય છે. અધ્યાસના કારણે સ્વરૂપ વિસ્મૃતિ થતાં જીવ પંચપર્વા અવિદ્યાની માફક **વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ** અને **ભક્તિ** એ પંચપર્વા વિદ્યા પણ ભગવાનની શક્તિ છે. વૈરાગ્ય એટલે વિષય તૃષ્ણા રહિતપણું; નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકથી અનિત્ય વસ્તુ ત્યાગ એટલે અહન્તા મમતાને ભગવાનમાં જોડી દેવી, તે સાંખ્ય-યોગ; એકાદશ ઈન્દ્રિયોની એકાગ્રતા એ તપ; અને ભગવાનની પ્રેમપૂર્વક સેવા તે 'ભક્તિ'.

ઉપરોક્ત પંચપર્વા વિદ્યાના કારણે દેહ, ઈન્દ્રિય પ્રાણ અને અંતઃકરણના અધ્યાસની નિવૃત્તિ થઈ જાય છે, પણ દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અંતઃકરણનો લય થતો નથી, કારણ કે તે તો જડ પદાર્થ-ભગવત્કાર્યરુપ છે. વિદ્યાથી ઉપમર્દન થયેલી અવિદ્યા નિવૃત્ત થતાં ભક્તને, દેહાદિનો અહંકાર દૂર થવાથી, તે જીવન્મુક્તિ પ્રાપ્ત કરે છે.

૫૬

માયા

ભાગવતમાં વર્ણવેલી બાર શક્તિઓમાં '**માયા**' નામની પણ એક શક્તિ છે. તેના બે રુપ છે. ૧. **સર્વ ભવન સામર્થ્ય** અને ૨. **વ્યામોહિકા શક્તિ.** 'શક્તિ' હંમેશા 'શક્તિમાન' સાથે જોડાયેલી હોય છે. બ્રહ્મની માયા શક્તિ પણ બ્રહ્મમાં જ રહેલી છે તે બ્રહ્મને આધિન છે, બ્રહ્મથી તે ભિન્ન અથવા સ્વતંત્ર હોઈ શકે નહીં. '**એકમેવાદ્વિતિયમ્**' બ્રહ્મે નિજ લીલાર્થે પોતાની ઈચ્છા, તેમજ સર્વભવને સામર્થ્ય હોવાથી જગતમાં અનેક રુપો અને નામો ધારણ કર્યા છે. બ્રહ્મ **કર્તુમ, અકર્તુમ, અન્યથા કર્તુમ** છે, તેથી તે બધું જ કરી શકે છે, ન કરવું હોય તે ન પણ કરે અને જે ન થઈ શકતું હોય તે પણ કરે.

બ્રહ્મની શક્તિનું બીજુ રૂપ '**વ્યામોહિકા માયા**' છે. **વ્યામોહ** એટલે અજ્ઞાન અથવા ભ્રમણા. વ્યોમાહિકા માયા જીવોને અજ્ઞાનરૂપી આવરણથી ઢાંકી દે છે. તે જીવોને વસ્તુના સાચા સ્વરૂપનું જ્ઞાન થવા દેતી નથી. તેથી વસ્તુ જેવી હોય તેનાથી જુદી દેખાય છે.

આમ વ્યામોહિકા માયા જીવની બુદ્ધિને પ્રથમ અજ્ઞાનથી ઢાંકી દે છે, અને ત્યારબાદ તે જગતના વિષયો જેવા જ માયિક વિષયો જીવની બુદ્ધિમાં ઉત્પન્ન કરે છે. તેથી તે ભ્રમિત બની જાય છે. જીવ જ્યારે જગતના વિષયોના સંપર્કમાં આવે છે ત્યારે તેની બુદ્ધિમાં રેહલા માયિક વિષયોનું પરાવર્તન જગતના વિષયો ઉપર થતું હોય છે.

ભગવાન આ રીતે પોતાની માયા શક્તિથી જગતમાં વિવિધ લીલાઓ કરે છે. માયા ભગવાનને આધિન હોવાથી ભગવાન ગીતામાં કહે છે કે '**જે મારે શરણે આવે છે તે મારી માયાને આસાનીથી તરી જાય છે.**'

શંકરાચાર્યજીએ પ્રતિપાદિત કરેલા 'માયાવાદ'થી શ્રી વલ્લભાચાર્યજી સંમત નથી, કારણ કે તેઓ જગત 'માયા જનીત' કહે છે, પરંતુ જગતની ઉત્પત્તિ ભગવાનના 'સર્વભવન સામર્થ્ય'થી થઈ છે, જ્યારે સંસારની ઉત્પત્તિ 'વ્યાંમોહિકા' માયા દ્વારા થાય છે.

દૈવી-આસુરી સૃષ્ટિ

મુલતઃ ભગવાને આ સૃષ્ટિની રચના પોતાને ક્રીડા કરવા માટે, કરી છે. તે માટે વિવિધતા અને વિચિત્રતા હોવી જરૂરી છે, કારણ કે રમવાનો આનંદ ત્યારે જ આવે. આ કારણથી ભગવાને અનેક પ્રકારના જીવો ઉત્પન્ન કર્યા છે. જીવોને મુખ્યત્વે બે વર્ગમાં ભગવાને ગીતામાં વિભાજીત કર્યા છે. (૧) **દૈવી** અને (૨) **આસુરી સૃષ્ટિ.** જીવોના આ બે મુખ્ય પ્રકાર છે. દૈવી જીવોમાં ભગવાને સૂક્ષ્મ સદ્‌વાસના સ્થાપિત કરેલી છે. તેથી તેમનામાં આત્મોદ્ધારના માટે રુચિ અને યોગ્યતા હોય છે. તેઓ નિર્ભય, શુદ્ધ અધ્યાત્મજ્ઞાનનો વિકાસ કરનારા; આત્મ સંયમ, તપ, સત્યનિષ્ઠા, અક્રોધ, ત્યાગ, શાંતિ, દયા, અલોભ, મૃદુતા, વિનમ્રતા, અડગ નિશ્ચય, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા ઈત્યાદિ અનેક સદ્‌ગુણોને ધારણ કરનારા હોય છે. આ પ્રકારના જીવો શાસ્ત્રોક્ત સાધનોનું અનુષ્ઠાન કરીને પ્રભુકૃપાથી મોક્ષ અથવા ભક્તિ પ્રાપ્ત કરે છે.

બીજા પ્રકારના જીવો દંભ, પાખંડ, ઘમંડ, અહંકાર, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન યુક્ત હોય છે. જેઓને નરકના અધિકારી કહ્યા છે. તેઓ સ્વેચ્છાચારી, વિવેક શૂન્ય, ભગવાન અને ભગવદ્‌ ભક્તોના વિરોધી હોય છે. તેઓની ગતિ પ્રલય પર્યંત ચોરાશી લાખ યોનિઓમાં ભટકતાં રહેવાની હોય છે. તેઓ જન્મ-મરણના ચકરાવામાં ફસાયેલા રહે છે.

શ્રી વલ્લભાચાર્યજી એ દૈવી પ્રકૃતિવાળા જીવાત્માને ફરી બે વિભાગમાં વહેંચ્યા છે. (૧) **મર્યાદા જીવો**, (૨) **પુષ્ટિ જીવો**. તેઓ આસુરી પ્રકૃતિવાળા જીવાત્માને '**પ્રવાહિ જીવો**' તરીકિ ઓળખાવે છે. તેના પણ તેમણે બે પ્રભેદો બતાવેલા છે. (૧) **દુર્જ્ઞ** અને (૨) **અજ્ઞ.** જીવોના વિવિધ પ્રકારો તેના અધિકાર ઈત્યાદિનું વિસ્તૃત વર્ણન તેમણે પોતાના '**પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ**' ગ્રંથમાં કર્યું છે.

૫૮

'જીવ'ના પ્રકાર

શ્રી વલ્લભાચાર્યજી એ 'પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ' ગ્રંથમાં જીવોના મુખ્યત્વે ત્રણ પ્રકાર બતાવ્યા છે, (૧) **પુષ્ટિ**, (૨) **મર્યાદા** અને (૩) **પ્રવાહી.** આ ગ્રંથમાં તેમણે '**માર્ગભેદ**', '**સર્ગભેદ**' તેમજ '**ફલભેદ**'ના આધારે જીવોની અન્ય વિશેષતાઓનું પણ નિરુપણ કર્યું છે.

'માર્ગભેદ' સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજીએ **પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ** અને **પ્રવાહમાર્ગ**ની છણાવટ કરી છે. પ્રત્યેક માર્ગમાં જીવોના સ્વરૂપ, દેહ, રુચિ અને વ્યવહાર તેમજ ફળ ભિન્ન ભિન્ન હોય છે. 'સર્ગભેદ' સમજાવતાં કહે છે કે પુષ્ટિ સૃષ્ટિ ભગવાને પોતાના સ્વરૂપથી મર્યાદા સૃષ્ટિ તેમની વાણીથી અક્ષરબ્રહ્મમાંથી અને પ્રવાહી સૃષ્ટિ તેમણે મનથી ઉત્પન્ન કરી છે. પ્રત્યેકને ફલ પ્રાપ્તિ જુદી જુદી થાય છે. પુષ્ટિ જીવોનો ઉદ્ધાર શ્રીકૃષ્ણ આધિદૈવિક સ્વરૂપથી કરે છે, મર્યાદા જીવોને વેદમાં બતાવેલ સાધનો દ્વારા 'મોક્ષ' રુપી ફલ પ્રાપ્ત થાય છે. પ્રવાહી જીવોની કામનાઓ અનુસાર પ્રભુ સ્વયં પોતાની ઈચ્છાથી ફલ આપે છે.

પુષ્ટિજીવોના તે તેમણે પુનઃ બે ભેદ બતાવ્યા છે. (૧) **શુદ્ધ પુષ્ટિ** અને (૨) **મિશ્ર પુષ્ટિ,** જેના પાછા ત્રણ વિભાગ છે. (અ) **પુષ્ટિ પુષ્ટિ**, (બ) **મર્યાદા પુષ્ટિ** અને (ક) **પ્રવાહ પુષ્ટિ.**

પુષ્ટિ પુષ્ટિ જીવ ભગવાનના માહાત્મ્ય જ્ઞાનવાળો અને તેમનામાં સુદૃઢ સર્વતોધિક સ્નેહ વાળા, સદા કૃષ્ણ સેવામાં પરાયણ હોય છે.

મર્યાદા પુષ્ટિ : ભગવાનની લીલાઓની કથાઓ દ્વારા તેમના ગુણોનું પ્રેમપૂર્વક ચિંતન કરવામાં લીન હોય છે.

પ્રવાહ પુષ્ટિ : જીવોમાં ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન કે પ્રભુ પ્રત્યે ઉત્કટ સ્નેહ ન હોવા છતાં તેમની ક્રિયાત્મક સેવામાં રુચિ હોય છે.

શુદ્ધ પુષ્ટિ : જીવનો ભગવાન પ્રત્યેનો સ્નેહ ઉત્કટ, સહજ અને શુદ્ધ હોય છે, આવો જીવ અતિ દુર્લભ છે.

પુરુષાર્થ

શાસ્ત્રોમાં મનુષ્ય જીવનના ચાર પુરુષાર્થો બતાવવામાં આવ્યા છે. **ધર્મ, અર્થ, કામ** અને **મોક્ષ**. તેમાં 'ધર્મ' અને 'મોક્ષ'નો તથા 'અર્થ' અને 'કામ'નો આપસમાં સાધન-સાધ્યનો સંબંધ છે. 'ધર્મ' સાધન છે તો 'મોક્ષ' સાધ્ય છે. 'અર્થ' સાધન છે જ્યારે 'કામ' સાધ્ય છે. 'મોક્ષ' જીવનનું અંતિમ લક્ષ છે. જીવ સંસારમાં 'બદ્ધ અવસ્થા'માં હોય છે. તેમાંથી છુટવું તે **'મુક્તિ'** અથવા **'મોક્ષ'** કહેવાય છે.

અલગ અલગ ધર્મો-દર્શનોએ ભિન્ન ભિન્ન સાધનાપ્રણાલી બતાવી આવી છે. તદનુસાર 'ધર્માર્થ કામ મોક્ષ'ના પ્રકાર પણ જુદા જુદા બતાવવામાં આવ્યા છે. શ્રી વલ્લભાચાર્યજી એ ચાર પુષ્ટિમાર્ગીય પુરુષાર્થોનું સ્વરૂપ પોતાના **'ચતુઃશ્લોકી'** ગ્રંથમાં સમજાવ્યું છે. આ ગ્રંથની છેલ્લા શ્લોકની વિવૃત્તિમાં તેઓ સ્પષ્ટતા કરતાં કહે છે-

'શ્રી હરિના દાસ હોવું જ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. પુષ્ટિભક્તોના અર્થ (ધન-દોલત) સ્વયં શ્રી હરિ જ છે. શ્રીહરિના દર્શનની કામના જ પુષ્ટિમાર્ગીય કામના છે તથા ભાવપૂર્વક શ્રી કૃષ્ણના જ બની જઈ સતત તેમની સેવા અને સ્મરણ કરવું એ જ પુષ્ટિ ભક્તો માટે મોક્ષ છે.

શ્રી વલ્લભાચાર્યજી ભક્તિને 'પંચમો પુરુષાર્થ' ગણાવે છે. પુષ્ટિમાર્ગીય ફલ જ્ઞાનમાર્ગીય મોક્ષની માફક ભગવાનમાં સાયુજ્ય પામવું નથી પરંતુ 'ભક્તિ દ્વારા ભગવાનની દિવ્ય લીલાઓનો અનુભવ કરવો' તે છે.

'પુષ્ટિભક્તિ' એક **'માર્ગ'** પણ છે અને **'ગંતવ્ય'** પણ છે. અર્થાત્ **'સાધન'** અને **'ફલ'** બન્ને છે. માટે જ સંયોગ તેમજ વિયોગમાં ભજન-સ્મરણના ચઢાણ ઉતરાણોમાં નિરંતર ચાલતાં રહેવું એને જ શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિમાર્ગીય મોક્ષ બતાવે છે. પુષ્ટિજીવ, તેથી જ જન્મોજન્મ ભગવદ્ સેવા પ્રાપ્ત કરવાની કામના કરે છે.

૬૦

મુક્તિ - મોક્ષ

'મોક્ષ' જીવનનું અંતિમ ધ્યેય છે. ભિન્ન ભિન્ન વિચારધારાઓ મોક્ષ અર્થાત્ મુક્તિના અલગ અલગ સ્વરૂપ અને તેના માર્ગોનો નિર્દેશ કરે છે. '**જ્ઞાનમાર્ગીય મોક્ષ**' એ બ્રહ્મ સાથે એકાત્મ થઈ જવું તે છે, જ્યારે ભગવદ્ સ્વરુપાનંદનો અનુભવ કરવો તેને '**ભક્તિમાર્ગીય મોક્ષ**' કહે છે.

શાસ્ત્રોમાં મુક્તિના બે પ્રકાર બતાવ્યા છે. (૧) **જીવન મુક્તિ** : આ લોકમાં જ જ્યારે મનુષ્ય તેના સર્વ કર્મના બંધનોમાંથી છૂટી જાય છે, પંચપર્વા અવિદ્યાના કારણે ઉદ્ભવેલા તેના અધ્યાસો છુટી જાય છે, પોતાના સ્વરૂપની ઓળખ થાય છે, ત્યારે તે '**મુક્તાત્મા**' બની જાય છે. (૨) **વિદેહ મુક્તિ** : જ્યારે પારબ્ધ કર્મ નિઃશેષ થઈ જતાં તેના બંધનમાંથી મુક્ત થતાં, જીવ પુનઃ શરીર ધારણ કરતો નથી, તેને '**વિદેહ મુક્તિ**' કહેવાય છે. આના બે પ્રકાર છે. (૧) **ક્રમ મુક્તિ**, (૨) **સદ્યો મુક્તિ**. પ્રથમ પ્રકારમાં જીવ વિભિન્ન લોકોમાં શુભફળોને ભોગવતાં અંતે ભગવદ્ સાયુજ્ય પ્રાપ્ત કરે છે, જ્યારે બીજા પ્રકારમાં કોઈ પણ કર્મ ફળ ભોગવવાના બાકી ન રહેતાં જીવ તુરંત બ્રહ્મ સાથે એકાત્મ થઈ જાય છે. પુષ્ટિભક્ત જ્યારે ભગવદ્ વિરહની પચંડ અગ્નિમાં સંતપ્ત થતાં તેનો અહંતા-મમતાત્મક સંસાર નષ્ટ થઈ જાય અને બહારના જગતની સંપૂર્ણપણે વિસ્મૃતિ થઈ જાય, ત્યારે તે વિપ્રયોગની રસાત્મક સ્થિતિ પ્રાપ્ત કરે છે. આ અવસ્થામાં રસરુપ ભગવાન, ભક્તના હૃદયમાં આવિર્ભૂત થઈ પોતાની રસાત્મક લીલાઓનો અનુભવ કરાવે છે. આવી નિરોધની સ્થિતિને 'જીવન મુક્તિ' કહેવાય છે.

ભાગવતજીમાં પાંચ પ્રકારની મુક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧) **સાલોક્ય** - જે તે દેવના લોકમાં વાસ પ્રાપ્ત થવો, (૨) **સાર્ષ્ટિ** - જેતે દેવનું ઐશ્વર્ય પ્રાપ્ત થવું, (૩) **સામીપ્ય** - જે તે દેવની સાથે સ્થિતિ પ્રાપ્ત થવી, (૪) **સારુપ્ય** -દેવના જેવું રુપ પ્રાપ્ત થવું અને (૫) **સાયુજ્ય** - દેવની સાથે લીન થઈ જવું. આ 'મર્યાદા ભક્તિ'થી પ્રાપ્ત થતી મુક્તિના પ્રકાર છે. 'નવધા ભક્તિ'ના આ ફલ છે.

૬૧

સાધન-મીમાંસા

પ્રાણી માત્રમાં સુખ મેળવવાની સહજવૃત્તિ રહેલી છે. તેને માટે તે કશોક **પુરુષાર્થ** કરતો હોય છે. 'સુખ' શબ્દ સાપેક્ષ છે. જન્મ-મરણની ઘટમાળ પ્રાણીમાત્રની અનિવાર્ય સ્થિતિ છે. તેના કારણે તે અનેક પ્રકારના દુઃખ સહન કરે છે. તેમાંથી મુક્તિ મેળવવા તે હંમેશા કોશિષ કરે છે. મુક્તિ એટલે જ 'મોક્ષ'. '**ધર્મ**' મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. તેના બે ભેદ બતાવવામાં આવ્યા છે. (૧) **પ્રવૃત્તિ ધર્મ** અને (૨) **નિવૃત્તિ ધર્મ**. પહેલાનું સ્વરૂપ 'ગીતામાં' બતાવ્યું છે, તો બીજાનું 'ભાગવતમાં'. બન્ને પ્રકારના ધર્મોનો સંબંધ ભગવાન સાથે હોવો જરૂરી છે. અન્યથા તે ધર્મ જ ન કહેવાય.

શાસ્ત્રોમાં મોક્ષ પ્રાપ્તિના ત્રણ મુખ્ય સાધન-**કર્મ, જ્ઞાન** અને **ભક્તિ** બતાવ્યા છે. વેદના પૂર્વકાંડમાં યજ્ઞાદિ **કર્મ**નો મહિમા બતાવવામાં આવ્યો છે, જ્યારે તેના ઉત્તરકાંડ, અર્થાત્ ઉપનિષદમાં '**જ્ઞાન**'ની મીમાંસા કરવામાં આવી છે. '**ભાગવત**' જે ભક્તિનો ગ્રંથ છે, તેમાં '**ભક્તિ**'નું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

વેદમાં વિવિધ પ્રકારના યજ્ઞ-યાગાદિ દ્વારા ફળ પ્રાપ્તિ બતાવી છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે કામના પૂર્તિ માટે કરવામાં આવે તે '**આધિભૌતિક યજ્ઞ**' ચિત્ત શુદ્ધિ માટે કરાતો '**આધ્યાત્મિક યજ્ઞ**' અને ભગવાન પરત્વે કરવામાં આવે તે '**આધિદૈવિક**' યજ્ઞ છે. જપ, તપ, દાન ઈત્યાદિ '**કર્મ માર્ગ**'ના અંગ છે. શાસ્ત્રો દ્વારા '**બ્રહ્મ**'ને જાણવાથી જીવ બ્રહ્મરૂપ બની જાય છે, તેને '**જ્ઞાનમાર્ગ**' કહે છે. ભગવાનની સ્નેહપૂર્વક સેવા-ઉપાસના દ્વારા ભગવાનને પ્રસન્ન કરવાથી તેમની કૃપા થતાં ભગવાનને મેળવી શકાય, તેને '**ભક્તિમાર્ગ**' કહે છે. ભક્તિનો અર્થ છે-ભગવાનમાં નિશ્છલ સ્નેહ.

૬૨

કર્મમાર્ગ

વેદના પૂર્વકાંડમાં કર્મની મીમાંસા કરવામાં આવી છે. શાસ્ત્રોમાં **વિધી** અને **નિષેધ** બતાવવામાં આવ્યા છે, અર્થાત્ મનુષ્યે શું કરવું અને શું ન કરવું જોઈએ, તેની સ્પષ્ટતા કરી છે. શાસ્ત્ર આજ્ઞા મુજબના 'કર્મ'ને **'ધર્મ'** કહેવાય. કર્મના અનેક ભેદ બતાવ્યા છે–**નિત્ય કર્મ, નૈમિતિક કર્મ, સંચિત કર્મ, પ્રારબ્ધ કર્મ** વગેરે છે.

પ્રત્યેક કર્મથી કાંઈક ફલ આપવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે, જેને શાસ્ત્રમાં **'અપૂર્વ'** કહ્યું છે. સમયાંતરે તે સારા–ખોટાં ફલમાં પરિણમે છે. વેદ સમજાવે છે કે જ્યારે પુણ્ય અને પાપ, સારા કે ખરાબ કર્મોના ફલ સંપૂર્ણ પણે ભોગવાઈ જાય અને નવા 'કામ્ય કર્મ' ન કરાય ત્યારે મનુષ્યને **'મુક્તિ'** મળે છે. મોક્ષ પ્રાપ્તિના આ માર્ગને **'કર્મમાર્ગ'** કહેવામાં આવે છે.

પ્રત્યેક આશ્રમો માટે જુદા જુદા પ્રકારના કર્મોના વિધાન કરવામાં આવ્યા છે. સ્વાધ્યાય, શાસ્ત્રોનું અધ્યયન એ **'બ્રહ્મચારી'**ના, નિત્ય હવન, દાન ઈત્યાદિ **'ગૃહસ્થ'**ના, જપ-તપ **વાનપ્રસ્થ** માટે, અને ધ્યાન અને ભક્તિએ **'સંન્યાસી'**નું કર્મ બતાવ્યું છે. **'સકામ કર્મ'**ને વર્જિત ગણવામાં આવ્યું છે. તેથી જ ભગવાને ગીતામાં **'નિષ્કામ કર્મ'**નો ઉપદેશ આપ્યો છે. તેવા કર્મ જ મનુષ્યને મોક્ષ તરફ લઈ જાય છે. ગીતામાં ભગવાને કહેલ વચન **'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'**નું એ પ્રયોજન છે. નિષ્કામ ભાવથી 'કર્મ' કરવાનો મનુષ્યનો અધિકાર છે. તેનું યોગ્ય ફલ આપવું તે ભગવાનના હાથમાં છે. નિષ્કામ કર્મથી અંતઃકરણ શુદ્ધ થતાં મનુષ્ય ભક્તિ તરફ વળે છે. યજ્ઞ, પૂજા, યોગ ઈત્યાદિ ભક્તિના અંગરૂપ છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે કર્મનું મહત્વ ભક્તિના અંગરુપ સાધન તરીકે છે, તે સ્વતઃ પુરુષાર્થ નથી.

૬૩

જ્ઞાન માર્ગ

ઉપનિષદમાં **આત્મજ્ઞાન** અથવા **બ્રહ્મજ્ઞાન** રૂપી સાધનને મહત્વ આપવામાં આવ્યું છે. તેને જ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવવામાં આવ્યો છે. 'જ્ઞાન'નો અર્થ શાબ્દિક જ્ઞાન જ નહીં, પરંતુ વૈરાગ્ય, આત્મ-અનાત્મ વસ્તુનો વિવેક, તપ, યોગાદિ યુક્ત વિદ્યા વગેરે સાધનોથી પ્રગટતું જ્ઞાન, જેનાથી **'પંચપર્વા અવિદ્યા'** નાશ પામે છે અને બ્રહ્મના સ્વરૂપની ઓળખ થાય.

શંકરાચાર્ય ભગવાનની પ્રાપ્તિ માટે **'જ્ઞાન માર્ગ'**નું પ્રતિપાદન કરતાં કહે છે કે **વેદ, ગીતા** અને **બ્રહ્મસૂત્રો**–એ ત્રણ ભગવદ્ શાસ્ત્રો દ્વારા બ્રહ્મનું યથાર્થ જ્ઞાન થાય તો જીવનું અજ્ઞાન દૂર થતાં તે 'બ્રહ્મરૂપ' બની જાય. જેમ પ્રકાશ થતાં અંધકાર દૂર થાય ત્યારે વાસ્તવિક વસ્તુ દેખાય, તેમ 'જ્ઞાન' દ્વારા સમજાય કે આપણી ચારે તરફ જે જગતના વિવિધ પદાર્થો દેખાય છે, તે તેમનું વાસ્તવિક સ્વરૂપ નથી, પરંતુ તે સર્વ કાંઈ 'બ્રહ્મ' જ છે. આને તેઓ **'સર્વાત્મ ભાવ'** કહે છે. જીવ પોતે બ્રહ્મ સાથે એકરૂપતાનો અનુભવ કરે છે. આ સ્થિતિને જ તેઓ 'મોક્ષ' ગણાવે છે.

મોક્ષ પ્રાપ્તિના આ માર્ગને **'જ્ઞાન માર્ગ'** કહે છે. તેના દ્વારા જીવને પોતે બ્રહ્મ હોવાનો અહેસાસ થાય છે, આ માર્ગે ચાલવા માટે, ઉપર કહ્યું તેમ, **'સાધન ચતુષ્ટય'**ની આવશ્યકતા રહે છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે આ માર્ગે **'અક્ષર બ્રહ્મ'**ની જ પ્રાપ્તિ થાય છે, પરંતુ સાક્ષાત્ પુરુષોત્તમની પ્રાપ્તિ થતી નથી. તે માટે જીવે 'પુષ્ટિભક્તિમાર્ગે' ચાલવું આવશ્યક છે.

'જ્ઞાન માર્ગ'ની પહોંચ અક્ષર બ્રહ્મ સુધી જ છે, તે સાકાર બ્રહ્મ શ્રીકૃષ્ણનો અનુભવ કરાવી શકતો નથી.

૬૪

ભક્તિ માર્ગ

'ભક્તિ'નો અર્થ છે-ભગવાનના માહાત્મ્યને જાણી તેમનામાં અસીમિત પ્રેમ હોવો. લૌકિકમાં આપણે જાણીએ છીએ કે પ્રેમ દ્વારા અન્યને પ્રસન્ન કરી, તેનું હૃદય જીતી શકાય. ભાગવતમાં ભગવાન ઉદ્ધવજીને કહે છે- 'સાંખ્ય કે યોગ કે શાસ્ત્રનું જ્ઞાન કે તપ કે વૈરાગ્યથી જે પ્રાપ્ત ન થાય તે 'ભક્તિ' દ્વારા થાય છે.' ભાગવત એ ભક્તિનો ગ્રંથ છે. તેમાં વિસ્તારપૂર્વક ભક્તિનું અને ભગવાનના ભક્તોનું નિરુપણ કરવામાં આવ્યું છે. લગભગ બધા જ આચાર્યોએ ભક્તિનો મહિમા ગાયો છે અને **'ભક્તિ માર્ગ'**નું પ્રતિપાદન કર્યું છે. શંકરાચાર્ય 'જ્ઞાનમાર્ગ'ના પ્રવર્તક હતાં, જ્યારે અન્ય બધા જ આચાર્યોએ 'ભક્તિ માર્ગ'ને જ ભગવદ પ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન માન્યું છે. શ્રી વલ્લભાચાર્યજી એ તો ભક્તિ માર્ગનું એક વિશિષ્ટ સ્વરૂપ **'પુષ્ટિભક્તિમાર્ગ'** અથવા **'પુષ્ટિમાર્ગ'**નું પ્રતિપાદન કર્યું છે. તેમણે કહ્યું છે કે 'જેને જે રુચે તે માર્ગ તેને માટે સારો કહેવાય, પરંતુ ભક્તિ માર્ગ મારી દૃષ્ટિએ ઉત્તમ છે, કારણ કે તેના દ્વારા જીવ કૃતાર્થ થાય છે. તેમાં કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગ જેવું કષ્ટ વેઠવું પડતું નથી.'

ઉપાસનાના રૂપમાં 'ભક્તિ'નો પ્રકાર પ્રાચીન શાસ્ત્રોમાં જોવા મળે છે, જેમાં પૂજા, અર્ચના, વિધી, મંત્ર ઈત્યાદિ દ્વારા ભગવાનને રીઝવવાના ઉપાયોનું નિરુપણ કરવામાં આવ્યું છે. ઉપાસનાને મર્યાદા ભક્તિનો જ પ્રકાર કહી શકાય, જે **'સકામ'** ભક્તિની પ્રક્રિયા છે. તેનો હેતુ દુઃખની નિવૃત્તિ તથા સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ હોય છે. વિવિધ દેવોની ઉપાસનામાં કામનાઓની પૂર્તિ મુખ્ય ઉદ્દેશ્ય હોય છે. શાસ્ત્રોમાં ભક્તિમાર્ગને મોક્ષ પ્રાપ્તિ માટે કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગથી સરળ અને ઉત્તમ બતાવવામાં આવ્યો છે.

૬૫

પુષ્ટિ માર્ગ

'પુષ્ટિમાર્ગ'ના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજી છે. તેમની આગવી તાત્ત્વિક વિચારધારા–'**શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ**' અંતર્ગત, તેમણે મુક્તિ અથવા ભગવદ્ પ્રાપ્તિના હેતુ માટે એક વિશિષ્ટ 'સાધનાપ્રણાલી', એક ભિન્ન પ્રકારની સેવા પ્રણાલીનો નિર્દેશ કર્યો છે. તેનું નામ '**પુષ્ટિ માર્ગ**' છે. પુષ્ટિનો અર્થ થાય '**કૃપા**' અથવા '**અનુગ્રહ**'. ભગવાનના સ્વયંના અનુગ્રહથી ભગવાનને મેળવવા માટે જે માર્ગે પ્રશસ્ત થવાય તે માર્ગનું નામ 'પુષ્ટિમાર્ગ' છે.

ભાગવત કહે છે–'**પોષણં તદ્ અનુગ્રહ**', અર્થાત્ ભગવાન દ્વારા પોષણ કરવામાં આવે તેને તેમનો 'અનુગ્રહ' કહેવાય. શ્રુતિમાં કહ્યું છે. '**યમે વૈષ વૃણુતે તેન લભ્ય**' અર્થાત્ ભગવાન જેનું વરણ કરે તેને તેઓ પ્રાપ્ત થાય છે. તેનું તાત્પર્ય એ કે ભગવાન જેના પર કૃપા કરે, જેને તેઓ સ્વયં મળવા ઈચ્છે, તે ભગવાનને આસાનીથી મેળવી શકે, ભગવાનની અલૌકિક લીલાઓનો અનુભવ કરી શકે. શ્રી વલ્લભાચાર્યજીએ ભાગવતજીના તેમજ શ્રુતિવચનોના આધારે પુષ્ટિમાર્ગ પ્રવર્તિત કર્યો છે.

ભગવાનની કૃપા તેમની નિષ્કામ ભક્તિ દ્વારા પ્રાપ્ત થઈ શકે. 'ભક્તિ' અહીં 'સેવા'ના અર્થમાં છે. તેથી જ શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવ પ્રભુનો અંશ હોવાથી તેમનો દાસ છે. તેથી ભગવાનની સેવા એ તેનો સહજ ધર્મ છે. જીવે પોતાની **અહંતા–મમતા** પ્રભુને સમગ્ર પણે સમર્પિત કરી, તેમની શરણાગતિ સ્વીકારી, અનન્યતાપૂર્વક નિષ્કામ ભાવથી પ્રભુમાં ચિત્ત પરોવી તેમની સેવા કરવાનો ઉપદેશ તેમણે આપ્યો છે. ભગવાનની સેવાને જ તેઓ 'ફળરૂપ' બતાવે છે. સ્વામી–સેવકના ભાવથી, ભગવાનની સેવાને જીવનમાં વણી લેવી એ પુષ્ટિમાર્ગનું તાત્પર્ય છે. પોતાના ઘરમાં પુષ્ટિ પ્રભુને પધરાવી તેમને રીઝવવા, તેમની પ્રસન્નતા માટે જ જીવવું એ 'પુષ્ટિમાર્ગ'ની સાધના પ્રણાલી છે.

૬૬

ભક્તિ

નારદજીએ ભક્તિસૂત્રોમાં ભક્તિની વ્યાખ્યા બતાવી છે- **'માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાનમાં સુદ્રઢ અને સર્વતોધિક સ્નેહ'**, તેનું નામ 'ભક્તિ'. ભક્તિનો સામાન્ય અર્થ છે સેવા. 'સેવા' એટલે ચાકરી નથી, કારણ કે 'ચાકરી' એટલે ક્રિયાવત્ ફરજ બજાવવી, જ્યારે સેવામાં સ્વામી પ્રત્યે સ્નેહયુક્ત લાગણી હોય છે. સ્વામીના સુખ માટે, તેમની પ્રસન્નતા માટે, જે ભાવપૂર્વક કાળજી લેવામાં આવે તેનું નામ **'ભક્તિ'** છે. ભક્તિ શબ્દ જ 'સ્ત્રીલિંગ' છે. સ્વાભાવિક પણે સ્ત્રીઓના સ્વભાવમાં લાગણીનું તત્ત્વ વિશેષ હોય છે. તેથી 'ભક્તિ' શબ્દ સહજ લાગણી પૂર્ણ, પ્રેમસભર સેવાનો નિર્દેશ કરે છે. સાથે ભગવાનના માહાત્મનું જ્ઞાન પણ આવશ્યક ગણ્યું છે.

ભગવાન પ્રત્યે સ્નેહપૂર્ણ લાગણીની અભિવ્યક્તિ સેવા દ્વારા કરી શકાય. તેમના ગુણાનુવાદ દ્વારા, તેમનુ સ્મરણ-કિર્તન ઈત્યાદિથી કરવામાં આવતી. નવ પ્રકારની ભક્તિ ભાગવતમાં બતાવવામાં આવી છે. (૧) **શ્રવણ,** (૨) **કીર્તન,** (૩) **સ્મરણ,** (૪) **વંદન,** (૫) **અર્ચન,** (૬) **પાદસેવન,** (૭) **દાસ્ય,** (૮) **સખ્ય** અને (૯) **આત્મ નિવેદન.** આ 'નવધા ભક્તિ'ના ઉદાહરણો પુરાણ કથાઓમાં પ્રાપ્ત થાય છે.

ભક્તિના ઉપરોક્ત પ્રકારોનો જો મુક્તિના સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે તો તેને **'મર્યાદાભક્તિ'** કહેવાય. પરંતુ જો શ્રવણ, કીર્તન, સ્મરણ ઈત્યાદિ પ્રભુ પ્રત્યેના નિર્વ્યાજ સ્નેહના કારણે થાય તો તે **'પુષ્ટિભક્તિ'**નું રૂપ ધારણ કરે. તેને જ શ્રી વલ્લભાચાર્યજી **'પ્રેમલક્ષણાભક્તિ'** કહે છે.

'પુષ્ટિભક્તિમાર્ગ' એ પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ છે. તેના દ્વારા ભક્તને ઉત્તરોત્તર પ્રેમ, આસક્તિ અને વ્યસન દશા પ્રાપ્ત થાય છે, જે ભક્તિની ચરમસીમા છે. ભક્તિને શ્રી મહાપ્રભુજી **'પંચમ પુરુષાર્થ'** કહે છે.

૬૭

દેહધર્મ-આત્મધર્મ

'ભક્તિ' એ જીવાત્મામાં પ્રગટ થાય છે, જેનું 'વરણ' પ્રભુ ભક્તિ માટે કરે છે. પરમાત્મા દ્વારા કરાયેલું જીવાત્માનું 'વરણ' તેમાં '**બીજભાવ**' રુપે સર્વદા રહે છે. તે સત્સંગ, ગુરુકૃપા ઈત્યાદિ દ્વારા અંકુરિત થઈ જતાં નવપલ્લવિત થાય છે.

'બીજભાવ' દ્રઢ થઈ જતાં, જીવાત્માની 'ભક્તિ', ભગવત્પ્રેમના રુપે અંકુરિત થઈ, ભગવાધસક્તિના રૂપમાં પલ્લવિત થઈ, અંતે ભગવદ્ વ્યસનના રુપમાં ફલિત થાય છે. બીજભાવની આવી દ્રઢતાના અભાવમાં, શ્રીમહાપ્રભુજી, વિષયોમાંથી વૃત્તિઓને પાછી લઈને પોતાના ઘરમાં, સ્વધર્મ તરીકે ભગવત્સેવા તથા ભગવત્કથામય જીવન વીતાવવાની આજ્ઞા કરે છે. તેઓ કહે છે કે 'બીજભાવ દ્રઢ કરવાને માટે એ આવશ્યક છે કે ઘરમાં સ્વધર્માચરણને નિભાવતાં નિભાવતાં અવ્યાવૃત્ત થઈને ભગવદ્ ભજન કરવું જોઈએ.'

નિબંધમાં શ્રી મહાપ્રભુજી કહે છે-'**સ્વધર્માચરણ શક્ત્યા**' અર્થાત્ શક્તિ મુજબ સ્વધર્મનું આચરણ કરવું જોઈએ. 'સ્વધર્મ'નો અર્થ વર્ણ અને આશ્રમને અનુરુપ શાસ્ત્રમાં બતાવેલું આચરણ કરવું તે છે. જ્યાં સુધી દેહની સાથે આપણી અહંતા-મમતા જોડાયેલી છે ત્યાં સુધી '**વર્ણાશ્રમધર્મ**' જ '**સ્વધર્મ**' છે. અર્થાત્ જ્યાં સુધી દેહાભિમાન હોય ત્યાં સુધી દેહ ધર્મ-વર્ણાશ્રમ ધર્મનો નિભાવ કરવો આવશ્યક છે.

જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે, ભગવાનમાં પ્રેમ-આસક્તિ અને વ્યસનના સોપાન ભક્ત ચઢવા માંડે, ત્યારે ભગવદ્દાસ્ય અથવા ભગવત્સેવા તેનો સ્વધર્મ બની જાય છે, તેમ સ્પષ્ટપણે શ્રી મહાપ્રભુજી સુબોધિનીમાં કહે છે.

આમ '**દેહધર્મ**' અને '**આત્મધર્મ**' બંનેનો નિભાવ તત્તદ્ અવસ્થામાં મનુષ્યે વિવેકપૂર્વક કરવો આવશ્યક ગણાય.

મર્યાદા ભક્તિ

ભક્તિના મુખ્યત્વે બે પ્રકારો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. (૧) **મર્યાદાભક્તિ,** (૨) **પુષ્ટિભક્તિ.** મર્યાદાભક્તિ વેદાદિ શાસ્ત્રોમાં બતાવેલ વિધી–નિષેધને ધ્યાનમાં રાખી તેમાં નિર્દિષ્ટ સાધનો પર આધારિત છે, જ્યારે 'પુષ્ટિ ભક્તિ' કેવલ પ્રભુની કૃપા પર નિર્ભર કરે છે. બંને ભક્તિ વચ્ચેનો ભેદ શાસ્ત્રમાં વાંદરી અને બિલાડીના બચ્ચાના ઉદાહરણથી સમજાવ્યો છે. વાંદરી પોતાના બચ્ચા સાથે એક વૃક્ષથી બીજા વૃક્ષ પર કુદકો લગાવે ત્યારે બચ્ચું માને પકડી રાખે છે. મા પર બચ્ચાનો આધાર હોય છે. **'મર્યાદા ભક્તિ'** આ પ્રકારની છે. તે સાધનો પર અવલંબિત હોય છે. પરંતુ બિલાડી પોતાના બચ્ચાંને સાવધાની પૂર્વક દાંતથી પકડી, સ્થળાંતર કરે છે. તેમાં બચ્ચાંનો પ્રયત્ન હોતો નથી. તેમ **'પુષ્ટિ ભક્તિ'** જીવના સાધન પર અવલંબિત નથી પરંતુ ભગવાન સ્વયં સાધન બને છે.

'મર્યાદા ભક્તિ' શાસ્ત્રોમાં બતાવેલ વિવિધ સાધનો, દાન, જપ, યજ્ઞ, તપ વગેરે આધારે મોક્ષપ્રાપ્તિના હેતુસર કરવામાં આવતી ભક્તિ છે. વૈરાગ્ય, જ્ઞાન, યોગ અર્થાત્ ચિત્તવૃત્તિનો નિરોધ, તપ, ઈત્યાદિ સાધનો દ્વારા કરવામાં આવતી ભક્તિ **'મર્યાદા ભક્તિ'** કહેવાય છે.

ભાગવતમાં વર્ણવેલી શ્રવણ–કીર્તન ઈત્યાદિ **'નવધા ભક્તિ'**માંના પ્રત્યેક પ્રકારને જો ભક્તિનું સાધન બનાવવામાં આવે તો **'મર્યાદા ભક્તિ'** કહેવાય, કારણ કે તેમાં બતાવેલ વિવિધ સાધનોથી તે કરવામાં આવે છે, અને **'મુક્તિ'** પ્રાપ્ત કરવાનો તેનો હેતુ રહેલો હોય છે.

મર્યાદા ભક્તિ દ્વારા ભાગવતજીમાં બતાવેલ પાંચ પ્રકારની મુક્તિ પ્રાપ્ત થાય છે. (૧) **સાયુજ્ય,** (૨) **સાલોક્ય,** (૩) **સારુપ્ય,** (૪) **સામિપ્ય** અને (૫) **સાર્ષ્ટિ.** અર્થાત્ તેનાથી ભક્તની કામના મુજબ તેને ફલ મળે છે, જેવા કે–ભગવાનમાં લીન થઈ જવું, ભગવાનના લોકમાં વાસ, ભગવાન જેવું રૂપ, ભગવાન જેવું ઐશ્વર્ય મેળવવું ઈત્યાદિ. આ પ્રકારની ભક્તિમાં ભગવાનના વિવિધ અવતારો ભજનીય હોય છે.

૬૯

નવધા ભક્તિ

શ્રી વલ્લભાચાર્યજીએ નિરુપાધિક-નિર્ગુણ ભક્તિને પુષ્ટિમાર્ગીય સાધનાના રૂપમાં સ્વીકારી છે. નારદ ભક્તિ સૂત્રમાં 'માહાત્મ્યના જ્ઞાનપૂર્વક ભગવાનમાં ઉત્પન્ન થનારા સુદૃઢ અને સર્વતોધિક સ્નેહ'ને **ભક્તિ** કહેવામાં આવી છે. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થવાથી ભગવદ્ રૂપ, ભગવદ્ ગુણ, ભગવન્નામ, ભગવલ્લીલા પ્રત્યે વિશાળ આદર તથા પ્રેમભાવ ઉત્પન્ન થાય છે, તેમનું શરણ સ્વીકારવાની વૃત્તિ મનમાં જાગે છે. ભક્તિનું બીજું પાસુ ભગવાનમાં નિષ્કામ અનન્ય સ્નેહ ઉત્પન્ન થવો તે છે. સ્નેહની અભિવ્યક્તિ કરવી આવશ્યક ગણાય. તેથી જ ભાગવતમાં ભગવત્સ્નેહની અભિવ્યક્તિ રૂપે '**નવધા ભક્તિ**' બતાવવામાં આવી છે.

શ્રી મહાપ્રભુજી એ પુષ્ટિ ભક્તિમાર્ગમાં ભક્તિના બે પક્ષોનો નિર્દેશ કર્યો છે-(૧) **સેવા** અને (૨) **કથા.** કથા પક્ષને જ '**નામ સેવા**' કે '**ભગવદ્ ગુણાનુવાદ**' તરીકે જાણવામાં આવે છે. તદંતર્ગત નવધા ભક્તિના પહેલા ત્રણ સોપાન '**શ્રવણ, કિર્તન** અને **સ્મરણ**' બતાવવામાં આવ્યા છે. એ ત્રણેય ભગવદ્ ગુણાનુવાદના રૂપમાં 'નામ સેવા' છે.

ભક્તિનો બીજો પ્રકાર '**સ્વરૂપ સેવા**'ના અર્થમાં છે. તેના બે વિભાગ પાડી શકાય. (૧) **બાહ્ય સેવા** અને (૨) **આંતર્ સેવા.** સેવાના બાહ્ય પક્ષમાં અન્ય ત્રણ ભક્તિ- **પાદસેવન, અર્ચન** અને **વંદન** કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, જ્યારે **આંતર્પક્ષ**માં **દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન** ભક્તિ સમાવિષ્ટ છે.

એ રીતે જોતા શ્રી મહાપ્રભુજી '**ભક્તિવર્ધિની**' ગ્રંથમાં જે '**સેવાયાં વા કથાયાં વા**'નો નિર્દેશ કરે છે તે શાસ્ત્રોક્ત નવધાભક્તિ અંતર્ગત સમાવિષ્ટ થઈ જાય છે. '**પુષ્ટિ ભક્તિ**'નું સ્વરૂપ સ્નેહાત્મિકા નિષ્કામ ભક્તિનો પ્રકાર છે. સ્વામી પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ, સ્વામીનું સુખ એ જ તેનો હેતુ હોય છે. તેથી જ તે '**પ્રેમલક્ષણા ભક્તિ**' કહેવાય છે.

⑦⓪

પુષ્ટિ ભક્તિ

શ્રી વલ્લભાચાર્યજીના મતે મર્યાદા ભક્તિરુપે નવધા ભક્તિના પ્રત્યેક સોપાનને સાધન રુપ ન લેતાં જો ભગવદ્ પ્રેમ વશ કરવામાં આવે તો તે **'પુષ્ટિભક્તિ'** કહેવાય. આત્મનિવેદન કરતાં જીવ જ્યારે પોતાના સર્વસ્વનું આત્મા સહિત પ્રભુને નિવેદન કરી દે છે–સમર્પણ કરી ભગવાનની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી કહે છે–**'હે કૃષ્ણ હું તમારો છું,'** ત્યારે તે 'પ્રેમલક્ષણાભક્તિ'ની શરૂઆત કરે છે. તે પછી શ્રી મહાપ્રભુજી દ્વારા નિર્દિષ્ટ જીવનપ્રણાલી અપનાવવાથી ભગવાન સ્વયં પોતાની કૃપાથી જીવનો ઉદ્ધાર કરે છે. પુષ્ટિ ભક્તિમાં શાસ્ત્રોક્ત સાધનોનું નહીં, પરંતુ ભગવદ્ કૃપાનું જ મહત્વ છે.

સુબોધિનીમાં શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું છે કે 'પુષ્ટિ ભક્તિ' એ **'નિર્ગુણ ભક્તિ'** છે. જેવી રીતે ગંગાનદીનો પ્રવાહ સતત વહે છે, તેમ ભક્તનો નિર્વ્યાજ પ્રેમ અવિરતપણે ભગવાન પ્રત્યે વહે છે. ભક્ત સતત ભગવાનના, પોતાના સ્વામીના સુખનો જ વિચાર કરે છે. તેની પ્રત્યેક ક્રિયા ભગવાનને સુખ પહોંચાડવા માટે હોય છે. 'પુષ્ટિ ભક્તિ'માં ભજનીય તરીકે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ જ હોય છે, કારણ કે એ જ **'પરમોચ્ચ તત્વ'** છે.

'પુષ્ટિ ભક્તિ'ની એ વિશેષ્તા છે ભગવાનની સ્વયંની કૃપાથી જ તે પ્રાપ્ત થાય છે. 'પુષ્ટિ ભક્તિ'નું ફલ પણ 'મોક્ષ', અર્થાત્ ભગવાનમાં લીન થઈ જવું તે નથી, પરંતુ ભક્તને ભગવાનની નિત્ય લીલામાં પ્રવેશ મળે છે, તેને ભજનાનંદ પ્રાપ્ત થાય છે.

'પુષ્ટિ ભક્તિ'ના ચાર પ્રકારો શ્રી મહાપ્રભુજીએ બતાવ્યા છે તે છે **(૧) પ્રવાહ પુષ્ટિ ભક્તિ, (૨) મર્યાદા પુષ્ટિ ભક્તિ, (૩) પુષ્ટિ ભક્તિ અને (૪) શુદ્ધ પુષ્ટિ ભક્તિ.**

૭૧

બ્રહ્મસંબંધ

ભગવાને જ્યારે અનેક થવાની ઈચ્છા કરી ત્યારે પોતાની 'લીલા' માટે પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી સત્, ચિત્ અને આનંદ તત્ત્વો છૂટા પાડી જડ-જીવ-અંતર્યામિ રૂપે જગત પ્રગટ કર્યું. તેમણે અનેક પ્રકારની જીવ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. શ્રી વલ્લભાચાર્યજી એ પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એમ મુખ્યત્વે જીવના ત્રણ ભેદ બતાવ્યા છે. તેમના મતે પુષ્ટિ જીવોને ભગવાને પોતાની સેવા માટે પ્રકટ કર્યા છે. પરંતુ જ્યારે જીવ ભગવાનથી છુટો પડે છે ત્યારે તે અવિદ્યાગ્રસ્ત થવાથી '**બદ્ધ અવસ્થા**'માં આવે છે. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે. સંસારના અનેક દોષો તેને લાગુ પડે છે.

શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય દૈવી જીવોના ઉદ્ધાર માટે થયું છે. પરંતુ તેમણે જોયું કે પુષ્ટિ જીવો પણ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયા છે, મોહમાયામાં અટવાયા છે. તેઓ પોતાના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણને જ પોતાનું સ્વરૂપ સમજી બેઠા છે. કઈ રીતે તેમનો ભગવાન સાથે પુનઃ સંબંધ સ્થપાઈ શકે ?, એવું સતત ચિંતન તેમને થતું રહેતું.

એક સમયે જ્યારે ગોકુલમાં એવી જ ચિંતામાં તેઓ બેઠાં હતાં, ત્યારે મધ્ય રાત્રિએ ભગવાને સ્વયં પ્રગટ થઈ તેમને એક મંત્ર આપી કહ્યું કે 'આ મંત્રની દીક્ષા તમે જેને આપશો તેઓને મારી સેવામાં દોષ બાધારૂપ નહીં બને, હું તેમનો સ્વીકાર કરીશ.'

ભગવાને પોતે આપેલો મંત્ર હોઈ તે અતિ પવિત્ર છે. તે બોલતાં જીવને પોતાનું સ્વરુપ સમજાય છે, તે પોતાની સર્વ વસ્તુઓ-ઘરબાર, કુટુંબ, સંપત્તિ, પોતાના આત્મા સહિત બધું જ ભગવાનને પ્રતિજ્ઞાપૂર્વક સમર્પણ કરીને પોતે ભગવાનનો દાસ હોવાની કબુલાત કરે છે. જીવને આ મંત્ર આપવાની પ્રક્રિયાને 'બ્રહ્મસંબંધની દીક્ષા' કહે છે. તેના દ્વારા જીવનો ભગવાન સાથે પુનઃ સંબંધ પ્રસ્થાપિત થાય છે. તેનો અલૌકિક ગૃહસ્થાશ્રમ શરૂ થાય છે. જેથી તે ભગવાનની સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

૭૨

સમર્પણ

પંચપર્વા અવિદ્યાના કારણે જીવમાં 'હું પણા'નો અહંકાર જાગે છે. જેને **'અહંતા'** કહે છે અને 'આ બધુ મારું છે'–તેમ પ્રત્યેક વસ્તુમાં મારાપણાનો–**'મમતા'**નો ભાવ જાગે છે. એવી ખોટી સમજને શ્રી મહાપ્રભુજી **'સંસાર'** કહે છે. પોતાના સાચા સ્વરુપને ભૂલી ગયેલો જીવ જ્યારે ગુરુ દ્વારા બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા લે છે ત્યારે તે સ્વીકારે છે કે તે હજારો વર્ષોથી ભગવાનથી વિખુટો પડ્યો છે. જેને પોતાનું માની બેઠો હતો તે સર્વ કાંઈ–સ્ત્રી, પુત્ર, કુટુંબ, ઘરબાર, ધન–દોલત ઈત્યાદિ બધું જ તે ઘડીથી ભગવાનને સમર્પણ કરીને કહે છે : **'હે કૃષ્ણ હું તારો છું, તારો દાસ છું.'** અહીં **'સમર્પણ'**નો ભાવ છે. આ 'દાન'ની પ્રક્રિયા નથી.

'સમર્પણ' શબ્દ અગત્યનો છે. જ્યારે આપણી કોઈ વસ્તુ પરથી આપણો માલિક હોવાનો હક્ક છોડી દઈ, તે કોઈને હંમેશા માટે આપી દઈએ, તેને **'દાન'** કહેવાય. જો તેવું દાન કોઈ દેવને કરવામાં આવે તો તે **'અર્પણ'** કર્યું તેમ કહેવાય. પરંતુ **'આત્મ નિવેદન'** કરતી વખતે આપણે **'સમર્પણ'** કરીએ છીએ, અર્થાત્ સમર્પણ કરેલી વસ્તુનો સંબંધ ત્યારથી પ્રભુ સાથ જોડાઈ જાય છે, આપણે તેનો ઉપયોગ સ્વતંત્રપણે, આપણી સ્વયંની મરજીથી ફાવે તેમ કરી શકતાં નથી.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે 'આત્મ નિવેદન' કરવાથી આપણો સંબંધ પ્રભુ સાથે **'સ્વામી–સેવક'** વત્ બની જાય છે, કારણ કે આપણે તેમના દાસ હોવાનો સ્વીકાર કરીએ છીએ. તેથી જેમ લોકમાં સ્વામીના ઉપભોગમાં લીધેલા પદાર્થોથી સેવકનો નિર્વાહ થતો હોય છો, તેમ પ્રત્યેક વસ્તુ પ્રથમ પ્રભુને–આપણા સ્વામીને વિનિયોગ કરાવીને પછી સેવકે તેનો પોતાના માટે ઉપયોગ કરવાનો હોય છે.

સમર્પણ **'પુષ્ટિમાર્ગીય જીવન પ્રણાલી'**નો મહત્વનો પાયો છે. પ્રભુમાં સ્નેહ જાગે ત્યારે જ આપણે પ્રભુને સર્વ સમર્પણ કરવા તત્પર થઈ શકીએ. માટે શ્રી મહાપ્રભુજીએ 'સ્નેહ'ને ભક્તિનું અંગ ગણ્યું છે.

૭૩

શરણાગતિ

'શરણ' શબ્દના બે અર્થ થાય-(૧) જ્યાં આશ્રય લેવાય તે સ્થાન અને (૨) આશ્રય આપનારા કે રક્ષા કરનાર. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે લૌકિક કે પારલૌકિક બધી બાબતોમાં એકમાત્ર શ્રી હરિનો આશ્રય કરવો જોઈએ. કારણ કે પ્રભુ 'સર્વ સમર્થ' છે, કર્તુમ-અકર્તુમ-અન્યથા કર્તુમ સામર્થ્ય તેઓ ધરાવે છે. લૌકિકમાં પણ આપણે સમૃદ્ધ, સામર્થ્યવાન વ્યક્તિનો આશ્રય કરતાં હોઈએ છીએ, જે આપણું રક્ષણ કરવા સક્ષમ હોય. ભક્તિની વ્યાખ્યામાં ''ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન જાણીને'' એમ કહેવાનું તાત્પર્ય એ જ છે કે ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન થાય તો આપણે તેમનું શરણ સહજતાપૂર્વક સ્વીકારીએ. તેમનું માહાત્મ્ય જાણવાથી તેમનામાં આપણો 'આશ્રય' દૃઢ થાય.

શાસ્ત્રમાં શરણાગતિના છ અંગ બતાવવામાં આવ્યા છે. (૧) ભગવાનને અનુકૂળ થઈને રહેવું એવો સંકલ્પ, (૨) ભગવાનને જે કાંઈ પ્રતિકૂળ હોય તેનો ત્યાગ, (૩) પ્રભુ કરશે તે યોગ્ય જ કરશે તેવો દૃઢ વિશ્વાસ, (૪) પ્રભુને પોતાના સ્વામી માનવા, (૫) પ્રભુને સર્વ સમર્પણ કરવું અને (૬) પ્રભુ આગળ દૈન્ય ભાવ રાખવો. આમ છ પ્રકારનો ભાવ રાખવાથી પ્રભુની શરણાગતિ સિદ્ધ થાય છે.

ગીતામાં ભગવાને અંતે અર્જુનને પોતાની શરણાગતિ સ્વીકારવાની સલાહ આપી છે, જેથી તે સર્વ પ્રકારની ચિંતાઓથી મુક્ત થઈ શકે.

કૃષ્ણાશ્રય ગ્રંથમાં પણ શ્રી વલ્લભાચાર્યજી એ સાંપ્રત પરિસ્થિતિનું વર્ણન કરી એકમાત્ર કૃષ્ણની શરણાગતિ સ્વીકારવાની આજ્ઞા કરી છે, જેથી જીવ સર્વ પ્રકારે નિશ્ચિંત થઈ શકે. અષ્ટાક્ષર મંત્ર '**શ્રી કૃષ્ણ શરણં મમ**'ના સતત રટણથી શ્રીકૃષ્ણનો આશ્રય સહજતાથી સિદ્ધ થઈ શકે છે.

૭૪

વિવેક-ધૈર્ય-આશ્રય

ભક્તિ માર્ગમાં પ્રવૃત્ત થવાવાળા પુષ્ટિજીવોને માટે **'વિવેક' 'ધૈર્ય'** અને **'આશ્રય'** એ ત્રણેય મુદ્દા અતિ ઉપયોગી છે. આ શબ્દોની યોગ્ય પરિભાષા શ્રી મહાપ્રભુજીએ **વિવેકધૈર્યાશ્રય** ગ્રંથમાં સમજાવી છે. મનુષ્ય જે પરિસ્થિતિમાં જીવે છે, તેનું નિયંત્રણ તેના પોતાના હાથમાં હોતું નથી. તેથી શ્રી મહાપ્રભુજી દ્વારા નિર્દિષ્ટ ઉપદેશને આત્મસાત્ કરવામાં આવે તો, ભગવત્સેવા કરવામાં બાધા આવે નહીં.

શ્રી મહાપ્રભુજીના મતે-'શ્રી હરિ બધુ પોતાની ઈચ્છાથી કરશે' તેમ સમજવું તેનું નામ **'વિવેક'**; આમરણ ત્રણેય પ્રકારના દુઃખો-આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક ને સર્વત્ર સદાય સહન કરવાં તેને **'ધૈર્ય'** કહેવાય અને આ લોકમાં તેમજ પરલોકમાં બધી રીતે શ્રી હરિ જ એકમાત્ર આશ્રયસ્થાન છે, તેમ માનવું તે **'આશ્રય'**

વિવેક, ધૈર્ય અને આશ્રયનો પરસ્પર સંબંધ વિલક્ષણ છે. જેને ભગવત્કૃપાથી ભગવદાશ્રય સિદ્ધ થઈ જાય તેને વિવેક અને ધૈર્ય આપ મેળે જ સિદ્ધ થઈ જાય છે. 'આશ્રય' એ પુષ્ટિભક્તિનું એક આવશ્યક અંગ છે. ભાગવતજીમાં કહ્યું છે કે 'વિધી-નિષેધ તથા તેનાથી પ્રેરિત વિવિધ કર્મોમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિ, તેમજ જ્ઞાનમાર્ગીય સાંભળવા યોગ્ય તથા સાંભળેલ વિષયોના શ્રવણ-મનન-નિદિધ્યાસન વગેરેની અપેક્ષા રાખ્યા વગર એક માત્ર ભગવાનના શરણમાં સર્વાત્મભાવ સહિત જવું જોઈએ.'

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન સર્વ સમર્થ છે. સર્વના આત્મામાં રહેલા છે અને સર્વાત્મા છે તેમ સમજવું તેને **'વિવેક'** કહેવાય. તેઓ જે કાંઈ કરે છે તે યોગ્ય જ કરે છે, તેથી દૃઢ વિશ્વાસ કેળવી મનુષ્યે પ્રાર્થનાની વૃત્તિ, અભિમાનની વૃત્તિ, હઠની વૃત્તિ અને આગ્રહની વૃત્તિ ત્યજી દેવી જોઈએ. આ રીતે વિવેકનું પાલન કરીએ ત્યારે અનેક પ્રકારના દુઃખો ઉત્પન્ન થવા સહજ હોય, તે ભગવદ્ ઈચ્છા માની સહન કરવા જોઈએ.

૭૫

અનન્યાશ્રય

ભગવાન ગીતાજીમાં કહે છે–'જેઓ **અનન્યભાવે** મારું ચિંતન કરતાં મારી ઉત્તમ રીતે ઉપાસના કરે છે તે નિત્ય સંયુક્ત એવા ભક્તોના યોગ (અપ્રાપ્યની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તિની રક્ષા)નો ભાર હું ઉઠાવું છું.' સ્વામી પ્રત્યે સેવકની અનન્ય ભક્તિ હોવી જોઈએ. ભગવાને એમ પણ કહ્યું છે : 'જે બીજામાં ચિત્ત ન રાખતાં નિરંતર નિત્ય મારું સ્મરણ કરે છે તે નિત્ય યુક્ત યોગીને હું સુલભ થાઉં છું.' અહીં પણ **'અનન્યાશ્રય'** કેળવવાનો જ બોધ આપ્યો છે.

પુષ્ટિમાર્ગ **'પ્રેમલક્ષણાભક્તિ'**નો માર્ગ છે. પ્રેમમાં **'અનન્યતા'** આવશ્યકતા છે. લૌકિકમાં પણ સ્ત્રીનો પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ અનન્ય હોવો જોઈએ. અન્યથા તે વ્યભિચારિણી કહેવાય તેમ ભક્તિ પણ 'અવ્યભિચારી' હોવી જોઈએ. ભાગવત કહે છે કે કૃષ્ણ જ 'ભગવાન' છે, બાકી દેવી–દેવતાઓ તેમના અંશ કલારૂપ અવતારો છે. તેથી જ શ્રી મહાપ્રભુજીએ એક માત્ર શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારવાની આજ્ઞા કરી છે. ભગવાન પણ અર્જુનને ગીતામાં **'મામેકં શરણ વ્રજ'** કહે છે, તે સાર્થ છે. માટે જ શ્રીકૃષ્ણનો જ અનન્યાશ્રય કરવો જોઈએ.

અન્ય સર્વે દેવી–દેવતાઓ એ ભગવાને શ્રીકૃષ્ણે જ લીધેલા વિવિધ રૂપો છે. જેતે અવતારોમાં જે તે કાર્ય કરવા જેટલા સામર્થ્યને ધારણ કરી તે દેવ રુપે પ્રભુ પ્રકટ્યા છે. પરંતુ કૃષ્ણાવતારમાં તેઓ પોતાના **'સર્વભવન સામર્થ્ય'** સાથે પ્રકટ થયા છે. માટે જ શ્રી મહાપ્રભુજી શ્રીકૃષ્ણનો જ અનન્યાશ્રય રાખવા ઉપદેશ આપે છે. આનો અર્થ, અન્ય દેવી–દેવતાઓનો અનાદર કરવો તેમ નથી. જેમ આપણે આપણા વડિલો, ગુરુજનો ઈત્યાદિનો આદર કરીએ છીએ, તેમ સર્વ દેવતાઓનું પુરેપુરા આદર સાથે સન્માન કરવું જોઈએ, વંદન કરવું જોઈએ. પરંતુ માત્ર શ્રીકૃષ્ણમાં જ અનન્ય ભાવ કેળવવો જોંઈએ.

૭૬

સેવા

'સેવા' પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલીનું એક અનિવાર્ય અંગ છે. સેવા એ સેવકનો એક 'સહજ ધર્મ' છે તો તે સ્વામીને પ્રસન્ન કરવાનું **'સાધન'** પણ છે. શરણાગતિ અને સમર્પણ પૂર્વક ભગવાનની સેવા **'ભક્તિ'**માં પરિણમે છે.

જીવ ભગવાનનો **અંશ** છે. ભગવાન **અંશી છે, સ્વામી** છે. સ્વામીની સેવા કરવી એ **'દાસ ધર્મ'** છે. આપણે ભગવાનના દાસ હોવાની કબુલાત બ્રહ્મસંબંધ કરતી વખતે કરીએ છીએ. તેથી ભગવાનની સેવા કરવી આપણો સહજ ધર્મ બને છે. જેવી રીતે લગ્ન કરતાં પતિની સેવા કરવી એ પત્નિનો સ્વાભાવિક ધર્મ છે, તેવી રીતે બ્રહ્મસંબંધ એ જીવનો પ્રભુ સાથેનો લગ્નવત્ સંબંધ છે અને શ્રી કૃષ્ણ આપણા પતિ છે, માટે તેમની સેવા કરવી તે આપણું કર્તવ્ય છે. સેવા દ્વારા આપણી 'અહંતા' અને 'મમતા'નો પ્રભુને વિનિયોગ કરાવવાનું પ્રયોજન છે, માટે આપણા તન અને ધનથી **'તનુવિત્તજા'** સેવા જે સાધનરૂપ સેવાછે, તે કરવી જોઈએ. તે કરતાં કરતાં આપણું ચિત્ત પ્રભુમાં જોડાઈ જાય ત્યારે **'માનસી સેવા'**ની ઉચ્ચતમ અવસ્થા પ્રાપ્ત થાય છે. આમ **'માનસી સેવા'** સિદ્ધ થવી એને જ પુષ્ટિમાર્ગમાં ફલ માનવામાં આવ્યું છે.

શ્રીકૃષ્ણ એ જ સ્વયં ભગવાન છે, જેમની સેવામાં સર્વ દેવી-દેવતાઓની સેવા સમાહિત છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજીએ **'કૃષ્ણ સેવા'**ની જ આજ્ઞા કરી છે. પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની કોઈપણ પુષ્ટિલીલાના સ્વરૂપને **'સેવ્ય'** ગણવામાં આવે છે. તેઓ કહે છે-**'ભગવાનેવ ફલમ્'** ભગવાન જ **'ફલ'** છે. સેવા દ્વારા અન્ય કશું પ્રાપ્ત કરવાનું પ્રયોજન નથી. ભગવાનની સતત સેવા પ્રાપ્ત થાય તે જ જીવનનું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ. માટે પુષ્ટિમાર્ગમાં **'સેવાનું ફલ સેવા'** જ કહ્યું છે.

૭૭

કૃષ્ણ સેવા સદા કાર્યા

પુષ્ટિમાર્ગીય સાધાનાપ્રણાલીમાં **'ભગવદ્ સેવા'**ને મહત્વ આપવામાં આવ્યું છે. ચતુઃ શ્લોકી ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી એ 'હંમેશા સર્વભાવથી વ્રજના અધિપતિ શ્રી કૃષ્ણનું ભજન કરવું' તેને **'ધર્મ પુરુષાર્થ'** બતાવ્યો છે. અહીં ભજન 'સેવા'ના અર્થમાં છે. સેવામાં બે મહત્વના મુદ્દા છે. (૧) સેવા કોની કરવી ? અને (૨) સેવા કોણે કરવી ? જેની સેવા કરવામાં આવે તેને **'સેવ્ય'** કહેવાય, અને જે સેવા કરે તેને **'સેવક'** કહેવાય. **સેવા** દ્વારા 'સેવ્ય' અને 'સેવક'નો સંબંધ બંધાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ, સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં સેવાનો સિદ્ધાંત સમજાવ્યો છે. તેને તેઓ **'સ્વ સિદ્ધાંત'** કહે છે.

ભક્તિની વ્યાખ્યામાં આપણે જોયું કે માહાત્મ્ય જ્ઞાનપૂર્વક ભગવાનમાં સર્વતોધિક સુદૃઢ સ્નેહનું નામ 'ભક્તિ' છે. ભક્તના ભક્તિભાવને અભિવ્યક્ત કરવાનું માધ્યમ **'સેવા'** છે. તેથી જ તેઓ કહે છે **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**. 'કૃષ્ણ સેવા' એ શ્રી મહાપ્રભુજીનો 'સ્વ સિદ્ધાંત' છે. 'કૃષ્ણ' ફલાત્મક નામ છે. કૃષ્ણની સેવા દ્વારા 'કૃષ્ણ'ને પ્રાપ્ત કરવા તે પુષ્ટિમાર્ગમાં 'લક્ષ' છે. બીજા કોઈ ફળના સાધન તરીકે કૃષ્ણ સેવા બતાવવામાં આવી નથી.

'બ્રહ્મ'નું 'સાકાર સ્વરુપ' 'કૃષ્ણ' છે, અને કૃષ્ણની વ્યાપકતા ને 'બ્રહ્મ' કહે છે. તત્વતઃ બંને એક જ છે. બ્રહ્મ 'અનંત' છે. અસીમ છે, પંરતુ જયારે તે 'સાકાર' સ્વરુપ ધારણ કરે છે, તેને 'કૃષ્ણ' કહે છે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મના સાકાર સ્વરૂપને સેવ્ય ગણવામાં આવ્યું છે. શ્રુતિ બ્રહ્મને 'રસો વૈ સઃ' કહે છે. **'આનંદ'** રસ રુપ છે. કૃષ્ણ તેનું ઘનીભૂત સ્વરુપ છે. કૃષ્ણ સ્વરુપ આનંદાત્મક હોઈ તેની 'સેવા' પણ આનંદાત્મક જ હોય, તેથી તેને માણી શકાય.

શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણ સેવા સદા કરવાની આજ્ઞા કરી છે. તેનું તાત્પર્ય એ છે કે આપણે 'કૃષ્ણ સેવા'ને આપણી જીવન પ્રણાલીનું અંગ બનાવવું જોઈએ. આપણા જીવનની બધી જ પ્રવૃત્તિઓમાં જો કૃષ્ણ કેન્દ્ર સ્થાને હોય તો આપણી ચિત્તવૃત્તિ સદા શ્રી કૃષ્ણમાં રહે.

૭૮

સેવા ફલ

પુષ્ટિભક્તિની કામનાનો વિષય કેવળ 'ભગવાન' હોય છે.

તેથી જ શ્રી મહાપ્રભુજી પોતાના 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથમાં સ્પષ્ટપણે કહે છે, '**ભગવાનેવ ફલમ્.**' ભગવાન ભક્તોની મનોકામના પૂર્ણ કરવા બે રીતે પ્રગટ થાય છે. (૧) '**સ્વરૂપ**'થી, જેમાં ભગવાનના દર્શન, સ્પર્શ, ક્રીડા વગેરે થઈ શકે તેમ તેઓ ભક્તોની વચ્ચે પ્રગટ થાય છે, અને (૨) '**ગુણ**'થી, જ્યારે ભગવાનના ગુણાનુવાદ કરવામાં આવે ત્યારે ભગવાન ભક્તના હૃદયમાં પ્રગટ થાય છે. એ બંને પ્રકારે ભગવાન જ્યારે પ્રગટ થાય ત્યારે ભક્ત પોતાના દેહ, પ્રાણ, અંતઃકરણ, આત્મા સહિત ભગવાનના આનંદનો અનુભવ કરે છે. ભગવાનની સેવાનું પ્રયોજન ભગવાનનો આનંદ પ્રાપ્ત કરવાનું છે.

શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિભક્તિના ત્રણ 'ફલ' બતાવ્યા છે. (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ.

અલૌકિક સામર્થ્ય : ભગવાન જ્યારે જીવ પર અત્યધિક અનુગ્રહ કરે ત્યારે તેને એક વિશેષ પ્રકારનું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થાય છે, જે આ લોકમાં મળી શકતું નથી અને જેના કારણે પરલોકમાં આલોકની બાધા ઉત્પન્ન થતી નથી.

સાયુજ્ય : પુષ્ટિ ભક્ત ક્યારેક ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં વિલય પામે છે, અર્થાત્ તેમાં લીન થઈ જાય છે, તેને '**સાયુજ્ય**' કહે છે. આ 'વિદેહ મુક્તિ'નો પ્રકાર છે. ભગવાન ઈચ્છે ત્યારે પુનઃ જીવને પોતાના સ્વરૂપમાંથી બહાર પ્રકટ કરીને પોતાના અલૌકિક ધામમાં દિવ્ય દેહ ધારણ કરાવી પોતાની લીલાનો અનુભવ કરાવે છે.

વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ : ભક્ત દેહાવસન પછી ભગવાનના દિવ્ય ધામોરમા વૈકુંઠ આદિમાં સેવા કરવા યોગ્ય નૂતન દેહની પ્રાપ્તિ કરે છે. જે જીવોનું વરણ 'પુષ્ટિ પ્રવાહ' રૂપે થયું છે તેને આ પ્રકારનું ફલ

૭૯

નિરોધ

'પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ' એટલે **નિરોધ.** જગત સંપૂર્ણપણે ભૂલાઈ જાય અને ચિત્ત ભગવાનમાં આસક્ત બની જાય, તેને 'નિરોધ' કહેવાય. યોગનું લક્ષણ ચિત્તવૃત્તિઓનો નિરોધ છે, પરંતુ પુષ્ટિભક્તિરૂપ નિરોધ શ્રીકૃષ્ણના સંયોગ અને વિયોગની ઉંડાઈથી અનુભૂતિ કરવા માટે છે. કેવળ ચિત્તવૃત્તિ જ નહીં, પણ દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, આત્મા તથા અન્ય આત્મીય વસ્તુ અને પરિજનોનો શ્રીકૃષ્ણના ભજનમાં કે સેવામાં વિનિયોગ કરવો એ જ '**પુષ્ટિમાર્ગીય નિરોધ**' છે.

ભક્ત જેમ જગતને ભૂલીને ભગવાનમાં આસક્ત બની જાય તેમ ભગવાન પણ ભક્તમાં આસક્ત થતા હોવાના, અનેક પ્રસંગો ભાગવતના દશમ્ સ્કંધમાં વર્ણવામાં આવ્યા છે. માટે જ તેને '**નિરોધ લીલા**' કહે છે.

અવતાર કાલમાં ભગવાન પોતાના પ્રકટ સ્વરુપથી પોતાની લીલા દ્વારા ભક્તને આસક્ત કરે છે. પરંતુ અનવતાર કાલમાં સ્વગૃહમાં કરવામાં આવતી ભગવત્સેવાને પુષ્ટિભક્તિમાર્ગમાં ભગવલ્લીલાની પ્રત્યક્ષ અનુભૂતિ માનવામાં આવે છે. જેટલો સમય ભક્ત ભગવત્સન્મુખ હોય છે, તેટલો સમય પ્રકટલીલાત્મક ભગવત્સેવા નિરોધનું કારણ બનતી હોય છે, જ્યારે સેવાના અનવસરમાં ભગવાનના ગુણાનુવાદ-કિર્તન તેના નિરોધનું કારણ બને છે. ભગવાનના ગુણોના એક ચિત્તે કરવામાં કિર્તન દ્વારા પણ ભક્તને જગતનું વિસ્મરણ થઈ જતાં તેને ભગવદાસક્તિ થઈ જતી હોય છે. એને જ શ્રી મહાપ્રભુજી નિરોધ બતાવે છે.

શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં કહે છે કે પ્રાણીઓમાં જાતજાતની વૃત્તિઓ હોય છે. દશ કર્મેન્દ્રિયો-જ્ઞાનેન્દ્રિયોની, ચાર અંતઃકરણની, દેહ સંબંધી, પ્રાણ સંબંધિ અને આત્મા સંબંધી બધી વૃત્તિઓને ભગવદ વિષયક બનાવવાથી સર્વભવન સમર્થ-સર્વભાવાપન્ન ભગવાન પ્રસન્ન થાય છે. એને જ '**ભૂમાસુખ**' અથવા **સર્વાત્મભાવ** કહેવામાં આવે છે.

(૮૦)

સર્વાત્મ ભાવ

ભગવાનમાં થતાં નિરુપાધિક ઉત્કૃષ્ટ સ્નેહને **'સર્વાત્મભાવ'** કહેવામાં આવે છે, જે વ્યસન દશા પછીની ભક્તને પ્રાપ્ત થનારી સ્નેહયુક્ત ભક્તિની એક વિશિષ્ટ અવસ્થા છે. ભક્ત ભગવત્સેવા અને કથા દ્વારા ઉત્પન્ન થનારી ભગવદાસક્તિને કારણે જ્યારે તેની બધી ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહ, પ્રાણ, આત્મા અને એ બધાની વૃત્તિઓ દ્વારા તેને ભગવાનના સ્વરુપાનન્દનો અનુભવ થવા લાગે છે, ત્યારે તે ભગવાન સિવાય અન્ય સર્વ કાંઈ ભૂલી જાય છે. જડ–જીવાત્મક જગત જે વસ્તુતઃ ભગવદ્ રુપ જ છે, તેનો તેને અહેસાસ થવા માડે છે. તેને સર્વ કાંઈ સચ્ચિદાનંદાત્મક–બ્રહ્માત્મક દેખાવા લાગે છે. તે સ્થિતિને **'સર્વાત્મભાવ'**ની અવસ્થા કહે છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જેનો બીજ ભાવ દૃઢ થઈ ગયો હોય તેનામાં ઉત્તરોત્તર **પ્રેમ, આસક્તિ** અને **વ્યસન** દશા પ્રાપ્ત થતાં તે ભગવાનના વિરહની તીવ્ર અનુભૂતિ કરવા માડે છે. તનુ–વિત્તજા સાધન રૂપ સેવાના પરિપાક રૂપે જ્યારે ભક્તનું ચિત્ત સંપૂર્ણપણે ભગવાનમાં જોડાઈ જાય ત્યારે તેને **'માનસી સેવા'** સિદ્ધ થઈ જાય છે. તેના હૃદયમાં ભગવત્સ્વરૂપનું આન્તર્ ભજન થવા લાગે છે. આથી એક ડગલુ આગળની અવસ્થા એટલે **'સર્વાત્મભાવની સિદ્ધિ'**. એવા ભક્તને સર્વત્ર ભગવદ્ ભાવ પ્રગટ થઈ જાય છે તે.

ઉપરોક્ત સર્વાત્મભાવની અનુભૂતિ 'પુષ્ટિભક્તિમાર્ગ'માં થતી હોય છે, તેમ 'મર્યાદામાર્ગ'માં પણ 'સર્વાત્મભાવ' પ્રગટ થતો હોય છે, જેમાં જ્ઞાનમાર્ગીય ભક્તને આત્માથી અને તે પણ **'બ્રહ્માનંદ'**ની અનુભૂતિ થતી હોય છે; જ્યારે પુષ્ટિભક્તિમાર્ગીય સર્વાત્મભાવમાં ભક્તની બધી ઈન્દ્રિયો, અંતઃકરણ તેમજ આત્માથી તે ભજનાનન્દની અનુભૂતિ કરે છે. તેથી જ પુષ્ટિભક્તિમાર્ગીય સર્વાત્મભાવ મર્યાદામાર્ગીય સર્વાત્મભાવ કરતાં શ્રેષ્ઠ ગણાય છે.

સત્સંગ

'સત્સંગ'નો સીધો અર્થ છે–સત્પુરુષોનો, સાધુનો સંગ. 'સત્સંગ' એ આત્માનો ખોરાક છે. જેમ પૌષ્ટિક ખોરાક શરીરને નિરોગી બનાવે છે તેમ સત્સંગ આત્માનું પોષણ કરે છે. પરંતુ જેનો આપણે સંગ કરીએ તેનો પોતાનો ભાવ કેવો છે તે જાણવું મહત્ત્વનું છે.

શ્રી વલ્લભાચાર્યજીએ ભિન્ન ભિન્ન ભાવવાળા વક્તાઓ જેની વાણી ઉપકારક બની શકે અથવા નુકસાનકારક નીવડે તેનો ઉપદેશ પોતાના **'જલભેદ'** નામક ગ્રંથમાં આપ્યો છે, તે જાણવો અત્યંત જરૂરી ગણાય, કારણ કે વક્તાની વાણીનો પ્રભાવ સંગ કરનાર કે સાંભળનાર પર થતો હોય છે.

શ્રી મહાપ્રભુજી પ્રેમયુક્ત અને સર્વ સંદેહનું નિવારણ કરે તેવા ભગવદિયોનો, પોતાના અલૌકિક જ્ઞાન વડે શ્રીહરિના ગુણાનુવાદ કરનારનો, નવધા ભક્તિથી પૂર્ણ પ્રેમવાળા ભક્તોનો, જેઓ અનેક જન્મ વડે ભાવમાં અભિવૃદ્ધિ પામેલા હોય તેવા મહાપુરુષોનો સંગ કરવાની આજ્ઞા કરે છે. જેઓ નિરપેક્ષ ભાવથી ભગવદ્ ગુણાનુવાદ અથવા કથા–કિર્તન કરતાં હોય, ભગવત્શાસ્ત્રોમાં પંડિત હોય, તેના સંગથી પુષ્ટિભાવનું પોષણ થાય તેમ તેઓ કહે છે.

કેટલાક અનેક દેવોની ઉપાસના કરનાર અને પોતાના ઉદર નિર્વાહ માટે સત્સંગ કરાવતાં ઉપદેશક હોય છે, જે તેમના સંગ કરનાર માટે તેના ભાવપોષક બની શકતાં નથી, તો કેટલાક વળી માયાવાદી, વિચારધારાના પોષક આડંબરી સાધુ હોવાનો ડોળ કરનાર વ્યક્તિ હોય છે. તેવાનો સંગ સર્વભાવનો નાશ કરનારો હોઈ ત્યાજ્ય ગણાય. આમ સત્સંગની આવશ્યકતા હોવા છતાં, તેમાં વિવેક આવશ્યક ગણાય.

શુદ્ધાદ્વૈત ધર્મદર્શન

શ્રી વલ્લભાચાર્યજીની સૈદ્ધાંતિક વિચારધાર **'શુદ્ધાદ્વૈત વેદાંત'** અથવા **'સાકાર બ્રહ્મવાદ'** તરીકે ઓળખાય છે. તેમણે વેદાદિ શાસ્ત્રોના આધારે જીવ-જગત-જગદીશના સ્વરૂપને પોતાના દૃષ્ટિકોણ મુજબ સમજાવ્યા છે. આ એમનું **'તત્ત્વદર્શન'** છે. એ વૈચારિક સિદ્ધાંતોનો મનુષ્યના જીવનમાં વ્યવહારિક ઉપયોગ વિશેનું ચિંતન, આચાર, પ્રણાલી તે તેમનું **'ધર્મદર્શન'** છે. 'તત્વજ્ઞાન' 'તત્વ' વિશેનું અન્વેષણ, મનોમંથન અને સિદ્ધાતં નિર્દેશન કરે છે, જ્યારે તેનો વ્યવહારિક ઉપયોગ-આચરણ, તે ધર્મના નામથી ઓળખાય છે. આમ સૈદ્ધાંતિક વિચારોને આચરણમાં મૂકવું તેને **'ધર્મ'** કહે છે. અર્થાત્ 'તત્ત્વ દર્શન'નું વ્યવહારિક સ્વરૂપ તે 'ધર્મદર્શન'. શ્રી વલ્લભાચાર્યજીના ધર્મદર્શનનું નામ છે-**'પુષ્ટિમાર્ગ'**

કોઈક વિદ્વાને સાચું જ કહ્યું છે- 'સાકાર બ્રહ્મવાદ' વિના **'પુષ્ટિ ભક્તિ'** અંધશ્રદ્ધામાં બદલાઈ જવાની સંભાવના છે. તેમજ 'પુષ્ટિભક્તિ' વગર **'સાકાર બ્રહ્મવાદ'**ની દૃષ્ટિ 'પંગુવિશ્વાસ'ની ઘોતક હશે. તેથી પુષ્ટિભક્તિમાર્ગ પર ચાલવા સાકાર બ્રહ્મવાદી દૃષ્ટિકોણ અપનાવવાની આવશ્યકતા છે. માટે 'શુદ્ધાદ્વૈત વેદાંત' જાણ્યા પછી અંતિમ લક્ષ સુધી પહોંચવા માટે પુષ્ટિભક્તિ માર્ગે ચાલવું આવશ્યક ગણાય. **તત્વદર્શન** અને **ધર્મદર્શન** એ બન્ને, એક રથના બે પૈડા છે. તેનું સામંજસ્ય આવશ્યક છે.

માટે જ શ્રી વલ્લભાચાર્યજી પોતાના નિબંધ ગ્રંથની શરૂઆતમાં જ આજ્ઞા કરે છે **'શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ'**. 'શાસ્ત્રમ અવગત્ય' 'તત્ત્વદર્શન' સમજવાની આજ્ઞા છે, જ્યારે 'કૃષ્ણ સેવ્ય' એ ધર્મદર્શન-આચરણની આવશ્યકતાનો નિર્દેશ છે.

'શાસ્ત્રં અવગત્ય'માં 'વલ્લભવેદાંત'ના અભ્યાસની આવશ્યકતાનો નિર્દેશ છે. 'કૃષ્ણ સેવ્યઃ' પુષ્ટિમાર્ગીય આચરણનું મહત્વ સમજાવે છે.

આવો, શ્રી વલ્લભના વિચારો જાણીએ

પુષ્ટિ જીવન દર્શન

'પુષ્ટિમાર્ગ' એ માત્ર કોઈ ધર્મ કે સંપ્રદાય નથી. પરંતુ એક વિશિષ્ટ 'જીવનપ્રણાલી' છે. ભગવાને જે જીવનું **'પુષ્ટિજીવ'** તરીકે વરણ કર્યું છે, તેને આ માર્ગમાં રૂચી થાય છે. માર્ગરુચી એ પુષ્ટિમાર્ગનું પહેલું પગથીયું છે. ભગવાનની કૃપા પ્રત્યક્ષ જોઈ શકાતી નથી, પરંતુ પુષ્ટિમાર્ગને જાણવાની ઈચ્છા, તેની પ્રણાલીને અપનાવવાની તત્પરતા, તેના ગ્રંથોનો અભ્યાસ ઈત્યાદિ ભગવદ્ કૃપાનું 'પ્રમાણ' છે.

ભગવદીયોના સત્સંગ દ્વારા પુષ્ટિજીવમાં રહેલા 'પુષ્ટિબીજ'ને જ્યારે પોષણ મળે છે, ત્યારે તે પાંગરવા લાગે છે. ઉત્તરોત્તર તેમાં વૃદ્ધિ થાય છે. તેને પોતાને 'બ્રહ્મસંબંધ દીક્ષા' ગ્રહણ કરવાની ઈચ્છા જાગે છે, અને તે અનુકૂળતા મુજબ કોઈ વલ્લભ કૂલ આચાર્ય દ્વારા દીક્ષા પ્રાપ્ત કરે છે. પોતાના સાધન, વ્યવહારિક જવાબદારીઓ અને અનુકૂળતાને ધ્યાનમાં રાખી તદનુરુપ કોઈ 'ભગવદ્ વિગ્રહ'ને પુષ્ટાવી સેવા ક્રમ શરૂ કરે છે. પોતાની લૌકિક જવાબદારીઓને વહન કરતાં પોતાના સામર્થ્ય તથા અનુકૂળતા પ્રમાણે તે પુષ્ટિમાર્ગીય જીવન પ્રણાલી મુજબ જીવવા પ્રયત્ન કરે છે.

પુષ્ટિમાર્ગમાં અસદાલાપ, અન્યાશ્રય, અસમર્પિતનો ઉપભોગ અને દુ:સંગ બાધક બતાવ્યા છે, કારણ કે તે જીવને ભગવાનથી વિમુખ–બહિર્મુખ બનાવે છે. બ્રહ્મસંબંધ દીક્ષા દ્વારા પુષ્ટિજીવનો ભગવાન સાથે **'અલૌકિક ગૃહસ્થાશ્રમ'** શરૂ થાય છે. ભગવદ્ સેવા, સ્વામીની પ્રસન્નતા માટે પોતાનું જીવન સમર્પી દેવું, તે તેનું 'મુખ્ય કર્તવ્ય' બને છે. ભગવદ્ ગુણાનુવાદ, ભગવાનનો દૃઢાશ્રય, ભગવાનને સર્વવસ્તુ વિનિયોગ કરી પોતાના ઉપયોગમાં લેવું અને ભગવદીયોનો સંગ એ પુષ્ટિ જીવનના અનિવાર્ય અંગ છે.

પુષ્ટિજીવનની એ વિશેષતા એ છે કે તેમાં જીવનના પ્રત્યેક કાર્યોના કેન્દ્ર સ્થાને 'કૃષ્ણ' હોવા જોઈએ, જીવનની પ્રત્યેક પ્રવૃત્તિનું પ્રયોજન માત્ર શ્રીકૃષ્ણ હોવા આવશ્યક છે. કારણ કે તેને પામવા એ જ જીવનનું લક્ષ છે.

(૮૪)

નિર્ગુણ ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગના વિશિષ્ટ લક્ષણો

૧. વૈદિક મર્યાદાઓનો સ્વીકાર છતાં તેનાથી બંધાયેલ નથી, અને તેથી જ તે '**પૃથક શરણ માર્ગ**' અથવા '**પૃથક ભક્તિ માર્ગ**' કહેવાય છે.

૨. '**સેવ્ય**' માત્ર પુરુષોત્તમ શ્રી કૃષ્ણ જ છે, અન્ય કોઈ અંશ-કળા કે વિભુતિની પૂજા-ઉપાસના કરવામાં આવતી નથી.

૩. '**ભગવત્સેવા**' એ જ સાધન છે, એ જ ફળ પણ છે. '**તનુવિત્તજા**' સાધન સેવાથી ચિત્તના ભગવાનમાં પ્રવણ દ્વારા ફલરૂપ માનસી સેવા પ્રાપ્ત કરવાની એમાં પ્રક્રિયા છે.

૪. કોઈ લૌકિક ફળ કે 'મોક્ષ' મેળવવાની તેમાં કામના નથી. ભગવાન પ્રત્યેનો '**નિષ્કામ પ્રેમ**' અને '**ભગવદ્ સુખની કામના**' જ મુખ્ય છે.

૫. શાસ્ત્રમાં બતાવેલ દાન, વ્રત, તીર્થ ઈત્યાદિ સાધનો કે પૂજા ઉપાસના વિધી ગૌણ છે. ભગવાન પ્રત્યેનો '**નિર્વ્યાજ પ્રેમ**' અને '**તેમના સુખ**'નો વિચાર જ પ્રમુખ છે.

૬. સેવા કરતાં સેવ્યનું મહત્વ છે. '**સેવ્ય**'ના ભોગે સેવાની પ્રાધાન્યતા નથી.

૭. ભગવાનના માહાત્મ્ય જ્ઞાનપૂર્વક તેમનામાં સુદૃઢ સર્વતોધિક સ્નેહ-એનું નામ જ **ભક્તિ.**

૮. શ્રવણ, કીર્તન, સ્મરણ, સત્સંગ ઈત્યાદિ સેવાના અંગભૂત તેમજ અનુભાવ છે. અનવસરમાં તે આવશ્યક આચરણ છે.

૯. આ સાધન માર્ગ નથી, '**નિઃસાધનતા**'નો માર્ગ છે, તેથી દૈન્યભાવ, દાસભાવ, અનન્યભાવ આવશ્યક છે.

૧૦. બિનશરતી '**શરણાગતિ**' અને '**સમર્પણ**' એ આ માર્ગના પાયા છે.

૧૧. **અસદાલાપ, અન્યાશ્રય, અસમર્પિત** અને **દુઃસંગ** એ આ માર્ગમાં બાધક છે-અવરોધક છે. તેથી તેનો ત્યાગ આવશ્યકતા છે.

૧૨. 'પુષ્ટિમાર્ગ' એક વિશિષ્ટ પ્રકારની '**જીવન પ્રણાલી**' છે.

આવો, શ્રી વલ્લભના વિચારો જાણીએ



(ટાઈટલ પેજ-૨નું અનુસંધાન)

- ભગવાને જગત પોતાની ઈચ્છાથી, પોતાની લીલા માટે પ્રકટ કર્યું છે.
- ભગવાને સ્વ લીલાર્થે અનેક પ્રકારના જીવો-પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા ઈત્યાદિ ઉત્પન્ન કર્યા છે.
- પ્રત્યેક જીવોના સ્વભાવ જુદા, કાર્ય અલગ, રુચિ ભિન્ન, મંતવ્ય પણ જુદા હોય છે.
- પુષ્ટિ જીવો ભગવાનની સેવાના આગ્રહી, મર્યાદા જીવોને વેદ-પ્રતિપાદિત સાધનોમાં આસ્થા, પ્રવાહી જીવોને એશ-આરામ, મોજ-મજા ગમે.
- પુષ્ટિ જીવોનો ઉદ્ધાર તેમની અનન્ય ભક્તિના કારણે ભગવાન સ્વંય કૃપા દ્વારા કરે છે, મર્યાદા જીવો કર્મ-જ્ઞાન-ઉપાસના ઈત્યાદિ સાધનો દ્વારા મોક્ષ પ્રાપ્ત કરે છે, પ્રવાહી જીવો કાયમ જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે.
- પંચ પર્વા વિદ્યા-સાંખ્ય, યોગ, તપ, વૈરાગ્ય અને ભક્તિ દ્વારા જીવની અવિદ્યા દૂર થાય તો તે સંસારના બંધનમાંથી મુક્ત થાય.
- જપ-તપ-દાન-પુણ્ય ઈત્યાદિ સાધન દ્વારા કરવામાં આવતી ભક્તિ ‘મર્યાદા ભક્તિ’ છે.
- ભગવાનનું માહાત્મ્ય જાણી, તેમનામાં અક્ષુણ્ણ પ્રેમ રાખી, તેમની સુખરુપ સેવા તે ‘પુષ્ટિ ભક્તિ’ છે.
- ગૃહસ્થ જીવનની જવાબદારીઓ વહન કરતાં, પોતાની પ્રત્યેક પ્રવૃત્તિના કેન્દ્ર સ્થાને ‘કૃષ્ણ’ને રાખવા તે પુષ્ટિ જીવનની ગુરુચાવી છે.
- **‘ભગવાન જેનું વરણ કરે છે, તેને તેઓ પ્રાપ્ત થાય છે.’ એ શ્રુતિવાક્ય ‘પુષ્ટિમાર્ગ’નો આધાર છે.**

બે શબ્દ

તત્ત્વદર્શન અને **ધર્મદર્શન** પરસ્પર આધારિત છે. 'વલ્લભવેદાંત' શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન છે, પુષ્ટિમાર્ગ પર ચાલવા તે જાણવું જરૂરી ગણાય. વલ્લભવેદાંત સમજયા વગર કદાચ પુષ્ટિભક્તિ અંધશ્રદ્ધા બની રહે. 'પુષ્ટિભક્તિ' આચરણમાં ન હોય તો 'વલ્લભવેદાંત' ઉપકારક ન બને !

'ઉપનિષદ' એટલે 'વેદાંત,' વેદાંતને વ્યાસજીએ ૫૫૪ સૂત્ર રૂપે રજૂ કર્યું છે. તેના પર શ્રીવલ્લભાચાર્યજીએ 'ભાષ્ય'ની રચના કરી છે. તે 'અણુભાષ્ય' તરીકિ ઓળખાય છે. તેને જ 'વલ્લભવેદાંત' કહેવાય છે. તેના આધારે જ તેમણે અનેક પ્રકીર્ણ ગ્રંથો–નિબંધ ઈત્યાદિની રચના કરી છે.

'અણુભાષ્ય' પર શ્રી પુરુષોત્તમજી એ સંસ્કૃતમાં 'પ્રકાશ' નામક ટીકા લખી છે, જેના ૧૩ ગ્રંથો છે. સામાન્ય માણસ માટે તે વાંચવા–સમજવા દુષ્કર ગણાય. અણુભાષ્યના પણ દળદાર ગુજરાતી અનુવાદ પ્રાપ્ત છે, પરંતુ તેનો મર્મ સમજવો તે સામાન્ય વૈષ્ણવ માટે અતિ મુશ્કેલ છે.

આ નાનકડી પુસ્તિકામાં શ્રી વલ્લભાચાર્યજીના ગહન જ્ઞાનનો સરલ ભાષામાં પરિચય કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. વિષય–પ્રવેશ માત્ર તેનો હેતુ છે. આમાં ચંચુપાત કરનારને ભગવદ્ કૃપાથી વિશેષરુચી થયે, એ અથાગ જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાડવાનું કદાચ મન થઈ આવે, એ જ એની ફલશ્રુતિ !

–ડૉ. જયેન્દ્ર સોની